


શોભન આલેખન • કલાકાર-સ્યાવક્ષ ચાવડા

આવતી કાલનાં નાગરિકોનું અગ્રણી માસિક

કુમાર

અંક ૨૬૧મો
સંસ્થાપક · રવિશંકર રાવળ સપ્ટેમ્બર · ઈ. સ. ૧૯૪૫
તંત્રી · બચુભાઈ રાવત



શબરીનું સ્વાગત

ચિત્રકાર · ચંદ્રશંકર રાવળ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)





પ્રકાશન તા. ૧૫-૯-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબઈમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એચ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

બાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, સેંડોઝ સ્ટ્રીટ, મુંબાઈ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



એરોપ્લેન કેમ ઊડે છે એ વિષે આ અંકમાં બીજે આપેલી સમજણ જાણી લીધા પછી આ ઉપરનું ચિત્ર, તેના ઊંચેનીચે જવા વિષે તેમજ ડાબાજમણી ફરવા વિષેની હકીકત સમજાવશે. વિમાનને ઊંચુંનીચું કરવા માટે તેની પૂંછડી પર આવેલાં એલીવેટરોનો ઉપયોગ કરાય છે; અને તેને ડાબું કે જમણું વાળવા માટે પૂંછડી પરનું રડર તથા બે પાંખો પરનાં એઇલેરન કામ આવે છે. આગલા ભાગમાં વિમાનીના પગ આગળના ફુટ-બાર સાથે રડરના તાર જોડાએલા હોય છે. અને હાથમાંના પૈડા સાથે એઇલેરન તથા એલીવેટરના તાર જોડાએલા હોય છે. વિમાનને ઊંચું લઈ જવા માટે વિમાની એ પૈડા વડે પૂંછડી પરના એલીવેટર ઊંચા કરે છે. પરિણામે વિમાન પરથી પસાર થતો હવાનો સપાટો એલીવેટર ઉપર થઇને જવાથી વિમાનની પૂંછડી નીચી ઢળે છે, અને મોઢું ઉંચકાઇને આકાશ તરફ થાય છે ને વિમાન એ દિશામાં–ઊંચે–ધપે છે. મથાળાના નાના ચિત્રમાં આ ક્રિયા દર્શાવી છે. એથી ઉલટું, નીચે ઊતરવા માટે એલીવેટરને નીચે ઉતારે છે, જેથી નીચેની હવાથી વિમાનની પૂંછડી ઉંચકાઈ માથું નીચું ઢળે છે ને વિમાન નીચે ઊતરે છે. વિમાનને જમણું તથા ડાબું ફેરવવાની ક્રિયા દર્શાવતાં ચિત્રો અનુક્રમે નીચલા જમણા ને ડાબા ખૂણામાં આપ્યાં છે. વિમાની ફુટ-બાર દબાવી રડરને જમણી તરફ ફેરવે છે, ને સાથોસાથ હાથપૈડાને જમણી તરફ ફેરવે છે એટલે જમણી પાંખ પરનું એઇલેરન ઉંચકાય છે ને ડાબી પાંખ પરનું નીચે ઢળે છે. આથી, ઉંચકાએલા જમણા એઇલેરન પરના હવાના દબાણથી જમણી પાંખ નીચી ઢળે છે. આ ક્રિયાની સાથે રડર જમણી તરફ ફરી જવાથી વિમાન જમણી તરફ વળી જાય છે. એથી ઉલટી ક્રિયા કરવાથી વિમાન ડાબી બાજુ વળે છે.

ઘડી આજની

· પૃથ્વી ·

સખે ! વિગતપ્રાણ તે સમયને સ્મરીને ફરી
ફરી, વ્યરથ ના દિયો વહી જવા ઘડી આજની.

સરી કર થકી સુદૂર અવ જે નહીં પ્રાપ્ય તે
બની પરમ દર્શને મધુર પ્રીતિનું ભાજન,
અમોઘ બળથી રહ્યું મનઃચક્ષુને ખેંચતું :
પરંતુ રચી ક્યાં રહ્યું અતલ ખાઈ નિષ્કર્મની.

કશી મધુર રાખવી નજર જોડી તેની સહ
રહ્યો અસત વર્તમાન વળી ભાવિ જે નિર્મમ ?

ઉઠો, નયન ભાવનાની દ્યુતિથી કરી પ્રોજ્જ્વલ
ભરી નિજ ભુજા મહીં સરવ કામનાનું બલ,
અને પલકમાં દિશા સકલ આંબી ઠેકી જતી
ઉઠો, ગતિમહીં ધરી વીજની શક્તિને ચંચલ.

સુધન્યતર ભાવિની જનમદાત્રી ધાત્રી સમી
ન વંધ્ય કરવી ઘટે ફલદ તે ઘડી આજની.

રાજેન્દ્ર શાહ

હુન્નરનો પુલ

· ગઝલ ·

બાંધીએ પુલ આપણે દરિયા ઉપર અરમાનના,
થાંભલા નાખી હુનરના, ફોડી પત્થર હામના :

ચાલશે જે પર પ્રજાઓ આવતાં વર્ષો તણી,
દોડતાં વાહન હશે યા ખાસના ને આમના.

વસ્તુમાંથી એક સુંદર સો નવી નિપજાવીએ,
એવી કે પોતાની પાછળ જાય મૂકી નામના.

વારસોથી છે કલાના કો નહીં એહસાનમંદ ?
હો રહીશો ગ્રીસના યા રોમના કે શામના !

એકબેએ સ્વાદ જાણ્યો દ્રાક્ષ ને બાદામનો
તેથી છે આજે બગીચા દ્રાક્ષ ને બાદામના.

જેટલા મુખનો થવા ચાહે અરીસો, ઓ પતીલ,
તેટલા ટુકડા થવા દે જિંદગીના જામના !

'પતીલ'

સાથરા-પંજરે સૂતાં માનવી

(ભજન)

મુડદાં મસાણે સૂતેલ જાગતાં
    કરો સિન્ધુ ! ઘોષને ઘુઘવાટે રે;
એની એ માતનાં ફરજંદ પોઢતાં,
    કિરાતો બ્હેકયા છે જુલમાટે રે !
    સાથરા-પંજરે સૂતાં માનવી.

કોણ હો જોશે રે અમ વિણ, ઉદધિ !
    નીલાં તારાં લોચનના પડાવ રે ?
પૂજારી-ધરતીના છૈયા પૂજતા
    મોજાં કેરાં મન્દિરના ધૂપછાંવ રે;
    સાથરા-પંજરે સૂતાં માનવી.

છતે રે પૂતર મા અમ વાંઝણી,
    રખોલિયા ઊભા, મોલ લુટાય જી !
અમારા વીરડા ને જલ રચાં પારકાં,
    છતે જલ કંઠડા સુકાય જી !
    સાથરા-પંજરે સૂતાં માનવી.

વનની કાઠીની નિર્જીવ નાવડી :
    જલ તારાં ઠેલે એને તીર જી !
આ તો રે આતમપાવડી-માનવી
    એને શાખ્યાં સૂતાં તે કેમ વીર જી ?
    સાથરા-પંજરે સૂતાં માનવી !

એક રે લહરીની સતસંજીવની
    છાંટી છૈયા ઉઠાડો એકવાર જી !
મોતના પાતાળે મરજીવ-દીપ લઇ
    ખોળે એ તો અગોચરની ધાર જી,
    સાથરા-પંજરે સૂતાં માનવી.

સુધાંશુ

ઇર્ષ્યા

બીજાંઓ કેરી સમૃદ્ધિતણી હે
જોઇ રહેનારા દગોથી સન્તૃષ્ણ,
પૂરેપૂરી છે જ ખાત્રી તને, કે
ઈર્ષ્યોત્પાદી તે ન, જે તારી પાસે?

મજારામ રાવળ

જ્યારે મમ અંતરમાં કોઇના
        કરતો મૂદુ વિચાર
હૈયાના ખેતરની સીમા
        વધતી વેંતો ચાર !
ચાર વેંત એ વારિ સીંચશે,
        ઉગશે અમૂલ ધાન,
એનાથી મમ જીવન જીવશે,
        તૃપ્ત થશે મમ-પ્રાણ.
ચારચાર વેંતો કરતાં
        કરતાં આ પૃથ્વિ આખી
મમ અંતરની સીમામાં
        લેવાની ઇચ્છા રાખી.

ગણપતલાલ ભાવસાર

આયરિશ સ્વાતંત્ર્યનો અટંકી યોદ્ધો અને અપ્રતિમ કર્તવ્યપુરુષ

વિલિયમ ઓ'બ્રાયન

એકસરખી એકરતતાથી સ્વદેશની સુદીર્ઘ સેવા કરનારાઓનાં જે વિરલ ઉદાહરણો મળી આવે છે તેમાં આયર્લંડના વિલિયમ ઓ'બ્રાયનનું નામ કદાચ સૌથી મોખરે આવે. પોતાના સત્તરમા જન્મદિવસથી તે છ૬મા વર્ષ સુધી, છ દાયકા લગી એણે આયર્લંડના જાહેર જીવનને મોખરે રહી આજના આયર્લંડ પર અનેક બાબતમાં ચોક્કસ અસર પાડી છે. જિંદગીમાં બે ક્રાન્તિઓ જોનાર એ રાષ્ટ્રભક્તની ભક્તિનું આયર્લંડ માત્ર મધ્યબિંદુ જ નહિ, સમગ્ર વર્તુલ હતું. એણે પોતાનું સર્વસ્વ એ ભક્તિ પર ન્યોછાવર કરેલું.

આયર્લંડના કૉર્ક પરગણાના મેલો નામે ગામડામાં ૧૮૫૨ની બીજી ઑક્ટોબરે એ જન્મેલો. દેશમાં એ વેળા દુકાળ વરતતો હતો. ઉપરાઉપરી બટાટાના બે પાક નિષ્ફળ ગએલા. ટાઈફસ ને ભૂખમરાથી સેંકડો લોકો મોતને મોંએ પડી ચૂકયા હતા, ને એથી બચવા ઘણાખરા અમેરિકા નાસી છૂટયા હતા. ઇંગ્લંડને હાથે શોષણ પામતા આયર્લંડને આ છતાં કશી રાહત નહોતી મળી. તલવારને જોરે આ સ્થિતિ મિટાવવા મેદાને પડનારાઓનો ઈંગ્લંડે ફેંસલો આણી દીધો હતો.

આવા આયર્લંડમાં ઓ'બ્રાયન જન્મેલો. નાનપણથી જ ભાષા અને સાહિત્ય પ્રત્યે એને જ્યાદા ચાહ હતો, એટલે ઊગતી વયથી જ તે પુસ્તકો ને છાપાં મારફત આયર્લંડની પૂર્વ સ્થિતિથી વાકેફ બન્યો. એનું ત્યારનું પ્રિય પુસ્તક તે 'ઓ'કૉનેલ ને એના સાથીઓની સરકારી તપાસ.' નવસો પાનાંના એ ગ્રંથમાં આપેલા, કહેવાતા વિદ્રોહીઓનાં ભાષણો, લેખો ને કાવ્યોના ઉતારાઓનું તે પારાયણ કરતો, ને તે પર અવનવાં સ્વપ્ન ઘડતો—આળસુ કલ્પનાનાં નહિ, પણ ક્રિયાત્મક ચિંતનને પ્રેરક બને તેવાં. પરિણામ એ આવ્યું કે તેના દિલમાં પ્રગટેલા આઝાદીના તણખાને આ પ્રવૃત્તિએ તણખાનું રૂપ આપી દીધું અને તેર વર્ષની નાનકડી વયે તો 'આયર્લંડનો અવાજ' નામનું ચાર પાનાંનું છાપું તેણે ચલાવવા માંડયું.

અભ્યાસમાં યે ઓ'બ્રાયને ઉજ્જ્વલ કારકીર્દિ બતાવેલી. પણ પંદર જ વર્ષની વયે પિતાનું અવસાન થતાં તે આગળ ચલાવવાની ફિકર ઊભી થઈ. એવામાં ૧૮૬૭માં 'ફેનિયન ઉત્થાન' નામનો બળવો થયો. હથિયારોની દુકાનો પર ધાડો પડી. ધાડપાડુઓ પકડાયા ને તેમના કેસ ચાલ્યા. તેના રીપોર્ટ તેણે 'કૉર્ક ડેઈલી હેરલ્ડ'માં મોકલાવી આપ્યા. એ ત્યાં એટલા પસંદ પડયા કે તેની રીપોર્ટર તરીકે નિમણૂક કરવામાં આવી. આથી અભ્યાસનો તેનો પ્રશ્ન ટળી ગયો. તે કૉલેજમાં દાખલ થયો ને લેટિન, ગ્રીક, ગૅલિક, ફ્રેન્ચ, ઈટાલિયન વગેરે ભાષાઓ શીખ્યો અને કાયદાનો પણ અભ્યાસ કર્યો.

એ જ અરસામાં સાહિત્ય તરફ પણ એણે નજર દોડાવી અને ૧૮૭૧માં 'Neath Silver Mask નામની નૉવેલ બહાર પાડી, જેમાં 'શઠં પ્રતિ શાઠયમ્'ના બોધપાઠનો એણે પ્રચાર કરેલો.

પણ આ બધા વ્યવસાયમાં એની પ્રવૃત્તિનું તો એક જ સુકાન રહ્યું હતું, અને તે આયર્લંડનો અનુરાગ. '૬૭માં નિષ્ફળ નીવડેલી ફેનિયન ચળવળનો પુનરુદ્ધાર કરવા વીસથી યે ઓછી વયના આ કુમારને નિમંત્રણ મળે એ વાત પર કોઈ પણ કુમાર હૃદય વારી જવાનું. ઓ'બ્રાયને કશા ક્ષોભ વિના એ કાર્ય સંભાળ્યું, પણ ક્રાન્તિકારીઓની એ સમિતિનો બે વરસ મંત્રી રહ્યા છતાં બીજા સભ્યો જેવા સોગંદ એણે નહોતા લીધા. ફેનિયનોનો એનામાં પૂરતો વિશ્વાસ હતો.

ઈ. ૧૮૭૫માં કૉર્ક છોડી 'ફ્રીમેન્સ જર્નલ'માં જોડાવા તે ડબ્લિન ગયો ને આશા તથા ઉત્સાહ સાથે રંગભરી રાષ્ટ્રદૃષ્ટિવાળા એ યુવાને બે વર્ષમાં તો પત્રકાર તરીકે પોતાની કીર્તિ સ્થાપિત કરી દીધી. અંગ્રેજ જાગીરદારોનાં બમણાં ભાડાંથી ભૂખે મરતા ભાડુઆતોના હવાલ જોવા તે જાતે ઘોડા પર નીકળતો ને પછી આંખે જોયા આબેહૂબ અહેવાલો લખતો. ઈંગ્લંડમાં ડીઝરાએલીની પાર્લામેન્ટમાં આયર્લંડના સ્વરાજ માટે ચળવળ ચલાવતા પાર્નેલ સાથે એમાંથી જ તેને ઓળખાણ થઇ. એવામાં દસ વરસની સજા પછી બીજો એક રાષ્ટ્રનેતા માઇકેલ ડેવિટ પણ છૂટી આવ્યા. એટલે ત્રણેએ ભેગા થઇ જાગીરદારોના જુલ્મનો સામનો કરવા 'લૅન્ડ લીગ' ઊભી કરી ને પાર્નેલ તેનો પ્રમુખ નિમાયો.

લીગની કારોબારીએ ૧૮૮૧માં પોતાના મુખપત્ર રૂપે એક સાપ્તાહિક બહાર પાડવાનો નિર્ણય કર્યો ને તેનું તંત્રીપદ સંભાળવા પાર્નેલે ઓ'બ્રાયનને અનુરોધ કર્યો. તેણે પત્રની નીતિ નક્કી કરતાં પાર્નેલને કહી દીધું: 'જો તમારા પત્રનો ઉદ્દેશ નમ્ર નીતિ અખત્યાર કરવાનો હોય તો એનું તંત્ર હાથમાં લેવા હું તૈયાર નથી.'

પાર્નેલે જવાબ આપ્યો, 'ના, ના, દોસ્ત, તારે જોઇએ એટલી છૂટ તું લેજે ને! તને ને અમને બધાને ફાંસીએ લટકાવવા સુધીની યે તને મંજૂરી છે!' અને ડિરેક્ટરોમાંથી કોઇનાં નામ ન આપતાં બધી જવાબદારી ઓ'બ્રાયન પર જ નાખવામાં આવી.

ઓ'બ્રાયને ૧૮૮૧ના ઑગસ્ટની ૧૩મીએ 'યુનાઇટેડ આયર્લંડ' નામથી એ પત્રની શરૂઆત કરી અને એ જ દિવસથી આયરિશ અખબારનવીશીમાં એક નવું પ્રકરણ ઉમેરાયું. એ અદ્વિતીય હતું. પહેલા અંકના 'અમે પોતે' નામના અગ્રલેખમાં ઓ'બ્રાયને લખેલું:

'સંખ્યાતીત વર્ષોથી આઝાદી અર્થે મોરચો માંડી રહેલી આયરિશ પ્રજાના અમે વારસદારો છીએ. ૧૭૯૮ના સ્વયંસેવકો અમારા દિલમાં ગરૂર પેદા કરે છે '૯૮ના બળવાની અમે નિર્ભીક તારીફ પોકારીએ છીએ. અમારૂં સ્થાન રૉબર્ટ ઇમ્મેટના વધસ્થાનની છત્રછાયા નીચે છે, ને માનવમહાસાગરમાંથી ઓ'કોનેલની વિરાટ મૂર્તિ અમારી નજરથી આથી નથી ખસી શકતી. દિલને સળગાવી મૂકતાં ડેવિસનાં પાનાં અમે વાંચ્યે જઇએ છીએ ને જાલિમગીરીને દફે કરવા નીકળેલા માઇકેલને અમારા ઉદ્ધારક તરીકે સન્માનીએ છીએ. અમારા રાષ્ટ્રપ્રાણની એ ખાખમાંથી હજુ અમે ફેનિયાનિઝમ ફૂટતું જોઇએ છીએ, જેનું અમૃતપાન કરેલા અમારા યુવાનોને નથી વધસ્તંભો કે નથી નારકી જેલયાતનાઓ ઠંડા કરી શક્યા. અમે એ કશું જ નથી વિસર્યા. અને એ દરેકમાં અમે એ જ પવિત્ર, અતૃપ્ત આત્માની ઝાંખી કરીએ છીએ, જેના એકેએક ભોગે, એકેએક દેહપાતે અમને વધુ ને વધુ આગેકદમ ભીડાવ્યાં છે.'

પણ આવું બરછી જેવું લખાણ, આયર્લંડની કબજાગીરી પર મુસ્તાકી અનુભવતુ ઇંગ્લંડ કેમ સાંખી લે? ઓ'બ્રાયનને પકડવામાં આવ્યા. સેંકડો લૅન્ડલીગરો સાથે પાર્નેલ તો એ અગાઉ જ પકડાઈ ચૂકેલો. એ ઉપર 'યુનાઇટેડ આયર્લંડ'નો અગ્રલેખ આવ્યો! '૧૮૮૧માં આયર્લંડનું પત્રસ્વાતંત્ર્ય' શીર્ષક નીચેનું આખું કૉલમ કોરૂં રાખવામાં આવેલું ને એની આસપાસ શોક પ્રદર્શિત કરતી બૉર્ડર મૂકેલી. પત્રમાં ખુલાસો કરેલો, 'આ દમનરાજમાં આ રીતે જ પત્ર ચાલશે; પણ અમને વિશ્વાસ છે કે અમારૂં મૌન અગ્નિની

જેના એ માત્ર બોલ પર આયર્લૅંડની જવાની હસતે મોંએ જાન કુરબાન કરવા તત્પર રહેતી



વિલિયમ ઓબ્રાયન

આયર્લૅંડના આ સૌથી ઝુઝુત્સુ (militant) પત્રકારે બરછીની તીક્ષ્ણતા અને વીજળીના સણકારા જેવી કલમે આયર્લૅંડને સ્વાતંત્ર્યોન્મુખ કર્યું. અઠ્ઠાવીસની ઉમરે એણે 'યુનાઇટેડ આયર્લૅંડ' નામનું સ્વતંત્ર પત્ર કાઢ્યું. એના પહેલા જ અંકના અગ્રલેખ 'અમે પોતે'માં એણે લખ્યું: 'સંખ્યાતીત વર્ષોથી આઝાદી અર્થે મોરચો માંડી રહેલી આયરિશ પ્રજાના અમે વારસદારો છીએ. ૧૮૮૨ના સ્વયંસેવકો અમારા દિલમાં ગરૂર પેદા કરે છે. '૯૮ના બળવાની અમે નિર્ભીક તારીફ પોકારીએ છીએ. અમારા રાષ્ટ્રપ્રાણની એ ખાખમાંથી હજુ અમે ફેનિયાનિઝમ ફૂટતું જોઇએ છીએ, જેનું અમૃતપાન કરેલા અમારા યુવાનોને નથી વધસ્તંભો કે નથી નારકી જેલયાતનાઓ ઠંડા કરી શકી. એ દરેકમાં અમે એ જ પવિત્ર, અતૃપ્ત આત્માની ઝાંખી કરીએ છીએ, જેના એકેએક ભોગે, એકેએક દેહપાતે અમને વધુ ને વધુ આગેકદમ ભીડાવ્યાં છે.'

જીવનથી યે વધુ તાકાતવાન નીવડશે.' પરિણામે પત્રના આખા સ્ટાફને પણ કિલ્મેનહામની જેલમાં ગોંધી દેવામાં આવ્યો. પરંતુ પત્ર તો એ છતાં યે ચાલુ રહ્યું, અને ક્યારેક લિવરપૂલથી, ક્યારેક લંડનથી, ક્યારેક પારીસથી, ક્યારેક ડેરીથી તો ક્યારેક તો ખુદ ડબ્લિનથી જ એ બહાર પડતું રહ્યું!

આ દમનથી દેશમાં અનેક ખાનગી આક્રમક સંસ્થાઓ ફૂટી નીકળી. પાર્નેલને એ રાષ્ટ્રકારણમાં બાધકર્તા જણાઈ ને લિબરલ પક્ષ કંઈ ઉદાર ધોરણ અખત્યારે તો નમ્ર નીતિ અજમાવવાની એણે કબૂલત આપી. સૌનો છુટકારો થયો. ઓ'બ્રાયન પોતાનો અંક બે દિવસ પહેલો બહાર પાડી પારીસ ઊપડ્યો. પણ ત્યાં રવિવારના જ છાપામાં આયર્લૅંડના નવા ચીફ સેક્રેટરી લૉર્ડ ફ્રેડરિક કૅવેન્ડિશ તથા પર્મેનન્ટ અંડર સેક્રેટરી મિ. બર્કનાં ફીનિક્સ પાર્કમાં થએલાં ખૂનના સમાચારો તેણે વાંચ્યા ને રાતની જ મેલમાં લંડન ઊપડી ગયો.

આ ખૂનોને અંગે ચાલેલી તપાસમાં જણાયું કે એના પાછળ કોઇ એકાદ બે વ્યક્તિઓનો નહિ પણ એક આખી ખાનગી મંડળીનો હાથ હતો. એના સભ્યો પોતાને 'Invincibles (અજેય)' તરીકે ઓળખાવતા. કોઇ 'નં. ૧' તેનો નિયામક હતો ને જેમ્સ કેરી તેના નેતા તરીકે કામ કરતો. કુલ ૨૧ જણને પકડવામાં આવ્યા, જેમાં સૌથી પહેલો કેરી જ ફૂટી ગયો.

બીજે દીવસે કોર્ટમાં કેરી આરોપીઓમાંથી દેખાયો, પણ કોઇને વિશ્વાસઘાતનો શક ન આવ્યો. કેરીનું યે દિલ હવે ખૂબ ડંખતું હતું. પણ તેનું મનોસ્વાસ્થ્ય જાળવવા કોર્ટને પાછલે બારણે બ્રાન્ડીના ગ્લાસ ઉપર ગ્લાસ તેને આપવામાં આવતા હતા. કંઈક સ્વસ્થ થતાં ધ્રુજતો, પીધેલો કેરી કોર્ટમાં દેખાયો ને તેને જોતાં જ આરોપીઓનાં મોંમાંથી અરેરાટી નીકળી ગઇ. બધા ચહેરા ક્રોધથી લાલચોળ થઈ ગયા ને પહેલવાન જેવો બ્રેડી તો એટલો ઉશ્કેરાયો કે કેરીનું ગળું ઘૂંટી નાખવા એણે પોતાનો પડછંદ હાથ લંબાવ્યો. લથડિયાં ખાતો કેરી નીચો નમી માંડ એ મોત જેવી ચૂડમાંથી છટકી ગયો. બધા જ આરોપીઓ મૂંગા બની ગયા, કારણ એખલાસનો એક જ અંકોડો તૂટતાં આખી સાંકળનું ભાવી તેમણે તોળી લીધું. કેરીની જુબાની પર પાંચને ફાંસી મળી, ત્રણને જન્મકેદ ને બીજાઓને લાંબીટૂંકી સજાઓ. પરંતુ કેરી પણ બચાવેલી જિંદગીનો આનંદ વધુ ન ભોગવી શક્યો. ૧૮૮૩માં નાતાલ જતી સ્ટીમરમાં નામ બદલાવી એ ઊપડી ગયો; પણ એ જ સ્ટીમરમાં પૅટ્રિક ઓ'ડોનેલ નામના આયરિશ ખેડૂતને તેના દ્રોહની જાણ થઈ ગઇ, ને સ્ટીમરમાં જ, જુલાઈની ૨૯મીએ તેણે એની હત્યા કરી.

ઓ'ડોનેલને ઇંગ્લંડ લાવવામાં આવ્યો, કેસ ચાલ્યો ને ફાંસીની સજા થઈ. સામાન્ય હત્યારાઓ કરતાં આતતાયીઓના ઘાતકો સંમાનપાત્ર હોય છે એ જનવૃત્તિ અનુસાર ઓ'ડોનેલની યે સજા વિરુદ્ધ સર્વત્ર પોકાર ઊઠ્યો. યુનાઇટેડ સ્ટેટ્સે ઇંગ્લંડને આખા કેસની ફરી તપાસ કરવા વીનવ્યું. મહાન ફ્રેન્ચ નવલકથાકાર વિકટર હ્યુગોએ મહારાણી વિક્ટોરિયા પર તેને બચાવવા અરજી કરી. પણ બધા પ્રયાસો લાચાર નીવડ્યા અને ઓ'ડોનેલ ફાંસીએ લટકી ગયો. ઓ'ડોનેલ તો અમર થઇ ગયો; પણ ફૂટેલો કેરી, માત્ર જીવતે જ નહિ પણ મૂઆ પછી યે બદનામ રહ્યો છે. આયર્લૅંડમાં આજે કોઇને મોટામાં મોટી ગાળ દેવી હોય તો 'Cary, the informer' પ્રચલિત છે.

પરિસ્થિતિ બહુ વિષમ બની હતી. સંધિ કરીને છૂટી આવેલા પાર્નેલને અમેરિકાના આયરિશો કાયર ને કાવત્રાખોર તરીકે નવાજતા હતા ને લંડનને ડાઇનેમાઇટથી ઉડાડી મૂકવા ન્યૂ યૉર્કમાં ફંડ એકઠું થતું હતું. પાર્નેલ પણ પોતાના સાર્વત્રિક વિરોધથી એટલો ડરી ગયો હતો કે હોમ સેક્રેટરી પાસે પોતાના રક્ષણની માગણી કરી હતી.

ઓ'બ્રાયને તો પોતાની જૂની પદ્ધતિએ 'યુનાઇટેડ આયર્લૅંડ' ચાલુ કર્યું ને એમાં જેવી ને તેવી ફતેહ મેળવી. પાર્નેલ હવે તેને પાર્લામેન્ટમાં પ્રવેશવા દબાણ કરવા લાગ્યો. ઓ'બ્રાયનને તો એવા જાહેર જીવનનો શોખ પણ નહોતો ને શ્રદ્ધા પણ નહોતી, છતાં પાર્નેલને માન આપી તે ચૂંટણીમાં ઊભો થયો ને ૧૬૧ વિરુદ્ધ ૯૪ મતે ચૂંટાયો.

બરછીની તીક્ષ્ણતા ને વીજળીના સબકારા જેવી જેની કલમે આયર્લૅંડને સ્વાતંત્ર્યોન્મુખ બનાવ્યું

૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૫મીએ ઓ'બ્રાયન હાઉસ ઑવ કૉમન્સમાં બેઠો. એની પહેલી જ ઓળખાણ જોસેફ ચેમ્બરલેન જોડે થઈ. ઓ'બ્રાયન પાર્લામેન્ટથી વિરુદ્ધ હતો. એનું ચાલે તો એ પાર્લામેન્ટને વિખેરી પણ નાખે. પણ એ સાથે એ સંસ્થાનું ઐતિહાસિક મહત્ત્વ તેનામાં માનની લાગણી પેદા કરતું હતું. એ જ સંસ્થાએ રાજા ચાર્લ્સનું જેવાનું માથું વધેર્યું હતું; એ જ સંસ્થાએ હિંદના શોષક હેસ્ટિંગ્સ પર મુકદ્દમો ચલાવ્યો હતો. પણ ઓ'બ્રાયનનો આયર્લૅંડને સ્પર્શતો અવાજ ત્યાં કડવો નીવડ્યો ને ગ્લૅડસ્ટને તેને સસ્પેન્ડ કરવાનો ઠરાવ મૂક્યો તે પસાર થયો. 'હું પ્રવેશ્યો તેથી યે વધુ ખુશીથી હું હાઉસ છોડી જાઉં છું' કહેતો ઓ'બ્રાયન બહાર નીકળી ગયો.

અને પાર્લામેન્ટથી છૂટી એણે ફીનિક્સ પાર્કમાં વાગ્ધારા વહેવડાવવા માંડીઃ 'આ બ્રિટિશ રાષ્ટ્રના હૃદયભાગે આયરિશમેનનું રાષ્ટ્ર આવેલું છે. બ્રિટન સાથેનો તેનો સંબંધ હથિયારોની અછતમાં ચાલતા આંતરવિગ્રહથી લેશ પણ બહેતર નથી. પાર્લામેન્ટમાં જ્યારે તેનો પ્રશ્ન નીકળે છે ત્યારે હમેશાં તેના પર ટકોરો ને પૂર્વગ્રહો વરસે છે. આ સ્થિતિમાં તો અમે રશિયન, ફ્રેન્ચમેન કે રસ્તાના અરબની મૈત્રી કબૂલ કરશું, પણ બ્રિટનની હરગીઝ નહિ.'

એણે પોતાની હદ્દામ ચળવળ ચાલુ રાખી. આખરે એ જ ગ્લૅડસ્ટન રાજકીય ભોગ આપવા તૈયાર થયો. આયર્લૅંડના સ્વરાજનું બિલ એણે પાર્લામેન્ટમાં પેશ કર્યું ને ગંભીર ચેતવણી આપીઃ 'Think, I beseech you, think well, think wisely, think not for the moment but for the years that are to come, before you reject the bill!' પણ ત્રીસ વિરુદ્ધ મતે બિલ ઊડી ગયું.

ઘવાએલા આયરિશો વધુ ઉદ્દામ માર્ગ પ્રત્યે વળ્યા ને એમણે નવી લડતની યોજના અમલમાં મૂકી. એનો નેતા ને રખેવાળ ઓ'બ્રાયન જ હતો. બાલ્ફરે એ યોજના ગેરકાયદે જાહેર કરી. છતાં પોલીસને થાપ આપી ખાનગી સભાઓ તો ભરાયે જ જતી ને તેમાં ઓ'બ્રાયન ગરજતોઃ 'આયર્લૅંડના આ અંગ્રેજ જમીનદારો કદી અમારા લોકોની સામાન્ય કક્ષા પર નથી આવ્યા. ક્રૉમવેલની સરદારી નીચે કત્લ કરતા ને ગીતો ગાતા એમના પૂર્વજો આ ભૂમિ પર ઊતર્યા ત્યારે જેટલા એ જાતે, ભાષાએ ને સહાનુભૂતિએ પરદેશી હતા, એટલા જ આજે યે રહ્યા છે. અમારી ભૂમિનો ત્રણસો વરસનો ઇતિહાસ એમણે રચ્યો છે, પણ એ ઇતિહાસ શાનો બનેલો છે? દુકાળો, આપત્તિઓ, અપમાનો, સજાઓ ને ભૂખમરાનો.'

આખરે ઓ'બ્રાયન ને એક બીજા નેતા મૅન્ડેવિલને પકડવામાં આવ્યા ને ત્રણ મહિનાની સજા થઈ. ડામીચો જેવી એકાંતિક કોટડીમાં એમને પૂરવામાં આવ્યા, માથાં મૂંડી નાખવામાં આવ્યાં ને મુફત મજૂરી લેવાવા માંડી. ઓ'બ્રાયને એ સામે વાંધો ન લીધો, પણ ગુનેગારો જેવો જેલનો પોષાક પહેરવા ને જેલરને સલામ ભરવા સામે વાંધો ઉઠાવ્યો. એને મન એ તમામ રાજકીય કેદીઓના સ્વમાનનો સવાલ હતો. એક રાતે એ સૂતો ત્યારે એનાં સઘળાં કપડાં ઉઠાવી જઈ કેદીનાં કપડાં મૂકી જવામાં આવ્યાં. સવારે તેને ખબર પડી, એટલે પોતાનાં કપડાં પાછાં ન મળે ત્યાં સુધી પથારીમાંથી જ ન ઊઠવાનો તેણે નિર્ણય કર્યો! પરંતુ મિત્રોએ એક અઠવાડિયામાં જ ચોરીછૂપીથી તેને નવાં કપડાં પહોંચાડી દીધાં.

સજા પૂરી કરીને ઓ'બ્રાયન સીધો પાર્લામેન્ટમાં જ ઊપડ્યો. જેલમાંની તેના પ્રત્યેની વર્તણૂકે આયર્લૅંડને તો ઉશ્કેરી જ મૂક્યું હતું, પણ અમેરિકા, ફ્રાન્સ ને જર્મનીમાં યે ખળભળાટ મચાવી દીધો હતો. એ બોલવા ઊભો થયો. હાઉસ પર જાણે વાચાની જાદુગરી છાઈ ગઈ. જેલનો અનુભવ તો ટૂંકામાં જ પતાવી દઈ એ લડતની યોજનાના મુદ્દા ચર્ચવા લાગ્યો. એના પછી બાલ્ફર બોલવાનો હોઈ, 'બાલ્ફર, બાલ્ફર'ની બૂમો પડવા માંડી; પણ આર્થર બાલ્ફર ટ્રેઝરી બેન્ચ પરથી ઊભો જ ન થયો! આ બાબત ઉપસ્થિત થવાનો તેને સ્વપ્ને યે ખ્યાલ ન હતો. એને મન ઓ'બ્રાયન જેલની વર્તણૂક પર બોલશે, એટલે એણે એ પર જ જવાબના મુદ્દા ઘડી રાખેલા.

ઓ'બ્રાયન ત્યાર પછી કૅનેડા ઊપડ્યો ને ત્યાંના ગવર્નર જનરલ લૉર્ડ લૅન્સડાઉનની ઇંગ્લંડમાંની ક્વીન્સ કાઉન્ટીની જાગીરના ભાડુઆતો કેટલા શોષાતા હતા તેનું ત્યાં બયાન આપ્યું. કૅનેડા પહોંચતાં પહેલાં એને સ્ટીમર પરથી જ ડુબાડી દેવાનું કાવતરું થએલું, ને કૅનેડા પહોંચ્યા બાદ ટૉરૅન્ટોમાં તેના ને તેના સાથીઓ પર અનેક હુમલા થએલા. પરિણામે તેની એક પાંસળી ભાંગી ગઈ. પણ લાટ સાહેબની જાલિમગીરી જાહેર કર્યા સિવાય તે પાછો ન ફર્યો.

પાછા ફરતાં તેની તબિયત લથડી ગઈ હતી, પણ ઉત્સાહ ને સહનશક્તિ અનેકગણાં વધી ગયાં. એણે તો આપણા ટિળક મહારાજની જેમ 'પુનશ્ચ હરિઃ ૐ' કરી ફરી છાપાનું કામ આદરી દીધું. ને તરત જ, ૧૮૯૩ના જાન્યુઆરીમાં 'ક્રાઇમ્સ ઍક્ટ' હેઠળ તેને પકડવામાં આવ્યો. ટિપેરેરી મુકામે બે મૅજિસ્ટ્રેટો સામે તેનો કેસ ચલાવવામાં આવ્યો, પણ ત્યાં કોર્ટમાંથી જ એ સટકી નીકળ્યો. પાછળ કૉન્સ્ટેબલો પડ્યા પણ હાથ ન આવ્યો. એ પહેલાં, એણે માન્ચેસ્ટરમાં આયર્લૅંડની તરફેણના એક સભામાં અમુક દિવસે ભાગ લેવાનું વચન આપેલું હતું. એટલે આયરિશ ને ઇંગ્લિશ બંદરો પર તેને પકડવા પાકા જાપતા રાખવામાં આવ્યા.

બંને દેશો ઉશ્કેરાઈ ગયા હતા. દિવસો ને રાતો વીતતી ગઈ ને આખરે સભાની સાંજ આવી. સભાગૃહના દરવાજા બંધ હતા. બહાર લોકોની ઠઠ જામી હતી, જેમાં સેંકડો પોલીસો ને ડિટેક્ટિવો પણ હતા. સભાગૃહ ખૂલ્યું, પ્રમુખે પોતાનું સ્થાન લીધું, પણ ઓ'બ્રાયન ન દેખાયો. બધે નિરાશા ફેલાઈ.

પણ ત્યાં તો ઉત્સાહનો પોકાર ઊઠ્યોઃ 'Heavens! He has got through!' ને ફરફરાએલા તરંગો સાથે ઓ'બ્રાયન વ્યાસપીઠ પર ધસી આવ્યો. પણ તરત જ એને પકડવામાં આવ્યો ને આયર્લૅંડ મોકલી દેવામાં આવ્યો, જ્યાં તેને ચાર મહિનાની સજા મળી. તેની મહાન નવલકથા 'When we were Boys' (અમે કુમારો હતા ત્યારે) આ અરસામાં જ ગૉલવે જેલમાં લખાઈ.

આ જેલમાંથી છૂટી ૧૮૯૩ના જૂનની ૧૧મીએ પારીસની માદામ રાફાલોવિચ સાથે તેણે લગ્ન કર્યાં. ત્યાર બાદ થોડા જ વખતમાં આયરિશ રીપબ્લિકન પાર્ટીમાં ભંગાણ પડ્યું. પાર્નેલ એ ઝગડામાં જ મરણ પામ્યો ને ત્રણ નવા પક્ષ ઊભા થયા. ઓ'બ્રાયનથી આ ફૂટ સહન ન થઈ. ૧૮૯૮ની સાલ આવતાં જ ૧૭૯૮ના બળવાના એ સંવત્સરી પ્રસંગે આયરિશ પ્રજાને એક થવાની હાકલ કરી એણે વેસ્ટપોર્ટ મુકામે 'યુનાઇટેડ આયરિશ લીગ' સ્થાપી. એના સભ્યો પાર્લામેન્ટમાં ગયા. વળી 'યુનાઇટેડ આયર્લૅંડ'ના નવા અવતાર સમું 'ધ આયરિશ પીપલ' એણે શરૂ કર્યું. આ બધા પ્રયાસોથી ૧૯૦૩ના નવેમ્બરમાં પાર્લામેન્ટે 'લૅન્ડ પર્ચેઝ ઍક્ટ' પસાર કર્યો, જેને 'આયરિશ જાતિએ ક્લૉન્ટાર્ફના વિગ્રહ પછી મેળવેલી મહાન ફતેહ' તરીકે ઓવેને ઓળખાવેલી છે. આ ધારાથી ભાડુઆતોનાં ભાડાં વીસથી ચાળીસ ટકા ઘટાડાયાં ને બીજી યે રાહતો મળી.

આયરિશ પત્રકારત્વમાં ચિરંજીવ માર્ગસ્તંભ મૂકી જનાર, એ દેશનો સૌથી યુયુત્સુ પત્રકાર

આ વરાભરી નવાજેશ પછી ઓ'બ્રાયને જાહેર જીવનમાંથી નિવૃત્ત થવાનો વિચાર કર્યો. છાપું બંધ કર્યું ને લીગ તથા પાર્લામેન્ટમાંથી રાજીનામું આપ્યું. પરંતુ કૉર્ક પરગણાએ તેની ગરજ વિરુદ્ધ તેને પાછો પાર્લામેન્ટ માટે ચૂંટ્યો. દાક્તરે પણ હવે તેને નિવૃત્તિ લેવાની સલાહ દીધી એટલે પાર્લામેન્ટમાં રાજીનામું આપી ને ફ્લૉરેન્સ ગયો.


પણ તેની પ્રવૃત્તિપ્રિય પ્રકૃતિ તેને શાનો સખણો રહેવા દે? ૧૯૧૦ના શિયાળામાં એ પાછો ફર્યો ને વળી 'The All-for-Ireland League' સ્થાપી 'કૉર્ક ફ્રી પ્રેસ' છાપું ચાલુ કર્યું. ઍસ્કવીથની લિબરલ સરકાર ત્યારે સત્તા પર હતી એણે આયરિશ બિલ પાછું આણ્યું, પણ આયર્લંડના અંગ્રેજ જમીનદારોથી વસાએલા અલ્સ્ટર વિભાગે સ્વાતંત્ર્ય કરતાં અંગ્રેજ હકૂમતની તરફેણ કરી, એટલે એ બિલમાં અલ્સ્ટરને બાકી રાખવાનો નિર્ણય થયો. સમાચાર મળતાં જ ઓ'બ્રાયને આયર્લંડનો અવાજ રજૂ કર્યો કે 'જો આયર્લંડ એક વખત વિભક્ત બન્યું તો હમેશને માટે વિભક્ત જ રહેશે, ને એ વિભાજન, નકશામાંથી આયર્લંડનું નામોનિશાન ધોઇ નાખશે. આ કામ અમારાં કાંડાં કાપવાથી યે બદતર છે. આયર્લંડના કિનારાની અંદર એકે આયરિશમૅનથી અમે નોખા થવાના નથી.'

એવામાં પહેલું મહાયુદ્ધ ફાટી નીકળ્યું. આયર્લંડના હોમરૂલનો કાયદો તો ૧૯૧૪ના સપ્ટેંબરની ૧૮મીએ પસાર થઈ ગયો, પણ એને અમલમાં મૂકવાનું યુદ્ધ ચાલે ત્યાં સુધી મોકૂફ રખાયું.

થોડો કાળ તો ગુમસુમ વાતાવરણ ચાલ્યા કર્યું, પણ ૧૯૧૬ના ઇસ્ટરના સોમવારે આયર્લંડમાં ઓચિંતો બળવો ફાટી નીકળ્યો. એ ઓચિંતો હતો એટલો જ એવો વ્યવસ્થિત હતો કે આયરિશ ક્રાન્તિના ઇતિહાસમાં પહેલી જ વાર એમાંથી કોઇ ફૂટવા પામ્યો ન હતો. ડબ્લિનની જનરલ પોસ્ટ ઑફિસ પર ધસારો કરી તેના સ્ટાફને બહાર કાઢી બળવાખોરોએ તેને પોતાનું મુખ્ય મથક બનાવ્યું. આયર્લંડનો સફેદ, લીલો, નારંગી એ ત્રિવર્ણો ધ્વજ તેના પર ફરકી રહ્યો અને આયરિશ પ્રજાસત્તાક (Poblacht na L'Eirean)ની ઘોષણા કરતાં હસ્તપત્રો વહેંચાવા માંડ્યાં.

ખૂબ ખુવારી થઈ. માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો ને બળવો દબાવી દઇ ૩૫૦૦ પુરુષો ને ૧૦૦ સ્ત્રીઓની ધરપકડો કરવામાં આવી. બંધબારણે 'કોર્ટ-માર્શલ'ની બેઠકો મળી ને 'પ્રજાસત્તાક સરકાર'ના સાત સભ્યો તથા બીજા આઠ બળવાખોરોને કિલ્મેનહામ જેલ સામે એકસામટા ઠાર કરવામાં આવ્યા.

બળવાખોરો તો પહેલેથી જ ભ્રમમાં નહોતા રહ્યા કે અમારો બળવો સફળ થશે. એમને તો દેશ સમક્ષ બલિદાનનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ મૂકવું હતું. એમના જ શબ્દોમાં કહીએ તો, 'We shall have Ireland illumined with a light, before which even the glory of the martyrs will pale—the light of a deed done and a blow struck for the old land.' અને એમણે બતાવી આપ્યું કે આયરિશ યુવાનો હજી એટલા જ જાં-ફેરોશ છે. જર્મનીના સહકારે આયર્લંડને સ્વતંત્ર કરવાના સર રૉજર કેઇસમેન્ટના પ્રયાસે તેને વધુ પુષ્ટિ આપી. આ વીરોચિત કર્તવ્ય પર ઓ'બ્રાયને પ્રશંસાનાં પુષ્પ વેર્યાં: 'ગમે તેટલી નિરાશ અમારી એ લડતો હશે, પણ આયર્લંડ એ ભૂલી જવાની કૃતઘ્નતા નહિ કરે. ઇંગ્લંડ ભલે એની સફળતાઓ પર ગૌરવ લે; આયર્લંડને એની વીરોચિત નિષ્ફળતાઓ એથી વિશેષ ગૌરવ પેદા કરે છે.'



વિલિયમ ઓબ્રાયન-તરુણ વયે

તેર વર્ષની વયે એણે 'આયર્લંડનો અવાજ' નામનું છાપું શરૂ કરેલું: ઓગણીસની ઉંમરે એને રાષ્ટ્રસ્વાતંત્ર્યની ફેનિયન ચળવળનો પુનરુદ્ધાર કરવાનું નિમંત્રણ મળ્યું; ત્રેવીસમે વર્ષે 'ફ્રીમેન્સ જર્નલ'નો એ તંત્રી થયો ને અઠ્ઠાવીસમે વર્ષે તો 'યુનાઇટેડ આયર્લંડ' નામનું સ્વતંત્ર પત્ર કાઢ્યું.

ઍસ્કવીથે આયર્લંડની તડજોડનું કામ લૉઈડ જ્યૉર્જને સોંપ્યું ને એના લાંબા પ્રયાસોને લીધે ૧૯૨૨ના જાન્યુઆરીની ૭મીએ બંને દેશો વચ્ચે સંધિ થઈ. આયર્લંડને આથી કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ ને યૂનિયન ઑવ સાઉથ આફ્રિકાનો દરજ્જો મળી તે 'આયરિશ ફ્રી સ્ટેટ' બન્યું. પરંતુ ઉત્તરનાં પરગણાંને તો એ સ્ટેટમાંથી બાતલ જ રાખવામાં આવ્યાં.

ડી વેલેરા ને તેની રીપબ્લિકન પાર્ટીએ આ સંધિનો વિરોધ કર્યો. તોફાન પણ કર્યાં. રેલવેના પાટા તેઓ ઉખેડી નાખવા મંડ્યા, સેનેટરોનાં ઘરો બાળી નાખવા લાગ્યા ને તેમની એટલી દહેશત લાગી કે સરકારી માણસોએ પોતાની જાતને રૉયલ ડબ્લિન સોસાઇટી અને નૅશનલ મ્યૂઝિયમમાં ચોકીપહેરા નીચે સલામત રાખવા માંડી, નહિતર વીંધાઈ જ જાત.

ઓ'બ્રાયન પણ પોતાના દેશના આ ભાગલાથી ઊકળી ઊઠેલો, એટલે ખુલ્લી રીતે તે ડી વેલેરાના પક્ષ (ફિયાના ફેલ) સાથે ભળ્યો. એ પક્ષ આયર્લંડને પ્રજાસત્તાક બનાવવાની તરફેણ કરતો એટલા જ ખાતર નહિ, પણ એ સંપૂર્ણ સ્વતંત્રતાનો ચાહક ને આયર્લંડની એકતાનો હિમાયતી હતો એટલા ખાતર. એ પક્ષની આગેવાનીનું આમંત્રણ તેને આવ્યું, પણ એના તબિયત ખૂબ લથડી ગઈ હતી. એનું શરીર હવે એને દગો દેવા લાગ્યું હતું ને ૧૯૨૮ના ફેબ્રુઆરીની ૨૫મીએ ઓચિંતું જ તેનું અવસાન થયું.

રાજકારણમાં ન ઘસડાયો હોત તો ઓ'બ્રાયન પહેલી પંક્તિનો સાહિત્યકાર બનત એવું તેની કલમમાં ઓજસ્ હતું. આયરિશ ઇતિહાસને તેના તમામ રંગદર્શન સાથે વણી લેતી અનેક નવલકથાઓ

દંડ

દામોદરદાસે ફરી એક વાર આખા ઑફિસ-રૂમમાં ચોમેર કાળજીથી નજર નાખી તપાસ કરી જોઈ અને પછી ટેબલ પરની ઘંટડી પર બે ટકોરા માર્યા. ટેબલ તદ્દન સાદું, સુઘડ ને સાફ હતું અને ઉપર જૂજજૂજ કાગળ જ પડયા હતા.

ઘંટડીના જવાબમાં રૂપેન્દ્ર અંદર આવ્યો. ઘઉંવર્ણો ને પાતળો એ જવાન હતો. તેનું એકનું એક બાળક બહુ માંદુ હોવાથી આગલી રાતના ઉજાગરાથી તેની તેજસ્વી આંખો ફિક્કી પડી ગઈ હતી ને મો લેવાઈ ગયું હતું. તેનો ચહેરો જોઈ દામોદરદાસનો વહેમ પાકો થયો.

'રૂપેન્દ્ર', તેમણે કહ્યું: 'પાએક કલાક પહેલાં તમે મારા બૅંકના અંગત ખાતાનો એક ચેક, સેલ્ફ અથવા બેરરનો, લખીને મને આપેલો અને મેં તે પર સહી કરેલી, ખરૂં?'

'જી હા; એ સવાસોનો હતો.'

'તમને યાદ હશે કે પછી અચાનક ટેલીફોન આવવાથી મારે તત્કાલ બહાર જવાનું થયું. એ ચેક ટેબલ પર જ પડયો હતો. ઑફિસમાં તમારા સિવાય કોઈ હતું નહિ; અને જતાંજતાં મેં જોયું કે તમે મારા ટેબલ તરફ વળ્યા હતા.'

'જી હા; મેં આપને ચેક પર સહી કરવા મારી પેન આપી હતી તે આપે એ ચેકને પડખે મૂકી હતી. હું એ પેન લેવા ગયો હતો.'

'હં; પણ મેં આવીને જોયું તો ચેક ત્યાં નથી! ટેબલ પરના બધા કાગળો હું જોઈ વળ્યો તો તેમાં યે નથી. તમને કાંઈ ખ્યાલ આવે છે?'

'બારી ખુલ્લી છે, સાહેબ; એટલે પવનથી કદાચ ઊડીને નીચે પડી ગયો હોય.'

'મને પણ એ જ વિચાર આવેલો. એટલે ઓરડામાં ચોમેર મેં તપાસ કરી જોઇ, પણ જણાયો નહિ. તમે કદાચ—ભલે મારી તકલિફ બચાવવા—બૅંકમાં જઇને એ વટાવી લાવ્યા હો. જોકે એ ગેરવ્યાજબી છૂટ લીધી કહેવાય; તોપણ . . .'

'એવું કરવાનો મને સ્વપ્ને ય ખ્યાલ ન આવે, સાહેબ.'

'જરા ફરી વિચાર કરી જુઓ; કેમકે જો તમે એ ચેક અથવા તેનો અવેજ રજૂ ન કરી શકો તો તમારે તમારી નોકરી ગુમાવવી પડશે—અને કદાચ તમારી આબરૂ પણ.'

રૂપેન્દ્રનું ફિક્કું મોં પણ આ સાંભળી ઘડીભર લાલચોળ થઈ ગયું. તેણે તરત પોતાની તેજહીણી પણ ચકોર આંખો ઓરડામાં ચોમેર બારીકાઈથી ફેરવી અને પછી જરા આછું મલકી લીધું.

'તો તો સાહેબ, હું ચેક જ શોધી કાઢીશ. એ આપની ખુરશીમાં જ પડયો છે ને આપ તેના પર બેસી ગયા છો! તેનો એક છેડો બહાર દેખાય છે.'

ઝાટકો વાગ્યો હોય એમ દામોદરદાસ ઊભા થઇ ગયા, અને પોણા ભાગનો ચોળાએલો ચેક ખુરશીમાંથી ઉઠાવી લઈ છુટકારાનો દમ ખેંચ્યો.

'આપે કદાચ એમ માની લીધેલું કે....' રૂપેન્દ્રે કહેવા માંડયું. પણ તેને વચ્ચે જ અટકાવી દઈ દામોદરદાસ બોલ્યા: 'હા,—એ માટે મને શરમ આવે છે અને એ સારૂ હું તમારી માફી ચાહું છું.'

'કંઈ નહિ, સાહેબ; આપનો આભાર. પણ મારી નોકરી તો હવે સલામત છે ને?'

દામોદરદાસે ડોકું ધુણાવી ના પાડી. 'હું ઘણો જ દિલગીર છું, રૂપેન્દ્ર; પણ જેની આગળ હું એકવાર અક્કલ મૂર્ખો દેખાઇ ચૂક્યો તેને તો મારી ઑફિસમાં હરગીઝ રહેવા દઈ શકું નહિ. હું તમારે માટે આહીંના જેવી—અથવા કદાચ વધુ સારી નોકરી શોધી આપીશ, અને ત્યાં સુધી તમારો પગાર ચાલુ રહેશે. પણ તમારે જવું તો અબઘડી જ પડશે.'

અને પાછો પેલો ચેક રૂપેન્દ્ર તરફ લંબાવી ઉમેર્યું: 'આ હવે તમે જ વટાવતા જજો, અને એની રકમ તમે જ રાખજો. હું જ્યારે ભૂલ કરી બેસું છું ત્યારે મારી જાતનો દંડ કરૂં છું.'

સ્તબ્ધતા અને આભારની મિશ્ર લાગણીથી ધ્રૂજતે હાથે ચેક લઇ રૂપેન્દ્ર આભારવચનો બોલતો ઑફિસમાંથી બહાર નીકળી ગયો—જાણે સ્વપ્નસૃષ્ટિમાં વિહરતો હોય એમ.

તેના બાબાની દવાદારૂ, અને હવાફેર માટે તેને દેશ લઈ જવા સારૂ કેવી અણધારી સગવડ થઇ ગઇ હતી! (સૂચિત)

તથા અન્ય કેટલાં યે પુસ્તકો તેણે લખેલાં છે અને 'When we wrere Boys' એ તેની નવલની ગણના તો આયર્લંડની બાર મહાન નૉવેલોમાં થાય છે. પણ એનો મુખ્ય પેશો સાહિત્યકારનો નહોતો. અખબારનવીશી જ એના જીવનનું મુખ્ય આકર્ષણ રહેલી ને એનું 'યુનાઇટેડ આયર્લંડ' આયરિશ પત્રકારત્વમાં ચિરંજીવ માર્ગસ્તંભ બની ચૂક્યું છે. એના દેશનો એ સૌથી યુયુત્સુ (militant) પત્રકાર હતો. એની કલમ કદી આક્રમણમાં પાછી ન પડતી.

અને એવી જ એની જબાન હતી. એના શબ્દો તીર જેવા સચોટ હતા. આયર્લંડ પર ઓ'કૉનેલ પછી વાગ્મોહિની છાનાર એ જ એક વક્તા હતો. એ માનતો કે લોકલાગણીને એના અંતસ્તલ સુધી હચમચાવી ન નખાય ત્યાં સુધી રાષ્ટ્રકારણ પ્રબળ ન નીવડી શકે. ઇ.સ. ૧૮૮૫માં કૉર્કના યુવાનો સમક્ષ ભાષણ કરતાં એણે કહેલું:

'આપણી ધરતીમાં જે કંઈ રૂમદા ને દિવ્ય તત્ત્વ રહેલું છે, આપણા અન્યોન્યના સંબંધમાં જે કુમાશ રહેલી છે અને આપણા દિલમાં જે સૌથી પ્રેરક મુરાદો રહેલી છે એ સઘળાંથી ઓતપ્રોત તે આપણી દેશદાઝ છે. માતાનાં પ્રેમાકુલ નયનોની પહેલી નજર જેવો એનો મીઠો વરસાદ છે, પારણામાંથી જ આપણને સંમોહિત બનાવતું એ પ્રફુલ્લ હાલરડું છે. એ આપણી કને થઈ ખળખળ વહેતા જતા વહેળાનું સંગીત છે, કારણ કે એકેએક વહેળું આપણા વીરોના લોહીથી રંગાએલું છે. એ સ્મશાનમાં ગાજતા આપણા પૂર્વજોનો વ્યાકુળ અવાજ છે, કારણ આપણા એકેક સ્મશાનમાં સંતો અને શહીદોની રાખ પોઢી છે.'

આયર્લંડની જુવાની જેના એક બોલ પર હસતે મોંએ જાન કુરબાન કરવા તત્પર રહેતી એવા એ અટંકી જોદ્ધા પર પ્રશસ્તિઓ વેરવી નકામી છે. ઈષ્ટ તો એ જ કે એના જેવા કર્મયોગીઓનું તખ્ત આપણા માદરે વતનના રાષ્ટ્રકારણમાં ઊતરે. અશોક હર્ષ

(વિલિયમ ઓબ્રાયનના અંગ્રેજી ચરિત્રગ્રંથ ઉપરથી તારવીને)

તોરણમાલના ભીલોમાં હુન્નર અને કળા


તોરણમાલ સાતપુડાની શૈલમાળાનું ઊંચામાં ઊંચું શિખર છે. પશ્ચિમ ખાનદેશના શહાદા ગામથી વીસ-બાવીસ માઇલ ઉત્તરે મોટર-રસ્તે જતાં રાણીપુર ગામ આવે છે. ત્યાંથી જ પહાડો ઊંચે જવા માંડે છે અને જંગલો શરૂ થાય છે. રાણીપુરથી પહાડ-જંગલમાં ઉત્તર-પશ્ચિમે પંદરેક માઇલ સુધી જયપાણી નામના સ્થળે લઇ જતો કાચો મોટર-રસ્તો છે. ત્યાંથી તો પગે જ ચડવું પડે, અથવા ઘોડે બેસી. હૈયાને હાથમાં રાખી ઉપર ચડતા જઇએ અને ચારે તરફ નજર કરીએ તો પહાડો જ પહાડો; એકની પાછળ એક; જાણે કોઇ દૃશ્ય જોવા ભેગી થએલી તાપસમંડળી. જીવવું હોય તો ખીણમાં જોવું જ નહિ! ઉપર ચડ્યે જવું. કેટલીક જગ્યાઓ તો એટલી ઊંચી કે જાણે સ્વર્ગની અગાશીમાંથી કોઈ દેવાંગના પ્રેમનું ગાન ગાતી હોય તો ય સંભળાય! આમ લગભગ ચાર કલાક ચડ્યા પછી તોરણમાલની ટેકરી ઉપર આવી પહોંચીએ. મેદાનનો ઘર્માતુર મુસાફર અહીં અદ્‌ભુત ઠંડક અનુભવે છે.

તોરણમાલની ઉત્તર તરફ નર્મદા પાર કરી જઇએ તો આગ કોટ, ધાર અને અલીરાજપુર આવે. પશ્ચિમોત્તરમાં દાહોદ અને પૂર્વોત્તરમાં બરવાની આવેલાં છે. આ પ્રદેશો ઉપર જાણે કૃપાદૃષ્ટિ ફેંકતું તોરણમાલ ત્યાં કેટલા યે કાળથી ઊભું છે, એ તો એ ગામમાં પડેલા સ્થાપત્ય-અવશેષો ઉપરથી જ માલૂમ પડે છે. ગામફરતો જૂનો પત્થરનો કોટ છે. તે પસાર કરીએ એટલે એક સરોવર આવે છે. ભીલ-ગામને પાણી વડે તોષતું અને અહીંની શીત હવાને માધુરી અર્પતું આ સરોવર શૈશવની આંખ જેવું નિર્મળ ને જયદેવની બાની જેવું પ્રસાદ-યુક્ત છે. સરોવરને પૂર્વ કિનારે ચાલો તો દર ત્રીજે પગલે સ્થાપત્યનો એકાદ અવશેષ પગ નીચે કચરાવાનો જ. કોઈ જગ્યાએ ફૂલ-કંડાર્યો પત્થર હોય, કહીંક સ્તંભનું આસન હોય, તો કહીંક કોઇ મૂર્તિનો ભાગ હોય. મિશનરીના દેવળમાં અને એક ક્રિશ્ચિયનના ઘરમાં આવા પત્થરોનો સદુપયોગ (!) કરી લેવામાં આવ્યો છે. તોરણમાલના પત્થરોને ફૂલવેલની ભાષા બોલાવનાર સ્થપતિ આજે ઓળખાણ માગે છે. કોઇ આપશે? બીજું યે જોવા જેવું ઘણું છે. અર્જુન ગુફામાં દિગંબર તીર્થંકરની મૂર્તિ છે; અને સીતાગુફા ચારે બાજુ પર્વતો આવવાથી થએલી મહા ઊંડી ખીણ છે: નજર નાખો તો યે જાણે પંદરવીસ મિનિટે અંદર પહોંચે! ગામમાં મિશનરીનું એક દેવળ અને એક અદ્યતન સગવડવાળો બંગલો છે. એક સરકારી મકાન છે અને ભીલોનાં ત્રીસેક છાપરાં છે.

પ્રજાની ઓળખાણ

તોરણમાલની મુખ્ય વસતિ ભીલોની છે. એઓ ભીલ-નાયક કહેવાય છે ને મેદાનના ભીલો સાથે લોહીસંબંધ રાખતા નથી. સાતપુડાની આ જ ઊંચાઇએ આવેલાં બીજાં સિંધી, જોગણી, ખડકી આદિ ગામો એ આ લોકોનાં જ છે; અને એમની વચ્ચે જ બેટીવ્યવહાર રહે છે. ધારના રજપૂતોમાંથી ઊતરી આવ્યાના એઓ દાવેદાર છે.

ઘર-રચના



૧. ભીલી ઘરનું ભોંય તળીઉં

૨. છ બેળુનું ઘર

રંગ ઘઉંલો, શરીર પાતળાં અને ઊંચાં; એકે હાડકું અજુગતું નહિ; અંશભર પણ મેદ વધારે નહિ; મોં ઉપર મિઠાશ અને મુદા. લંગોટીભર જ રહેતા આ લોકોને પર્વત ઊતરતા જોઇએ તો આપણને આવતે જનમ ભીલ થવાનું જ મન થાય! તીર ચલાવવામાં એઓ એક્કા છે અને ગમે તેવો સીધો પહાડ ચડવો હોય તો અહીંનું નાનું બાળક પણ તૈયાર છે. જ્યાં આપણે જોતાં જ ધ્રુજી ઊઠીએ ત્યાં એ સડસડાટ ચાલ્યું જાય: જાણે તાજમહાલ હોટેલનો દાદર ચડે છે!

તોરણમાલની સ્ત્રીઓ પણ સુંદર છે. પહાડી ઉપમા આપીએ તો ચારોળીનાં ઝાડ જેટલી ખૂબસુરત અને મોરનાં આંસુ જેવી નિર્મળ આંખોવાળી સ્ત્રી બીજે અલભ્ય જ. તોરણમાલની ભીલ છોકરીઓ તીર પણ ચલાવી જાણે, અને બબ્બે ત્રણત્રણ સપત્નીઓ ઇત્તિફાકથી સાથે રહી પણ જાણે. એમનામાં શરમ છે, પણ જોઇએ એટલી જ; એમનામાં હાસ્ય છે—પહાડને ય મુગ્ધ કરે એવું.

વિષય-પ્રવેશ


આ સંસ્કૃતિનાં બધાં જ અંગો અતિ રસિક છે; લગ્ન, મરણ, શુકન-અપશુકન, પંચ, ઝગડા—એ દરેક પર ઘણુંઘણું લખી શકાય. પણ આ લેખમાં એમને સ્થાન નથી. અહીં તો ઉદ્દેશ આ પ્રજામાં હુન્નર અને કલાને કેટલું સ્થાન છે એની જ ઝાંખી કરાવવાનો છે. જીવનની જરૂરિયાતો સમજી, એને એક પદ્ધતિમાં બાંધી લઈ, મહેનત ઓછી કરવી એ ઘણી પહોંચેલી પ્રજાનું કામ છે. ઉપયોગી વસ્તુઓ બનાવવા માટે એક રચનાસમજ હોવી એને આપણે હુન્નર કહીશું. તે જોવાનો આપણો પ્રયત્ન છે.

જીવન તો ગમે તેમ જીવી શકાય પણ એ કેટલી કલાત્મકરીતે જીવાય છે એ જ સંસ્કૃતિની પારાશીશી. સમાજના દરેક અંગમાં, જીવનના બનાવોમાં, રોજિંદી જરૂરિયાતોમાં અને નવરાશના સમયમાં આપણે ઝીણવટ, કલા, નકશી કેટલે અંશે ભેળવ્યાં એ ખૂબ અગત્યની વસ્તુ છે. એમાંથી પ્રજાનું જીવનદર્શન લાધે છે અને એને જીવનમાં કેટલો આનંદ છે એ સમજાય છે. જીવનમાં આનંદ જ ન હોય તો હયાતીનો મૂળ હેતુ માર્યો ગયો કહેવાય. અહીં આપણે એમની એવી કલા-કલ્પના પણ જોવાનો યત્ન કરીશું. એમાંથી આપણને ખબર પડશે કે એ પ્રજા ગમે તેમ જીવતી નથી. એની પાસે જીવનનાં શાસ્ત્ર અને કલા બંને છે.

ઘર-રચના

આ લોકો ઘર બાંધતાં પહેલાં રાખનું એક કુંડાળું બનાવી અંદર જુવારના દાણા મૂકે છે. બીજી સવારે જુવાર વીખાઇ ન ગઈ હોય તો ત્યાં ઘર બાંધવાનું નક્કી કરે છે. ઘરની ઊંચાઈ, લંબાઇ આદિ

'હાથ'માં માપે છે. ઊંચાઇ સાત હાથ કે પાચ હાથ એ તો લાકડાંમળે એના ઉપર આધાર. લંબાઈ દસ હાથ તો પહોળાઇ આઠ હાથહોય. વચ્ચેના થાંભલા ધારોણ (ધારણ)કહેવાય. બાજુના થાંભલા બેળુ કહેવાય. ધારોણના ત્રણ થાંભલા હોય તો બેળુ છ હોય. કોઇ પૂછે 'ઘર કેવડુંક ?' તો કહે, 'છબેળુત્રણધારોણનું.'



ઘર-સાધનો

થાંભલા નાખ્યા પછી ધારોણ ઉપર 'મોભ્યું' (મોભ) મુકાય; બેળુ ઉપર 'દાંડા' આવે. 'ઉેવનું' (છાજું) કામઠાંનું ગુંથાય. છેવના ઉપર સળી, પાથળાં અથવા સુકાએલું ઘાસ છાવાગાં આવે. અને ઉપર ભારે વજનનાં લાકડાં મૂકે જેથી પવને છાજું ઊડી ન જાય. ઉપરની અને નીચેની કામડીને ક્રમશઃ દોડપું અને હેવરૂં કહે છે.

ભીંત વાંસની ગમે તેમ ન બાંધે, પણ ગૂંથે. વાંસના ઉપરના લીલા ભાગમાંથી અને વચ્ચેના ભાગમાંથી કામડાં ગૂંથવાગાં આવે છે લીલા ભાગને નીલ અને વચ્ચેનાને ફુટ કહે છે. નીલ ને ફુટના તાણાવાણાથી સરસ લાગે એવી ડીઝાઈન બને છે. બધા જ આવી ગૂંથેલી ભીંત બનાવે છે. કોઈ એને ઉપરથી ઘાસ બાંધે છે, તો કોઈ લીંપી લે છે. ભીંતનાં બારણાં ય નીલ-ફુટગૂંથ્યાં.

ઘેર (ઘર)ની અંદર ઢોર બાંધવાની જગ્યા હોય; પછી આંતરો કરી લઈ રાંધખાણ્યો (રસોડું) નક્કી કરે. તેની બાજુગાં સૂવાની જગ્યા. અને પાસે જ અનાજ વગેરે રાખવાનું આંતરો ભરી લીધેલું સ્થાન. કોઈક માળિયું બનાવી ઉપર સામાન રાખે છે.

ઘરની બાજુમાં પાણી રાખવાનો નાનોરો માંડવો હોય. વધારે ઢોર હોય તો તેને માટે બીજું ઝૂંપડું બનાવી દે છે. પાસે જ કશીક શાકભાજી ઉગાડી હોય. બાજુમા ખીલે બકરી બેંબેં કરતી હોય.

ખેતીનાં ઓજારો વગેરે

આ બાજુનો દરેક ભીલ ખેતી કરે છે એટલે એની પાસે ખેતીનાં સાધનો રહે છે. એમનામાંનો જ કોઈ એ બનાવે છે. ખેતર ખેડવા હળ, જોતર વગેરે ખરાં જ. ઝૂંસરૂં, કોદાળી અને કુહાડી દરેક પાસે મળે. દાતરડું ખેતીમાં ય ઉપયોગી અને જંગલમાંથી કશુંક કાપી ય આણે. બળદને બાંધવા માટે જોઈતા દોર એઓ જાતે જ વણી લે છે. દોરડાં ભાંગવાનો હુન્નર એમણે અચ્છી તરેહથી અપનાવ્યો છે. નાડી અને જોતર પોતે જ ગૂંથી લે છે. પાતળી દોરી ય એમને વેચાતી આણવી પડતી નથી. જંગલમાં થતા વાંસમાંથી કે વેલાઓમાંથી દોરી-દોરડાં એઓ બનાવી જાણે છે પહાડ છે એટલે ગાડાં હોય જ નહિ. માત્ર બાળકોની રમતમાં જ ગાડાંનું નામ સંભળાય.

ઘર-સાધનો


બીજાં જે ઘર-સાધનો તેઓ બનાવે છે એમાં મુખ્ય તો વાંસના બનાવેલા ટોપલીઓ છે. તદ્દન નાની પારોરિયા ટોપલીથી માંડી મણભર અનાજ માય એવડા ટોપલા એઓ ગૂંથી લે છે. આકાર પણ જાતજાતનો : કોઈ સાધારણ જોવાગાં આવતી ગોળ, તો કોઇ ચપટા તળિયાની અને ખૂણાવાળાં પડખાંની. પહેલીને 'ખીવડી' ટોપલી અને બીજીને 'નારી' ટોપલી કહે છે. તળિયાને 'બુંદી' (બુંધું) કહે છે. આ ટોપલીઓ નીલ-ફુટથી જ બનાવે છે, એટલે એ સારી દેખાય છે. માથે બંધબેસતી હોય એવી ટોપલી પહેરેલો કોઈ શરારતી છોકરો પણ જોવામાં આવે ! અનાજ રાખવા માટે એઓ વાંસના નાનામોટા 'કણઘા' બનાવે છે. એને છાણ વડે લીપી લેતાં લાકડા-લોખંડના કોઠારોની એ ગરજ સારે છે. દરેક ઘેર બેચાર કણઘા મળે જ.

વાંસની બીજી બનાવટોમાં માછલાં પકડવા માટે પાતળાં કામડાંને સાંકળી લઇને જે 'મુડચા' બનાવે છે એ ગણાવી શકાય. ધનુષ પણ વાંસમાંથી જ બને છે. એની ગીણછ (પણછ) પણ વાંસની જ પાતળી ચીપની હોય છે. દરેક ધનુષને એક વધારાની પીણછ હોય છે. ધનુષ જ્યા માટે વાંસ કાપવામાં ખૂબ આવડત જોઇએ છે. એમના ધનુષની જ્યા ચડાવતાં જ આપણને ખબર પડે કે રામે સીતા મેળવી એ દૈવી શક્તિ વડે જ. બાણ પણ એઓ હાથે બનાવી લે છે. બાણનાં ફળ જુદાજુદા આકારનાં હોય છે. આ ફળને એઓ 'બીલખા' કહે છે. વચ્ચેની લાકડીને બીજે છેડે, પીછાંને ગુંદરે ચોડી ઝીણી દોરી વડે બાંધી લે છે. કેટલાંક બાણ ફળ વગરનાં—છોકરાં રમાડવા અથવા નજીવાં પ્રાણીને હાંકી કાઢવા—બનાવવામાં આવે છે. એને 'હરવેટ' કહે છે.

ખાટલા ભરવાની કલા એમણે હાથ કરી લીધી છે. 'જીવ' રાખીને પાંચ દોરી સાથે લઈ એઓ ભારે સીફતથી ખાટલો ભરી કાઢે છે. ખાટલાના પાયાને 'માથવા', ઈસને 'ઈરટા' અને પાનને 'પાન' જ કહે છે. તૂટેલું સાંધવામાં ય એઓ કસબી છે.

પ્રસાધનો

આ લોકોને ઘરેણાંનો ભારે શોખ ઘરેણાં આનંદ અને આર્થિક સ્થિરતા બંને આપે. સોનું, રૂપું, ચાંદી કે કથીર એને માટે વપરાય. પુરુષો પણ કાનમાં, હાથે અને કેડે ઘરેણાં પહેરે છે. દરેકના કાનમાં મુંદી, હાથના બાવડામાં (કાંડામાં) કડાં અને આંગળીએ વીંટી હોય. દરેક પ્રજામાં પુરુષ કરતાં સ્ત્રી જ વધારે પ્રિયમંડન હોય છે. અહીંની



ભીલી સ્ત્રીઓને માથે લટકતી ચાંદીની સાંકળી જોઇને અમાસના આકાશમાંનો સ્વાતિ પાસેનો તારાહાર યાદ આવે! કાનમાં 'ઝુલાવ્યું' હોય અને નાકમાં 'ફુલી'. ગળામાંની કીડિયાંની સેરને 'ગાઠલા' કહે છે. રૂપિયા-પાવલીના હાર પણ પહેરાય. ગળામાંનો 'તળાલો' એટલે ચાંદીનું ઘન ઘરેણું; જાણે એને ગળે મોહબ્બતનો ઉજ્જ્વલ હાથ ના હોય! સ્ત્રીઓ, ઉપરના હાથમાં 'બાવટયા', 'વાકડયા' અને કાંડામાં બિલોર (બંગડીઓ) પહેરે છે. પગે પીંજણાં ને તોડા શોભે.

આટલું તો ઓછું હોય એમ એઓ કપાળે અને ગાલે (ભાતી-ભાતીનાં' છુંદણાં છુંદાવે છે. એ વળી 'ગોંધોંન' કહેવાય છે. એની આકૃતિ કદીક ફૂલ જેવી, તો કદીક મોટી સેર જેવી પણ હોય. ઊજળા કપોલો ઉપરનાં બેચાર ગોંધોંન કાગળે માંડેલા અભણ મુગ્ધાના નૂતન-તન અક્ષરો જેવા લાગે. આ સૌની ઉપર એમનું શાંત, વીતચિંત હાસ્ય હોય અથવા તંદુરસ્તીભર્યો ઉમંગ હોય એટલે પૂછવું જ શું?

વાળ એ ગમે ત્યાં સૌંદર્યનું સાધન ગણાય. તોરણમાલના ભીલો અને ભીલ-નારીઓ પણ મોટા, સરસ વાળ રાખી પોતાની શરીર-શ્રીમાં વધારો કરે છે. પાંચસાત વરસના કિશોરથી માંડી એંશીનો જઈફ પણ ખોચીએ પહોંચતા વાળ રાખે છે. એને પાછળ ઓળવામાં આવે છે. જુવાન છોકરાઓ વાળમાં કાંસકી રાખે છે. કોક તો નાનકડો આયનો પણ. સ્ત્રીઓના વાળ ઘણા લાંબા હોય છે. વાળને એઓ ચીવટથી જ સજે છે. કદીક અંબોડો રાખે, તો કદીક વેણી. સેંથો ગુજરાતણ જેવો જ. વાળ કાન ઉપર ન આવે. કેશસજ્જામાં ફૂલપાંદડાંને એમણે ઘણું મોટું સ્થાન આપ્યું છે. એ મજા તો સૌ સ્ત્રીઓએ માણવી જોઇએ. ગુલમોરનાં ફૂલ કે કરવંદીનાં કૂળાં પાન એઓ રાશિરાશિ પહેરી રાખે છે.

અહીં એમની રંગ-દૃષ્ટિ જોઈ લઇએ. કયા રંગ સાથે કયો રંગ ગળતો આવે એ 'કલર-સેન્સ' ભીલસ્ત્રીઓને ઘણી છે કૉલેજની છોકરીઓ તો હજી ગઈ કાલે જ એક રંગનાં સાડી-બ્લાઉઝ પહેરતાં શીખી, પણ આમણે તો એને મા-આજીના વખતનાં શીખી લીધાં છે! એમનાં કીડિયાંનો હાર પણ એમની રંગપ્રિયતાનો નમૂનો છે; અને એમનાં ઘનરંગી કમરવસ્ત્રો ઉપર ઊઠી આવતાં અન્યવર્ણી ટપકાં ખૂબ જ મનોહર લાગે.

સંગીત-સાહિત્યો અને નૃત્ય

સંગીત એ આનંદ વ્યક્ત કરવાનું અને માણવાનું હાથી સાધન છે. એના વગર જીવનનો આનંદ વણગવાયો જ રહે. આ પ્રજા પાસે સંગીતનાં ઘણાં સાધનો છે. સૌના તાલમેલથી કે એકમેકથી એ પોતાનો ઉલ્લાસ પ્રગટ કરી જાણે છે. બે જણથી યે ન ઉંચકાય એવા ઢોલથી માંડી બાળક પણ ઉંચકી શકે એવી કાંસાની થાળી સુધીનાં બધાં સાહિત્યો એઓ બનાવી ને બજાવી જાણે છે. ગુજરાતના જોગીઓ પાસે હોય છે એવો નાનો એકતારો પણ એઓ રાખે છે. સૂકી દૂધીનાં સરસ વાજાં બનાવતાં એમને આવડે છે. ઢોલ બજાવવાના દાંડિયા ઉપર પણ નકશી તો ખરી જ! સીસમના લાકડાની અથવા વાંસની બંસીઓ એ અહીંના ગોપાળનું પ્રિય સંગીતસાધન છે. નાચની વખતે કેડે ઘુઘરા પણ ખરા.

એમનામાં નાચ મેદાનના ભીલો જેટલા નથી. એઓને માત્ર બે જ નાચ આવડે: એક 'વરાડ' નાચ, બીજો 'ઇદ' નાચ. વરાડ નાચમાં ચાર કે વધુ પુરુષો દરેકની કેડે બીજાનો હાથ લઈ સૌ સાથે બે ડગલાં આગળ ધસે, એક પાછળ જાય, ને ત્યાર કેડે એક આગળ. આમ કુંડાળું રચતા રહે. ઇદ નાચમાં તો બબ્બે જણા અગાઉના બે જણની પાછળ ઢોલના તાલની સાથે પગલાં ઉપાડતા જાય છે; આમ ગોળગોળ ફર્યા કરે છે. એમના નાચમાં વિવિધતા ગેરહાજર છે. સ્ત્રીઓ પણ પુરુષોની બાજુમાં પોતાની હાર બનાવી વરાડ નાચ નાચ્યા કરે છે. બબ્બે ડગલાં આગળ ધસી ફરી એકીસાથે પાછળ જતો આ સ્ત્રીસમૂહ કોઇ ઉદાત્ત કવિના મૂર્તિમાન છંદ જેવો લાગે. આગળ, પાછળ, જરા ઉતાવળે, થોડે ધીમે એમ વહે જાય!


ગીત અને કલ્પના

શેષ હોય તેટલું ગીત પૂરું કરે. હોળી વખતે 'લોલ', દીવાળીમાં 'ગીત' અને લગ્નમાં 'ફટાણાં'. આ ગાતી પ્રજા પાસે ગીતોના તો ભંડાર ભર્યા છે. હોળી વખતે પાંચપાંચ દિવસો સુધી ગીત ગાતાં અહીંની કિશોરીઓ થાકતી નથી. લગ્ન વખતે એકબીજાને ગીતમાં ગાળાગાળ કરવે પણ એઓ મહાપટુ. જરાક ઉતાવળે સૂરે ગવાતા એમનાં ગીતો ખૂબ મધુર લાગે છે. એઓ ગાય છે:

> વાડીનો વેલો રે ઊભી વાડી ચોઢે રે
>
> . . . . . .
>
> કોડવી કાચરી ને કોઠવો વેલો
> વેલો ચોટયો હેલા માંડવે રે લોલ.

આવા તો ખૂબ દાખલા અપાય. પણ એની વાત કોક વેળા.


કોતર અને જંગલ, ઝાડ અને ઝરણાં, પહાડ અને પત્થર વચ્ચે રહેનારી આ પ્રજા કુદરતપ્રિય બની ગઇ છે;—કવિ થઇ ગઇ છે એમ કહીએ તો ચાલે. એકબે ઉપમા તો આપણે ઉપર જોઈ. શરૂ પડી



મૂર્તિશાસ્ત્ર પરિચય

[૫] પીઠ (Pedestal)


પીઠ એટલે પ્રતિમાની બેઠક. તેના નવ પ્રકાર છે, જે જુદાજુદા આકારોને લઈ પાડવામાં આવ્યા છે. એ નવ પીઠ આ પ્રમાણે છે: (૧) ભદ્રપીઠ, (૨) વજ્રપીઠ, (૩) પદ્મપીઠ, (૪) મહામ્બુજ, (૫) શ્રીકર, (૬) પીઠપદ્મ, (૭) મહાવજ્ર, (૮) સૌમ્યક ને (૯) શ્રીકામ્ય.



ભદ્રપીઠ



પદ્મપીઠ




મહામ્બુજપીઠ

એમાં ભદ્રપીઠ, પદ્મપીઠ અને મહામ્બુજ એ ત્રણ મુખ્ય છે જેનાં ચિત્રો અહીં આપ્યાં છે.

ભંગ (Bend of the body)

મૂર્તિ જમણી કે ડાબી બાજુ જે વળાંક લે છે તે ભંગ કહેવાય છે. એના ત્રણ પ્રકાર છે: (૧) આભંગ-એટલે સહેજ વળાંક (૨) સમભંગ એટલે સાધારણ પ્રમાણનો વળાંક ને (૩) અતિભંગ એટલે વધુ વળાંક. આ ભંગો એક પ્રતિમામાં એક અગર તો એકથી વધુ હોઇ શકે છે. દાખલો જમણી બાજુના ચિત્રમાંની પ્રતિમામાં ત્રણે ભંગો એકીસાથે આપેલા છે; માથું 'આભંગ'માં મૂર્તિની જમણી બાજુએ સહેજ નમે છે; શરીરનો વચલો-એટલે ગળાથી કમ્મર સુધી-નો-ભાગ ડાબી બાજુએ 'અતિભંગ'માં વધારે વળે છે; ને કમરની નીચેનો ભાગ 'સમભંગ'માં જમણી બાજુએ સાધારણ વળે છે.



પરિકર (Parikara)

કેટલીક પ્રતિમાઓની આસપાસ અનેક જાતના આકારોનાં જે ચોકઠા જેવાં રચેલાં હોય છે તે પરિકર કહેવાય છે. પરિકરો નિયમિત આકાર ધરાવતાં હોતાં નથી. જ્યાં જેવો આકાર ગોળ, લંબગોળ, ચોરસ વગેરે હોય તેવો જણાવવાનો હોય છે. પરિકરના એ જુદાજુદા આકારપ્રકારનાં જુદાંજુદાં નામો હોતાં નથી.

પ્રભાવલિ (Aura or Halo)

કેટલીકવાર પ્રતિમાના માથાની પાછળ, તેની આભા દર્શાવવા સૂર્યના જેવી કિરણો ધરાવતી એક ગોળ આકૃતિ દર્શાવેલી હોય છે. તે પ્રભાવલિ કહેવાય છે.

વાહન (Vehicle)

પ્રત્યેક દેવને તેનું જુદું પ્રાણી-વાહન હોય છે. આપણો સામાન્ય વર્ગ દેવોનાં એ વાહનોથી તો પરિચિત હોય છે. દાખલા તરીકે બ્રહ્માનું વાહન હંસ, વિષ્ણુનું ગરુડ, શિવનું નંદી (પોઠિયો), ભૈરવનું કૂતરૂં વગેરે. દેવપ્રતિમાને ઓળખવામાં આ વાહન મુખ્ય ભાગ ભજવે છે. પ્રતિમા ગમે તેવી તૂટેલી હોય, પણ વાહન ઓળખી શકાય તેમ હોય તો તે કયા દેવની છે એ તરત કહી શકાય છે. માટે પ્રતિમાની તપાસ કરતી વેળા સૌ પહેલાં તેના વાહનની શોધ કરવી અને પછી આયુધો તપાસવાં.

કયા દેવને કયું વાહન હોય છે તેની વિગત હવે પછી આવતાં દેવોના વર્ણનોમાં આવશે.

અમૃતલાલ વ. પંડયા

હોય અને તારાઓ વેરાઈ ગયા હોય તો એઓ કહેશે કાળી કુકડીએ દાણા વેરી નાખ્યા! કેટલી સુયોગ્ય, સજીવન ઉપમા! નવોદિત મેઘની વચ્ચેથી આથમતા સૂરજનાં કિરણોને એઓ સૂરજની મૂછ કહે છે ને એને વરસાદની સૂચક નિશાની ગણે છે. આકાશના તારામણ્ડળોએ પણ એમની કલ્પનાને બહેલાવી છે. સપ્તર્ષિના પહેલા ચાર તારાને એઓ 'મેણું' તારા (ધ્રુવ તારા)નો સોનાનો ખાટલો કહે છે. પાછળના ત્રણ એ ખાટલો ચોરવા નીકળેલા ડાકુઓ છે! હરણ તારાની એમને પિછાન છે, ને વ્યાધને કહે છે એ તો હરણને મારવા નીકળેલો શિકારી છે. એમની કલ્પનાઓ અને ઊર્મિઓ કુદરતમાંથી જ આવેલી છે. એમના પ્રાણ નિસર્ગ સાથે જ ધબકયા કરે છે.

આ ઉપરથી એકબે વસ્તુઓ તરી આવે છે. એક તો ઉપર કહ્યું તેમ એમણે ઘણાખરા કૅલિફોર્નિયનોની બે-ગાફેલ કશું મેળવ્યા વગર જીવન ગુમાવ્યું નથી. એમણે જે લીધું છે તે માણ્યું છે,—માણ્યું છે એટલું જ નહિ પણ એ ઉપયોગમાં આવે કે નહિ તે ય વિચાર્યું છે.

બીજું એ કે એ પ્રજાનું સંસ્કારધન વૈયક્તિક નથી, પણ સામુહિક છે. એના નાચ, એની કલ્પના, એનાં ગીત, એના હુન્નરો એમને ત્યાં સૌકોઇ જાણે છે. પણ જેમજેમ માણસ સંસ્કૃત થતો જાય છે તેમતેમ આ બધું વૈયક્તિક બનતું જાય છે અને સમૂહ લૂંટાતો રહે છે. આપણે ત્યાં કલ્પના આજે સુન્દરમ્-ઉમાશંકરની જ રહી છે, નાચ કોઈ મૃણાલિની સારાભાઇનો જ; ગીત ઝવેરચંદભાઈ જ લખી જાણે અને વાર્તા આજે 'ધૂમકેતુ' જ કહી શકે. આખી પ્રજા આ ક્યારે અપનાવે? આ લેખ વાંચી એટલી ઈચ્છા જરૂર કરીએ કે જે વ્યક્તિએ મેળવ્યું છે તે સમૂહને, સમાજને મળે એનું નામ જ ખરી સંસ્કૃતિ.

ઠાકોરભાઈ ભાણાભાઇ નાયક

'વિક્રમ'

ગયા અંકમાં પ્રકટ થએલા 'રત્નો' વિષેના લેખના શરૂઆતના ભાગમાં જ્યોતિષ અને આયુર્વેદની દ્રષ્ટિએ માનવી ઉપર થતી તેની અસરો વિષેના જે ઉલ્લેખ ને સમર્થન કરેલાં છે તે મધ્ય ભારતના વિદ્વાન જ્યોતિષાચાર્ય અને સાહિત્યકાર પંડિત સૂર્યનારાયણ વ્યાસ સંપાદિત 'વિક્રમ' માસિકમાંથી તેમના જ લખેલા લેખમાંથી છે. વિક્રમાદિત્યની દ્વિસહસ્ત્રાબ્દિપૂર્તિના સ્મરણમાં ઉજ્જૈનથી નીકળતું શરૂ થએલું એ માસિક મધ્ય ભારતનું પ્રતિષ્ઠિત સામયિક ગણાય છે.

રસદર્શન કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો—લેખક

[૧૮] **ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ**

દાર્જિલિંગમાં પતંગિયાંના પ્રેમી એક અંગ્રેજે હિમાલયનાં પતંગિયાનું એક સંગ્રહસ્થાન બનાવ્યું હતું. એક આખો વિશાળ ખંડ અને તેની એક ઓરડી તથા વચલો ભાગ ભરીને—ભીંતો સુદ્ધાં—એણે કાચનાં કબાટોમાં અસંખ્ય પતંગિયાં વ્યવસ્થાપૂર્વક ગોઠવાવ્યાં હતાં.

એમાં ઝીણાં ફૂદાં, જેમનું શરીર એક ટપકાં જેવડું હોય, ત્યાંથી માંડીને હથેલી અને બબ્બે હથેલી જેવડા કદનાં પતંગિયાં હતાં. બધાં હતાં તો મરેલાં, પણ જાણે હમણાં ઊડી જશે એવાં સજીવ લાગતાં હતાં.

આ પૃથ્વી પર જેટલા રંગો અને એનાં સુરુચિપૂર્ણ તથા કલામય સંયોજનો મેં આજ સુધીમાં જોયાં ને કલ્પ્યાં હતાં તેથી અનેકગણી અકલ્પ્ય રંગાવલિઓ આ પાંખો પર જોઈને હું તો આશ્ચર્યચકિત થઈ ગયો !

શ્વેત, શ્વેતગુલાબી, શ્વેતભૂરાં, શ્વેતલીલાં, આછાં તપખીરિયાં, ઘેરાં તપખીરિયાં, ભૂરાં, ભૂરી કોર ને તપખીરી પાંખોવાળાં, ગુલાબી, લાલ, લીલાં, પીળાં, નારંગી, જાંબુડિયાં, કાળા રંગ ને ભૂરાં ટપકાંવાળાં, પીળા રંગ ને કાળાં ટપકાંવાળાં, લીલી કોર ને લાલ ભોંય વાળાં, લાલ કોર ને લીલી ભોંયવાળાં, એમ અસંખ્યવિધ રંગો ને એમાં ભળી જાય એવાં નાનાં પ્રકારનાં કલ્પનાતીત મિશ્રણોની રંગ-સમૃદ્ધિ એ નિર્માલ્ય લાગતા ક્ષણજીવી જંતુની પાંખો પર ઉભરાતી હતી. અને છતાં, વિસ્તીર્ણ હિમાલયનાં વનોને વાડીઓ, બગીચા ને કુંજો, ઝાંખરો ને તળેટીઓમાં ઊગતાં અગણિત પુષ્પોનાં લગ્નો કરાવવા માટે જાણે પુરોહિતોનું કામ માથે લઈ દોડાદોડી કરતાં જે કરોડો ને અબજો પતંગિયાં ત્યાં થાય છે તેમાંની આ તો માત્ર સમુદ્રના જલબિંદુની માફક, આંગળીને વેઢે ગણી શકાય એટલી જ સંખ્યા હતી ! કુદરત, ધન્ય છે ! તું ત્રિપુરાસુન્દરી છે, ભુવનમોહિની છે !

કિનખાબ ને મલમલના કારીગરો, ગાલીચા અને શાલદુશાલા વણનારાઓ, છીંટ અને પડદાના છાપગરો, કસબ અને રેશમી ભરતકામ કરનારાઓ, આવો ! અને કુદરતની આ કલ્પનાતીત રંગલીલાનો ઉપભોગ કરો !

કલાપ્રેમી સુન્દરીઓ, કિશોરીઓ અને બાળાઓ ! તમારી સાડીઓ અને વસ્ત્રો, તમારા પડદા અને ઓછાડો, તમારા ગૃહ અને આંગણાના શણગારો માટે કુદરતનો વિશિષ્ટ રંગપ્રસાદ પામવા માટે અહીં આવો !

રૂપરંગો અને રમકડાં બનાવનારાઓ, કલ્પકો, કલાકારો અને કલાશિક્ષકો, ઍમૅટર વિદ્યાર્થીઓ અને ચિત્રલેખાઓ તમે પણ આવો ! આ પતંગિયાંને જોયા પછી તમને કોઈને રંગોની મિલાવટ અને આયોજના, નવીનતા અને અદ્‌ભુતતા વિષે કોઈ તોટો કે સંકોચ નહિ રહે. કુદરતે અહીં છૂટે હાથે પોતાનો રંગભંડાર ઠાલવ્યો છે.

દાર્જિલિંગનાં આ પતંગિયાંએ મને જેવો મદોન્મત્ત બનાવી મૂક્યો હતો તેવો જ ફૂલોના એક પ્રદર્શને નીલગિરિના ફટાકામંડ—ઊટી—માં મને, મીરાંની માફક, ભગવાન રસેશ્વરનો પ્રેમદીવાનો કરી મૂક્યો હતો.

એ 'મેડે'–May Day હતો.

બાલિકાઓ અને કિશોરીઓએ, નંદનવન જેવા અલૌકિક એ બાગમાં, સોને રસેલી સંધ્યાની નીચે, નાનારંગી દોરીઓથી ગુંફ ગૂંથીને ગરબો ગાયો હતો. એમાંની એકને 'મે ક્વીન' જાહેર કરવામાં આવી હતી. એણે માથે ફૂલોનો મુકુટ પહેર્યો હતો અને બીજીઓ એની આસપાસ ટોળે વળીને ફરતી હતી.

આસપાસ મટરનાં-વટાણાનાં-ગુલાબી, પીળાં, લાલ અને ભૂરાં સુગંધી પુષ્પો તો ગુચ્છેગુચ્છા હતાં લિલી, વૉટર-લિલી વગેરે પણ બાગની બહાર એક વહેળિયું હતું તેને કિનારે કિનારે ઊગી નીકળ્યાં હતાં : ધોળા દેહ અને લાલ પટાપટાવાળાં તથા પીળી ભોંય અને સિંદુરિયા છેડાવાળાં લિલીની નવી જ જાત મેં અહીં જોઈ. પરંતુ જે પ્રદર્શનની મારે વાત કરવી છે તે ઊટીના આ નન્દનવનનાં ફૂલોથી નિરાળી જ છે.

'મે-ડે'ને દિવસે આખા ઊટી નગરની કલબો ને શાળાઓને એ પ્રદર્શનમાં પોતાનાં ફૂલોના નમૂના મૂકવા આમંત્રણ મળે છે. બાગવાનો, ખેડૂતો, બંગલાવાળા, ફૂલોનાં શોખીનો—દેશી અને વિદેશી બધાં—આ પ્રદર્શનમાં હર્ષ અને ઉલ્લાસથી ભાગ લે છે.

એ બગીચો સાત માળનો છે. એના નીચલા માળનાં બધાં લીલાં મેદાનો તે દિવસે મંડપો અને તંબૂઓથી ભરાઈ જાય છે. ફૂલો ઉપરાંત ફળો, શાકભાજી, બતકો અને કૂકડાં, ઉત્તમ ગાયો અને આખલા, જાતજાતનાં ઘાસ અને ધાન્યના પણ ઉત્તમ નમૂના લાવનારાઓને અહીં ઈનામો મળે છે. લાંબી 'ગેલેરી'-ઓમાં આ બધું સુશોભિત રીતે ગોઠવાય છે. દરેકનાં નામ કીમત, જાતિ, ઉગાડનારનું નામ સૌકોઈ વાંચી શકે એવી રીતે મુકાય છે.

તંબૂઓ અને મંડપોમાં ફૂલદાનીઓ, કૂંડાં, લોટા, ઘડા, ગાગરો, કૂંડીઓ ઈત્યાદિને પાનો અને ફૂલો વડે સુરુચિથી ભરી દે છે.

કોઈ ફૂલદાનમાં વળી એક જ રંગનાં ફૂલો હોય અને સાથે જ એ રંગ જોડે શોભી ઊઠે અને ભળી જાય એવું બીજું ફૂલદાન રાખવામાં આવ્યું હોય. કોઈ સ્થળે જરા ઊંચે પાન સાથે કમળોનું આખું કૂંડું ભરી દીધું હોય ને એની બંને બાજુએ ગુલાબથી લોટા ભર્યા હોય. આ પહાડી સરોવરનાં કમળો અજબ સુગંધી અને શોભાથી ભરેલાં હોય છે. એમાં સ્થળીપદ્મ ને જલપદ્મ બે જાત થાય છે. આવા તો અનેકાનેક મંડપો ને તંબૂઓ જોતા જ જાઓ. ઋતુઋતુનાં ફૂલો, જાતજાતનાં તનમનિયાં, ગલતોરા, મોગરા, જાઈ, જૂઇ, કમળ, ગુલાબ, ચંપા, ગુલબાસ, હજારી, (કેટલાંક ગણાવવાં) વિધવિધ રંગ અને રૂપથી અલૌકિક શોભા ધારણ કરી રહ્યાં હોય છે.

બાગોનાં અને વનોનાં, જનમાન્ય ને જંગલી બધાં જ ફૂલો ! જંગલનાં તો એવાં કે જેને આપણે જોવાની દરકાર પણ કરતાં નથી એવી સેંકડો નહિ, હજારો જાતિઓ !

મંડપોની બહારની વળીઓ અને વાંસ પણ, નાખી દેવાના થોર, ખરસાણી ઘાસ અને જંગલી પાંદડાંથી એવાં શોભાવેલાં કે જોયા જ કરીએ ! કોઈ સ્થળે બદસૂરત કે આંખને ખૂંચે એવું કંઈ જ રહેવા દીધું નહોતું.

સાંજના આઠ વાગ્યાના શુમારે આ ફૂલો ચાર ચાર આનાની કિંમતે ભારોભાર જેટલાં વેચાઈ ગયાં. એ લઈને સુવસ્ત્રધારિણી સ્ત્રીઓ અને કિલકિલાટ કરતાં બાળકો હારબંધ બાગની બહાર નીકળતાં હતાં તે મેં એક ઊંચી ટેકરી પર ચડીને નિહાળ્યાં. રૂપ અને રંગની જાણે સરિતા વહેતી હતી !

મને લાગ્યું કે સંસાર અસાર ક્યાં છે ? આટલી બધી સૌરભ, આટલા બધા રંગો અને આટલો બધો આનન્દ–ઉલ્લાસ તો અહીં છલકાઈ જાય છે ! (ચાલુ)

મનજી—ડૉક્ટર સાહેબ, જલદી ચાલો, મારો છોકરો રૂપિયો ગળી ગયો છે.

ડૉક્ટર—કઈ સાલનો હતો ?

મનજી—એ તો યાદ નથી. પણ ઉપર રાણીની છાપ હતી.

ડૉક્ટર—તો એમાં આટલું ગભરાવાનું શું ? એનું ચલણ તો બંધ થઈ ગયું છે !

સંસારનાં શહેરો

૫૧-ડાન્ઝિગ જે હવે ફરી પાછું કહેવાશે ડાન્સ્ક (Gdansk)

આ બીજા મહાયુદ્ધની ચીનગારી ચાંપવામાં હિટલરના હાથમાં જે લગભગ નિમિત્ત રૂપ બની ગયું તે, બાલ્ટિક સમુદ્ર ઉપરનું આ બંદરી શહેર જે ભૌગોલિક સ્થિતિએ આવેલું છે તેને લીધે આજ સૈકાઓથી એ રાજકીય ઝગડાઓમાં ફંગોળાતું રહ્યું છે. પોલાંડના ઉત્તર ભાગે, વિશ્ચુલા નદીના મુખ આગળ બાલ્ટિક સમુદ્રમાં પડતું એ પોલાંડનું એકમાત્ર બંદર છે. એ ન હોય તો પોલાંડનો દરિયાઈ વેપાર અને જગત સાથેનો મુક્ત વ્યવહાર તૂટી પડે. અને નકશામાં બતાવ્યું છે તે મુજબ તેના વિસ્તારવાળો પોલાંડનો એ ઉત્તર છેડો જર્મનીના પશ્ચિમ-પૃશિયા અને પૂર્વ-પૃશિયાની વચ્ચે આવેલો હોવાથી જર્મનો એના પર કબજાગીરી મેળવવા મથતા આવ્યા છે. આમ, પોલાંડના ઇતિહાસમાં ડાન્ઝિગનું સ્થાન હમેશાં મહત્ત્વનું રહ્યું છે. પૃશિયાનો રાજા ફ્રેડરિક બીજો તો કહેતો કે પોલાંડની રાજધાની વૉર્સોમાં રાજા ભલેને ગમે તે બેઠો હોય, પણ જેના હાથમાં ડાન્ઝિગ તેના હાથમાં પોલાંડનું રાજ્ય સમજવું.

વિશ્ચુલા નદીના મુખના ડાબા ફાંટાને પશ્ચિમ કિનારે, બાલ્ટિક સમુદ્રથી ચારેક માઈલ અંતરાળમાં આવેલું આ બંદર એક વિશિષ્ટ ભૌગોલિક બેસણી ધરાવે છે. ખુલ્લા દરિયાથી સહેજ દૂર નદીના મુખમાં સલામત સ્થળે ગોઠવાઇને એ શાંતિથી દેશપરદેશના વેપાર ખેડે છે. સામી બાજુ ઢાલની માફક તોળાઇ રહેલો ઝીણી પટ્ટી જેવો દ્વિપકલ્પ હેલા, દરિયાઇ વહેણોથી તેની બંદરગાહના આંગણાને બચાવે છે; અને વિશ્ચુલા, પોલાંડમાંથી એકઠો કરેલો બધો કાંપ પોતાના જમણા ફાંટા વાટે જ દરિયામાં શ્વેનહૉર્સ્ટ આગળ ઠાલવતી હોવાથી આ બંદર આગળનો દરિયો પુરાયા વિનાનો સજીવ વહેણવાળો રહે છે. આમ, શાંત છાંયે સલામત રહીરહી દરિયાઈ વેપાર ખેડતું આ શહેર સદીઓથી ઇતિહાસમાં માતબર બંદર તરીકે જાણીતું છે, અને યુરોપના ઇતિહાસમાં છેક ઈ. ૯૯૭માં એક અગત્યના શહેર તરીકે તેનો ઉલ્લેખ મળે છે.

આજે ૯૭ ટકા જર્મન વસતિ ગણાવતું ડાન્ઝિગ મૂળ સ્લાવ જાતિનું વસાવેલું અને પોલાંડની ધરતીનું. ઇ. ૧૩૧૦માં ટયુટૉનિક સરદારોએ એને જીતી સ્લાવ વસતિની કતલ કરીને ત્યાં જર્મનોને લાવી વસાવ્યા ત્યારથી એ જર્મન શહેર બન્યું. પણ પોલાંડનું એ એકમાત્ર દરિયામુખ હોવાથી પોલાંડે પોતાનો તે પરનો દાવો હમેશાં રાખ્યા જ કર્યો છે. ઇ. ૧૪૫૫માં ટયુટૉનિક સત્તા ઢીલી થતાં તેની ધૂંસરી ફગાવી એ ફરી પાછું પોલાંડને પડખે ગયું. પણ પોલાંડની સત્તા સ્વીકારવા છતાં મુક્ત શહેર (Free City) તરીકે જ રહ્યું અને એ રીતે પોલ તેમજ ડાન્ઝિગર-જર્મનો બંને લોકોનું સમાધાન જળવાઇ ગયું. સાડાત્રણસો વરસ પછી ૧૭૯૩માં ફરી પાછું પૃશિયાએ ડાન્ઝિગરોની ગરજ ન હોવા છતાં તેને કબજે લીધું, જેમાંથી નેપોલિયને ૧૮૦૭માં તેને છોડાવ્યું, ને તે ફરી મુક્ત શહેર બન્યું; પણ તે માત્ર આઠ જ વર્ષ. ૧૮૧૫માં તે પાછું પૃશિયાને હાથ ગયું, અને પછી તો ધીરેધીરે એ નિર્માલ્યને ત્યાંના લોકોને એવું કોઠે પાડવામાં આવ્યું કે તેઓ દેશભક્ત જર્મનો જ બની ગયા. અને જ્યારે વર્સેલ્સના કરારોની રૂએ તેમને જર્મનીથી જુદા પાડવામાં આવ્યા ત્યારે એ ડાન્ઝિગર જર્મનોએ જબરો વિરોધ ઉઠાવ્યો! પોલાંડનો લગભગ ૮૦ ટકા વેપાર



દરિયાઈ માર્ગે જ થતો હોવાથી, અને તેને આ એકનું એક બંદર જીવાદોરી જેવું હોવાથી પોલાંડે તે પરનો પોતાનો પુરાણો દાવો રજૂ કર્યો. પરંતુ વર્સેલ્સના સંધિકારોએ જો કે તેના દરિયામુખ તરીકેના તે પરના હક્ક માન્ય રાખ્યા, છતા ત્યાંની વસતિનું સંપૂર્ણ જર્મનીકરણ ધ્યાનમાં લઇને મધ્યમ માર્ગ તરીકે ફરી તેને અગાઉની માફક પોલિશ રાજસત્તાના થોડા સંપર્ક સાથે મુક્ત શહેર બનાવવાનું ઉચિત ધાર્યું. લગભગ ત્રીસેક ગામ ધરાવતો ચોમેરનો ૭૯૧ ચોરસ માઈલનો પ્રદેશ તે માટે નિર્માણ કર્યો; અને પોલાંડની ધરતીને દરિયા સાથે સીધો સંબંધ રહે તે માટે એ મુક્તભૂમિ અને પૃશિયાની વચ્ચે 'પોલિશ કૉરીડોર' નામની પટ્ટી પોલાંડને કાઢી આપી, જ્યાં હેલા દ્વિપકલ્પની છાયામાં પોલાંડે ડીનિયા (Gdynia) નામનું એક સ્વતંત્ર નવું બંદર વસાવ્યું.

૧૯૩૯ના માર્ચમાં હિટલરે ડાન્ઝીગ પરનો દાવો ફરી સજીવન કરી તેની માગણી કરી, અને જતે દહાડે પોલિશ કૉરીડોર પણ પોતાને મળવું જોઇએ એમ ઉમેર્યું. આનો અર્થ પોલાંડના વેપારને ગળે ચીપ, ને પોલાંડની ભૂમિ પર હિટલરનો પગદંડો. પોલાંડે ઇંગ્લંડની મધ્યસ્થીથી કાંઇક તોડ કાઢવા મથામણ કરી, પણ હિટલરે એ કાંઇ ગણકાર્યું નહિ. નાઝી ચાલબાજી શરૂ થઈ ગઈ, ડાન્ઝિગમાંના જર્મનોની કનડગત થયાના પોકારો ઊઠયા ને ૧૯૩૯ના ઑગસ્ટમાં છૂપેવેશે જર્મન સૈન્યે ડાન્ઝિગમાં પ્રવેશી તેનો કબજો લીધો, અને સપ્ટેમ્બરની પહેલી તારીખે ડાન્ઝિગમાંના ફૉસ્ટર નામના નાઝી અગ્રણીએ ડાન્ઝિગને જર્મની સાથે જોડવાની વિનતિ કરી જેનો હિટલરે સ્વીકાર કર્યો; સાથોસાથ, એ જ દિવસે હિટલરે પોલાંડ પર આક્રમણ કરી બીજા મહાયુદ્ધનું મંગળાચરણ કર્યું.

મહાયુદ્ધ પૂરું થયું છે, લડાઇની હાલાકીઓથી ખાખાખીખી થએલું એ મુક્ત શહેર ફરી પાછું પોલાંડની અસર નીચે આવ્યું છે, ને છેલ્લા સમાચાર આવે છે કે પોલ લોકોએ ફરી તેને તેનું મૂળ પોલિશ નામ 'ડાન્સ્ક' આપીને તેની પુનર્રચના માટે એક જંગી યોજના ઘડી છે, જેમાં ડાન્ઝિગ અને ડીનિયા એ બંને બંદરોને સાંકળી લઇને એક મહાનગર વસાવવામાં આવશે, અને પંદરેક માઈલના એ પટ પરની વિશાળ બંદરગાહ યુરોપભરનાં અગ્રણી બંદરોમાં સ્થાન પામશે.

પોલાંડના સમસ્ત સાગરી વેપારનું એકમાત્ર ને ધીકતું દરિયામુખ હોવા ઉપરાંત એ જર્મની, પોલાંડ અને બાલ્ટિક રાજ્યો વચ્ચેના રેલવે વહેવારનું મુખ્ય મથક છે અને લડાઈ પહેલાં ચારેક લાખની એની વસતિ હતી. ઇમારતી લાકડું, અનાજ, ખાંડ, કોલસા, સીમેન્ટ અને પોલાદ એ એની મુખ્ય નિકાસ છે.

એરોપ્લેન કેમ ઊડે છે



આપણે જાણીએ છીએ કે પતંગ હવા કરતાં વજનદાર હોવા છતાં હવાના દબાણને લીધે ઉંચે ઊડે છે. જો પવનનો સપાટો વાતો હોય તો તે આપમેળે ઊંચે ચડે છે; નહિતર હવાનું દબાણ ઊભુ કરવાખાતર પતંગ ચગાવનારે દોડીને પતંગને ગતિ આપવી પડે છે.

એરોપ્લેનના ઊડવાની રચના પણ આ જ સિદ્ધાંત પર યોજાએલી છે. તેની પાંખો સામે અથડાતો પવન જ તેને અદ્ધર ઊંચકે છે. તમે જોયું હશે કે એરોપ્લેનની પાંખોનું નીચેનું પડખું જરા આંતરગોળ હોય છે, જ્યારે ઉપરની સપાટી સહેજ બાહ્યગોળ બનાવેલી હોય છે. આથી જ્યારે હવા એ પાંખની ધાર પર અથડાય છે ત્યારે તે બે ભાગમાં વહેંચાઈ જાય છે. થોડી હવા પાંખની નીચે અને થોડી હવા પાંખની ઉપર જાય છે. હવે, આ ઉપરની હવાને પાંખના ઉપરના ગોળાકાર ભાગનો સામનો થતાં તે એકદમ ઉંચે ચડે છે અને પાંખને ફરીવાર સ્પર્શી શકતી નથી. આથી પાંખની ઉપરના ભાગમાં થોડી જગ્યામાં હવાના 'ઓછા દબાણનો એક પટ' (Low pressure belt) રચાય છે; જ્યારે પાંખની નીચે જતી હવાને આંતરગોળ સપાટી સામે અથડાવું પડતું હોવાથી ત્યાંની હવાને દબાણ વધુ પડે છે અને ત્યાં 'ભારે હવાના દબાણનો પટ' રચાય છે. આ રીતે બે પટના દબાણ વચ્ચે તફાવત પડતાં એરોપ્લેન આખું અદ્ધર ઊંચકાય છે.

પરંતુ તેનું આ દબાણ ચાલુ રાખવા માટે એને અમુક ગતિ તો આપ્યા જ કરવી જોઇએ. એ ગતિ આપનાર તેનો પંખો (Propeller) હોય છે. એરોપ્લેનનું એન્જિન એ પંખાને ખૂબ જોરથી ફેરવે છે અને તેના પાંખિયાં હવાને પોતાની પાછળ ધકેલતાં રહે છે; આથી આખું એરોપ્લેન ગતિમાં રહી શકે છે.

ઘણાખરા એમ માને છે કે પાંખની નીચે ભરાતી હવા જ એરોપ્લેનને અદ્ધર ઉચકે છે; પણ ઊંચકવાનું ઘણુંખરું કામ તો પાંખની ઉપર ખાલી પડતા હવાના ઓછા દબાણના પટથી જ થાય છે. ને એ અસમાન દબાણના હવાના બે પટ ઊભાં થવાનું કારણ વિમાનની પાંખની વિશિષ્ટ રચના હોય છે. એ સિદ્ધાન્તનો અખતરો તો તમે જાતે ચાહશો તો હમણાં કરી શકશો. બહુ જાડો નહિ એવો એક કાગળ લઇ તેની ઘડી વાળી, નીચેના ચિત્રમાં બતાવ્યા મુજબ તેનો અરધો ભાગ ચોપડીમાં પૂઠા નીચે દબાવી, બાકીનો અરધો ભાગ પૂઠા પર વાળી દો. હવે ચોપડીની સામે, લીટીથી બતાવેલી દિશામાં જોરથી પવન ફૂંકશો તો ઉપરના કાગળ નીચે પવન મુદ્દલ વાતો ન હોવા છતાં પણ તે ઊંચકાશે!



આડી ફૂંકો

હવે સમજાયું હશે કે કયા કારણે એરોપ્લેન ઊડે છે. આ લેખને મથાળે આપેલા આલેખમાં પણ આ હકીકત સમજાવી છે તેથી વધારે સ્પષ્ટતા થશે.

પરદેશના પત્રમિત્રો

Our Friends Abroad

H. R. Desai
PEMBA, N. Rhodesia

પ્રિય ચન્દ્રકાન્ત,*

એર મેઇલથી લખેલો મારો પત્ર મળ્યો હશે. હું અહીં કાપડની દુકાનમાં કામ કરું છું. અહીંનો વેપાર આપણા દેશ જેવો નથી. અહીં એક દુકાનમાં દરેકે દરેક જાતનો માલ વેચાય છે—એટલે કે પિનથી માંડીને પ્લાવ સુધીનો માલ રાખવો પડે છે. દુકાનમાં આખો વખત ઊભા રહીને જ કામ કરવું પડે છે. સવારના સાડા સાતથી સાંજના સાડા ચાર સુધી કામ હોય છે. પછી દુકાન બંધ કરવામાં આવે છે. શનિવારે એક વાગ્યે બંધ, અને રવિવારે રજા હોય છે. ઘરાકો બહુ વિચિત્ર જાતના આવે છે. જંગલી લોકો જોડે કામ કરવાનું હોય છે, એટલે બહુ આપદા પડે છે. ઘેરથી બ્લાંકેટ લેવાનો વિચાર કરીને આવ્યો હોય અને અહીં આવી નિકર લઇને જાય! અહીં ઘણો માલ હિંદુસ્તાનનો જ ચાલે છે. એ લોકોના રીતરિવાજ પણ ઘણાં જુદા હોય છે. એ વિષે બીજા કાગળમાં લખીશ.

અહીંની નોકરીમાં શેઠ સાથે જ રહેવાનું હોઈ ખાતાપીતાં આપણને પગાર ચોખ્ખો મળે છે પણ એ રીત બહુ ખોટી છે; કેમકે એમાં માણસ ૨૪ કલાકનો ગુલામ હોય છે, જ્યારે દેશમાં વખત પૂરો થયો કે ઘેર જઇ શકે છે. બીજું, અહીં સીનેમા કે હોટેલ જેવાં આનંદ-વિનોદનાં કોઇ સાધનો નથી. જિંદગી બહુ ખરાબ રીતે જાય છે. પૈસા થોડાઘણા મળે, પણ તેનો કંઈ અર્થ નથી. આફ્રિકાવાસીઓના જીવનમાં વિકાસ બીલકુલ હોતો નથી.

આ સાથે અહીંની થોડી ટિકિટો મોકલું છું. તમારો ફોટો તથા બીજા થોડા ફોટો હોય તો મોકલવા મહેરબાની કરશો. સારી ટિકિટો હોય તો મોકલશો; ઘણો આભારી થઇશ. બીજા કોઇ મિત્રને પત્રવ્યવહાર કરવો હોય તો મારું સરનામું આપશો. —હરિભાઇ

(*ચન્દ્રકાન્ત સંઘવી, મૂળજી જેઠા મારકીટ, સંઘાગલી, મુંબાઈ-૨.)

નવા પત્રમિત્રો


(૧) પ્રવીણકુમાર છગનલાલ ગાંધી, શારદાશ્રમ, બારડોલી. દેશના તથા પરદેશના પત્રમિત્રો ઈચ્છે છે; (૨) છગનલાલ કે. પટેલ, પો. પાલડી, કુબેરસ્થા વાયા સોનગઢ, (કાઠિયાવાડ). દેશપરદેશના પત્રમિત્રો ચાહે છે; (૩) પ્રકાશ ગાંધી, ૩૨ સૅન્ડહર્સ્ટ રોડ, પારેખ સ્ટ્રીટ; ભીરાગ મૅન્શન, મુંબઈ ૪. આફ્રિકા, અમેરિકા તથા ઑસ્ટ્રેલિયાના પત્રમિત્રો ઈચ્છે છે. (૪) ચન્દ્રકાન્ત વૈદ્ય, હળદિયા શેરી, સગરામપુરા સુરત; ઇંગ્લંડ–અમેરિકાના પત્રમિત્રો ઇચ્છે છે; (૫) લાલભાઈ એલ ઝવેરી, ૧૦૮, ઝવેરી બજાર મુંબાઈ-૨ હિંદી તેમજ પરદેશી પત્રમિત્રો ચાહે છે. એમેજી તેમજ ગુજરાતીમાં પત્રવ્યવહાર કરી શકશે. (૬) મનહર સી. પટેલ, પો. ઑ. ૭૨, કીસ્યુમા (કેનિયા) હિંદી તેમજ પરદેશી મિત્રો ચાહે છે. (૭) છમનલાલ કે. પટેલ, પો. ઑ. ૯૮ જંગબાર (બ્રિ. આ.) જૂન અંકમાં એમનો પો. ઑ. નં ૬૮ છપાયો છે તે સુધારવો.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામઃ 'ચિંતન' (જુઓ જમણી તરફનું ચિત્ર) વજુભાઈ પટેલ, નૈરોબી; બીજું ઈનામઃ 'વનસુંદરી'(નીચે, ડાબી બાજુ)ડી. ડી. બારોટ–મુંબાઈ; (૩) નોંધપાત્રઃ 'વરસાદ પછીનો રસ્તો.' (નીચે, જમણી બાજુ) શશિકાન્ત ગહેતા, ખાર

સંખ્યા, ગુણ અને વિષયનું વૈવિધ્ય, બધી રીતે આ વખતે ઠીક સ્પર્ધા કરી શકે તેવાં ચિત્રો આવ્યાં છે. તેમાં પણ પોર્ટ્રેટની સંખ્યા વધારે છે. 'ચિતન' બહુ કાળજીપૂર્વક લેવાએલું પોર્ટ્રેટ છે અને કૅમેરાનો કસબ, પ્રકાશ તથા ચિત્રનું અનોખું ટ્રિમિંગ બધું આકર્ષક છે. માત્ર એનું નામ પૂરૂં સાર્થક થતું નથી. નેગેટિવ જરા ખામીવાળી હોવાથી એન્લાર્જમેન્ટમાં ઝીણાં તલકાં જણાય છે. ભાઈ ડી ડી. બારોટના 'વનસુંદરી' ચિત્રમાંની ભીલયુવતી કૅમેરાથી જ્ઞાત હોવા છતાં તેના ભાવ તથા તેની વિશિષ્ટ વેશભૂષા, અલંકાર આદિને કારણે તેમજ કુદરતી પ્રકાશમાં સ્વાભાવિકરીતે જ ચિત્ર લેવાએલું હોવાથી તે એક ઉપયોગી કૃતિ બને છે. 'વર્ષાદ પછીનો રસ્તો' સારા કોણથી લેવાયું હોવા છતાં વિષયના નામને અનુરૂપ ભાવ ઉપજાવી શકતું નથી. આ ઉપરાંત ભાઈ આર. જી. ગાંધીના 'દાન' ચિત્રનું સંયોજન ઠીક રચાયું છે, પણ કૃત્રિમતા અને છાયાપ્રકાશનાં ધાબાં ખૂંચે છે. ડી. ડી. બારોટના બીજા ચિત્ર 'પંચમહાલના ભીલ કુમારો'ની જોડીનો સ્નૅપ પણ નોંધયોગ્ય છે. પરંતુ પાત્રોનું આયોજન આકર્ષક નથી, આ ઉપરાંત ભાઇ જયવદન તકતાવાળા તથા એન. કે. પટેલના પાત્ર-વિષયો સારા હોવા છતાં મળેલી તકનો બરોબર ઉપયોગ તેઓ કરી શકયા નથી.

શ્રીદામ ભટ્ટ



સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પ્રકાશનો

આપણો ખોરાકઃ આજથી બે વરસ પર એક અનન્ય પુસ્તક તરીકે અમે જેનો પરિચય આપેલો તે 'આપણું હિંદુસ્તાન'ના જ કર્તા શ્રી મીનુ મસાણીની, એ જ ઢબે અને એ જ સજાવટભર્યાં સચોટ ચિત્રો સાથેની આ કૃતિ એટલી જ ભલામણને પાત્ર છે. અનુવાદક ચન્દ્રવદન ગહેતા રૂ. ૦ાાા; **પ્રકાશનાં પગલાં:** કરસનદાસ માણેકે પોતાની વિશિષ્ટ અને તેજસ્વી ભાષામાં જગતના ભિન્નભિન્ન ધર્મોની ચૌદ પ્રેરક કથાઓને, નવા જ દૃષ્ટિબિંદુથી રજૂ કરી છે. ઓછું ભણેલી આમ જનતાને સરળ ભાષામાં ઊંચું સાહિત્ય પહોંચાડવા માટે આ સંસ્થાએ શરૂ કરેલી 'સર્વોપયોગી સાહિત્ય શ્રેણી'નું પણ આ પહેલું પુસ્તક છે; ૦-૧૦-૦; **શ્રીગીતા સંકલન:** શ્રી રમણ મહર્ષિએ ગીતાના ૭૦૦ શ્લોકોમાંથી સાર રૂપ તારવી આપેલા ૪૨ શ્લોકો–શ્રી કિશોરલાલ મશરૂવાળાના સમશ્લોકી અનુવાદ તથા ગાંધીજીના ગદ્ય અનુવાદ સાથે, ૦-૩-૦; સંવત ૨૦૦૨નું કાર્તિકી **પંચાંગ**, ૦-૪-૦.





જીવનમાં ધીમું ઝેર સીંચનારી કોઈ વૃત્તિ હોય તો તે ભય છે. તમે હિંમત પકડો ને જુઓ કે જગત તમને માર્ગ આપી દેશે

વિસર્જન

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર



મલ્લિકાના બે પુત્રો દોઢ-બે વર્ષના થયા ન થયા, ત્યાં તો ગુજરી ગયા. આ વેળા, જ્યારે તેને ત્રીજો પુત્ર થયો, તો થોડા જ દિવસમાં એના પતિનું મૃત્યુ થયું'

એનાં સગાં-સંબંધીઓએ એને કહ્યું, 'પૂર્વ જન્મમાં તેં ઘણાં પાપ કરેલાં, તેથી આ જન્મમાં તને આવાં દુઃખ પડે છે.'

તેણે શોકાકુલ દિલે એ અજ્ઞાત જન્મનાં પાપ મૌનભાવથી માથે ચડાવી પ્રાયશ્ચિત્તમાં મન પરોવ્યું. તે ગામેગામ જઈ, પ્રત્યેક મંદિરમાં દેવપૂજન કરતી અને દેવતાઓને ધૂપ, દીપ, નૈવેદ્ય, પુષ્પ, ચન્દન, આદિ અર્પણ કરી, વ્રત, ધ્યાન, ઉપવાસ વગેરેમાં મગ્ન રહેતી. સેંકડો બ્રાહ્મણોની ચરણરજ લઇ રામાયણની કથા સાંભળતી, અને સાધુ-સંન્યાસીઓને ઘેર બોલાવી, પોતાના વહાલા પુત્રને આશીર્વાદ દેવા વીનવતી.

દુનિયામાં પોતાની જાતને સૌથી નીચી માની, એ અભાગિણી પોતાના સંતાન માટે સૌની પ્રસન્ન દૃષ્ટિ ને મંગલ આકાંક્ષા માગતી ફરતી હતી. સૂર્યચંદ્રથી માંડી નાનામાં નાનું જંતુ પણ તેના પુત્રનું, કોઈ પણ કારણે રખેને અમંગલ ઇચ્છે, એ ભયથી તે વ્યાકુળતાથી સર્વની પાસે અત્યન્ત દીન બની રહેતી.

જ્યારે તેનો પુત્ર દોઢ વરસનો થયો ત્યારે યકૃતદોષને કારણે તેને તાવ ચઢી આવ્યો અને તેનું શરીર દિવસે દિવસે ક્ષીણ થતું ચાલ્યું. માએ મંદિરમાં જઈ માનતા માની, દેવતાનું ચરણોદક પાયું. હરિકીર્તન કરાવી ઘર ગજાવ્યું, તોપણ રોગ તો ન મટ્યો. અસહાય અબળા ભૂદેવ પાસે હાથ જોડી ગદ્ગદિત કંઠે બોલી, 'મહારાજ, આટલું પ્રાયશ્ચિત્ત અને આટલું દુઃખ સહન કરવા છતાં પણ મારું પાપ ન ટળ્યું. દિનરાત દેવની પ્રાર્થના કરું છું, પૂજાપાઠ કર્યા કરું છું, તોપણ એનો કોપ દૂર ન થયો. શું તે ખરેખર મારા પુત્રને લઇને જ જંપશે? મારાં ઘરેણાં વેચી મેં તેને બરાબર નૈવેદ્ય ધર્યાં, મારું સર્વસ્વ ધર્યું તોપણ તેની ભૂખ ન મટી?'

ભૂદેવ બોલ્યા, 'દીકરી, આ ઘોર કળિકાળ છે. તેં ઘણું કર્યું છે, એની મને ખબર છે. પણ ગમે તેટલું કરો તોપણ સતજુગ જેવી ભક્તિ કાંઇ થઇ શકતી હતી? શિબિરાજાએ શકરાના રૂપમાં આવેલા ઇન્દ્રના મોંમાં પોતાની છાતીનું માંસ કાપી ભરી દીધેલું, એને લીધે એ રાજાને ચિરંજીવીપણું પ્રાપ્ત થયું. એનું નામ સાચી શ્રદ્ધા ને સાચી ભક્તિ! આજ એવી શ્રદ્ધા પૃથ્વી પર શોધી જડશે? નાનપણમાં મેં મારી માતા પાસેથી એક વાત સાંભળેલી તે આજે યાદ આવે છે.

જે ગામમાં મા રહેતી હતી એની પાસે જ એક વાંઝણી સ્ત્રી રહેતી હતી. જ્યારે પુત્રપ્રાપ્તિનો એને કોઈ સંભવ ન લાગ્યો, ત્યારે તેણે, જો ગંગામાતા પુત્ર આપે તો તેને ચરણે ધરવાની માનતા માની. છેવટે જ્યારે પુત્ર જન્મ્યો, તો એ અભાગિણી વિધવા થઈ ગઈ! તોપણ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા તે ગંગાના ઘાટ પર ગઇ અને ભાવપૂર્વક ગંગામાતાને પ્રણામ કરી બોલી, 'માતાજી! તમે દીધેલો પુત્ર તમારી જ ગોદમાં સોંપું છું. આ જ મારો પહેલો ને છેલ્લો પુત્ર છે. હવે આ જન્મમાં તો બીજા પુત્રની આશા નથી. આટલું કહી, તેણે જેવો તેના પુત્રને પાણીમાં ફેંક્યો, એવાં જ ગંગામાતાએ મગરના રૂપમાં પ્રગટ થઈ, પોતાના કરકમલમાં છોકરાને પકડી, તેની માને સોંપી દીધો. શ્રદ્ધા તે આનું નામ!'

ભૂદેવની વાત સાંભળી, મલ્લિકા માથું ઝુકાવી ઘેર આવી. તેણે પોતાની જાતને ધિક્કારી: 'આટલા દિવસ મેં ફોગટ દેવપૂજા કરી. પૂર્ણ શ્રદ્ધા ન હોવાથી જ મને કંઇ ફળ ન મળ્યું'

ઘેર આવીને જોયું તો પુત્ર તાવે બેભાન થઈ પડયો હતો. તેનું આખું શરીર ભઠ્ઠીની જેમ ધખતું હતું. જેટલા તેણે દવા પાવાના પ્રયત્ન કર્યા તે બધા વ્યર્થ ગયા. તેનામાં દવા પીવાની શક્તિ જ નહોતી રહી! વૈદ પણ માથું ધુણાવી ચાલ્યો ગયો. સંધ્યાના અંધકારમાં, વિધવાના એ શૂન્ય અને સૂના ઘરમાં, રોગી બાળકની તહેનાતમાં ફક્ત એક જ, બસ એક જ ઝાંખો દીવો બળતો હતો અને તે શોકાકુલ સ્ત્રી ચિત્રવત્ ઊભી હતી. જાણે કોઇને શોધી રહ્યો હોય એમ, એ બાળકે પોતાની તેજહીન આંખોથી એકવાર બધે નજર ફેરવી. અભાગી સ્ત્રી રડી પડી અને અત્યન્ત કરુણતાથી કહ્યું, 'મારા લાલ, મારા દુલારા, હું અહીં જ છું, તું શા માટે ડરે છે?'

તેને એણે છાતીએ લગાવ્યો, અને વારેવારે તેનું શરીર પોતાના શરીર સાથે ચાંપતી-ચાંપતી, તેના ગાલ ચૂમતી એઈ ઇચ્છતી રહી કે તેનો તાવ તેના પરથી ઊતરી પોતા પર આવે!

અકસ્માત હવાના ઝપાટાથી ઘરનાં બધાં બારી-બારણાં ઊઘડી ગયાં. એ જ ક્ષણે ટમટમ થતો ક્ષીણ દીવો બુઝાઇ ગયો અને એકાએક બહારથી કોઈ 'કલકલ' ધ્વનિએ એના કાનમાં પ્રવેશ કર્યો. મલ્લિકા એકદમ ઊઠી અને બોલી, 'હું ગંગામાતાનો સાદ સાંભળું છું. બેટા, મારી આંખના તારા, આ જો! આજે પૂનેમ છે. ગંગામાં ભરતી આવી છે. હું તને ગંગામાતાની ગોદમાં દઈશ. તેની ઠંડી ગોદમાં જ તારા દેહની આગ શમશે.'

પુત્રનું ધીખતું શરીર છાતી સાથે ચાંપતી મલ્લિકા નિર્જન ઘાટ તરફ ગઈ અને બોલી, 'મા; માતાના દિલનું દર્દ જો તમે જાણતાં હો તો આ છોકરાના શરીરની બળતરા તમે મિટાવો. મારું એકમાત્ર ધન તમને સોંપું છું.'

આમ કહી તેણે અચેત શિશુને હાથમાં લઈ, આંખો બંધ કરી, પાણીમાં નાખી દીધો! ઘણી વાર સુધી તેણે આંખો મીંચી રાખી અને કલ્પના કરવા લાગી, કે જ્યોતિર્મયી ગંગા માતા, પુત્રને ગોદમાં લઇ, તેના મસ્તક પર કમલ-દલ ચડાવી પ્રકટ થયાં છે. પુત્ર તાવની વેદનાથી મુક્ત થઈ હસતો હસતો દેવીના ખોળામાંથી માના ખોળામાં આવવા હાથ લંબાવે છે. દેવી કહે છે: 'હે અભાગી નારી, તારું ધન તું પાછું લે.'

કલ્પનાને સત્ય સમજી, રોમાંચિત મલ્લિકા આંખો ઉઘાડી બોલી ઊઠી, 'ક્યાં છે, મા! લાવો, મારો પુત્ર!'

સર્વત્ર પરિપૂર્ણ ચંદ્રની શુભ્ર જ્યોત્સ્ના પ્રસરી હતી. વાતાવરણ શાંત હતું. ગંગા કલકલ કલકલ કરતી નિર્વિકાર ભાવે વહેતી ચાલી જતી હતી. મલ્લિકા હોશમાં આવી બૂમ પાડી ઊઠી, 'નહિ દે? મારા લાલને પાછો નહિ દે? પાછો નહિ દે?'

ગંગાનાં જળ જાણે તેની હાંસી ઉડાવતાં કલકલ રવે ઊછળી રહ્યાં. વનભૂમિ દક્ષિણના પવનથી પ્રકંપિત થઇ, મર્મર રવે નિશ્વાસ નાખતી રહી.

'રશ્મિકાન્ત'

દુઃખ, દિલગીરી કે પાકૃતિ જ્યાં સુધી હસતે મોંએ નથી વધાવી ત્યાં સુધી આપણું મનુષ્યત્વ અપૂર્ણ છે.

આ વર્ષે ૧૯૪૫ની કેટલીક વૈજ્ઞાનિક શતાબ્દીઓ

પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડ્યા

વિખ્યાત અંગ્રેજી વૈજ્ઞાનિક સાપ્તાહિક 'નેચર'માં, દર વર્ષના જાન્યુઆરીના પહેલા અંકમાં, એન્જી૦-કૅપ્ટન એડગર સ્મિથ તે તે વર્ષની વૈજ્ઞાનિક શતાબ્દીઓનો સરસ અહેવાલ આપે છે. તેમાં કોઈ વિજ્ઞાનીઓના જન્મની શતાબ્દીઓ હોય, તો કોઈના મરણની હોય: તેમજ કોઈ ખાસ શોધખોળની શતાબ્દી પણ આપી હોય છે. કેટલાંય વર્ષોથી આ વાર્ષિક લેખમાળા ચાલુ છે અને તે 'નેચર'નું એક વાર્ષિક અંગ થઈ ગયું છે. કૅપ્ટન સ્મિથ કેટલીક કેટલીક વાર તો બહુ જાણવા જેવી હકીકતો ને તે ય સુન્દર રીતે આપે છે. આમ, સન ૧૯૪૫ના જાન્યુઆરી ૬ તારીખના અંકમાં સન ૧૯૪૫ની શતાબ્દીઓ—એટલે સન ૧૮૪૫, ૧૭૪૫, ૧૬૪૫ના વિજ્ઞાન સંબંધના બનાવો—ની જે હકીકતો આપી છે તેમાંની કેટલીક ગુજરાતી વાચનારાઓને ય રસદાયક થઈ પડશે.

સન ૧૬૪૫: એક અંગ્રેજ ગણિતશાસ્ત્રી જ્હૉન વૉલિસ (૧૬૧૬-૧૭૦૩) પોતાના આત્મવૃત્તાન્તની હકીકતો લખી ગએલ છે. તેણે સન ૧૬૪૫માં શરૂ થએલ એક અગત્યની પ્રવૃત્તિનો ઉલ્લેખ કરેલો છે. તે પ્રવૃત્તિ એટલે ઑક્સફર્ડમાં જુદાજુદા વિદ્વાનો પૃથક્પૃથક્ વિષયોની ચર્ચાને માટે, વાતચિતોને માટે તેમ જ જ્ઞાનના વિનિયમને માટે મળવા લાગ્યા હતા તેના સંબંધી છે. એમાંથી વારંવાર લન્ડનમાં ય આવી નાની વિદ્વત્પરિષદો મળવા લાગી, અને તેમાંથી છેવટે લન્ડનની પ્રખ્યાત **રૉયલ સો**સાએટીનો જન્મ થયો. અંગ્રેજ રાજસત્તા ક્રૉમવેલના અવસાન પછી બરોબર સ્થપાઇ ત્યારે, સન ૧૬૬૦ના નવેમ્બરની ૨૮મી તારીખે આ રૉયલ સોસાએટીની પહેલી રીતસરની બેઠક થઇ: ત્યાં લગી એમ જ વિદ્વાનો ને વિજ્ઞાનીઓ મળ્યા કરતા હતા.

સન ૧૬૪૫માં એક મશહૂર ફ્રેન્ચ રસાયનશાસ્ત્રીનો જન્મ થયો હતો. નિકોલસ **લેમેરી** (૧૬૪૫-૧૭૧૫) એક રસાયનશાસ્ત્રના પુસ્તક (Cours de Chimie)નો કર્તા હતો. એ પુરાણા કાળમાં પણ આ પુસ્તકની કેટલી ય આવૃત્તિઓ થઈ ગઈ અને કેટલીક જુદીજુદી ભાષાઓમાં તેનું ભાષાન્તર પણ છપાઈ ગયું, એવું સરસ ને ઊંચી કોટિનું તે રસાયન-પુસ્તક હતું.

સન ૧૭૪૫માં, સ્વીડનના રસાયનશાસ્ત્રી ગા'ન (Gahn), બલૂનો ચલાવવાની પહેલ કરનારા બે ભાઇઓમાંનો નાનો એટીન મૉંગોલ્ફીઅર (Etienne Montgolfier), અને વધુ વિખ્યાત વિદ્યુત્શાસ્ત્રી વોલ્ટા જન્મ પામ્યા હતા. **ગા'ન** બર્ગમાનનો શિષ્ય, શીલેનો સમકાલીન ને બર્ઝીલિયસનો ગોઠિયો હતો: આ ત્રણે એ જમાનાના વિખ્યાત રસાયનીઓ હતા. ગા'ન પહેલાં રસાયની હતો, પછી ખનિજશાસ્ત્રી થયો, પછી ધાતુઓને જુદી પાડનાર ધાતુશાસ્ત્રી થયો. મૅંગેનીઝ ધાતુનો પ્રથમ શોધક એ હતો. એ મૅંગેનીઝ ધાતુએ આપણને નવાંનવાં પોલાદો તથા અન્ય મિશ્ર ધાતુઓ આપી છે, ને એક રીતે હિન્દનું તે એક રત્ન છે, કારણ કે જગતભરમાં આપણા આ દેશમાંથી જ સૌથી વધુ મૅંગેનીઝ નીકળે છે. આપણી બેવકૂફી કહો કે દુર્ભાગ્ય કહો, પણ એ કાચી ધાતુમાંથી શુદ્ધ ધાતુ કાઢવાનું મહત્ત્વનું કામ હજી હિન્દમાં થતું નથી, ને તેથી એ ધાતુનો ખરો લાભ ને નફો બીજા દેશવાળાઓ લઈ ગયા છે, ને હજી ય લઇ જાય છે.

ખગોળવિદ્યાને આગળ લાવનારા કાર્યકર્તાઓમાંનો એક જર્મન **ઑટર** પણ ૧૭૪૫માં જન્મ્યો હતો. (૧૭૪૫-૧૮૧૬) સન ૧૮૧૩માં નેપોલિયનના ફ્રેન્ચ લશ્કરે જર્મન શહેર બ્રેમેનનો કબજો લીધો અને ઑટરના દેખતાં જ એની વેધશાળા લુંટાઈ ગઇ અને એની ચોપડીઓ તથા લેખો બાળી મુકાયા. આથી એનું દિલ તૂટી ગયું ને ત્રણ વર્ષ પછી તે મરણ પામ્યો.

વોલ્ટા: ઇટલીમાં કોમો શહેરમાં જન્મ્યો હતો (જ્યાં આગળ હમણાં મુસોલિની પકડાઇ ગયો હતો): (૧૭૪૫-૧૮૨૭). એણે નેપોલિયનનો આખો કાળ દીઠો, પણ તે ઑટરના જેવી આફતોમાંથી બચી ગયો. ૧૮૯૯માં, ને ફરીથી ૧૯૨૭માં મોટાં આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંમેલનો કોમોમાં ભરાયાં હતાં અને એમણે વોલ્ટાની શોધોની તેમ જ એના મૃત્યુની શતાબ્દીઓ ઊજવી હતી. છેલ્લા પ્રસંગે ઇંગ્લન્ડથી સર જે. જે. ટૉમ્સન, લૉર્ડ રથરફૉર્ડ ને સર આર્થર એડિંગ્ટન જેવા શ્રેષ્ઠ વિજ્ઞાનશાસ્ત્રીઓ અંગ્રેજી પ્રતિનિધિ તરીકે વોલ્ટાને માન આપવા ગયા હતા.

સન ૧૮૪૫માં મૃત્યુ પામેલા વિજ્ઞાનીઓમાં સૌથી વધુ જાણીતો જ્હૉન ફ્રેડરિક **ડૅનયલ** હતો. તે એ વખતે રૉયલ સોસાએટીના પરદેશખાતાનો મંત્રી હતો, ને રૉયલ સોસાએટીની કાઉન્સિલની બેઠક ચાલતી હતી તે દરમ્યાન જ એકાએક મરણ પામ્યો હતો. લન્ડનમાં જ જન્મેલો, લન્ડનમાં જ ઉછરેલો ને ખાનગી રીતે ભણેલો એ વિજ્ઞાનમાં એટલો શોખ ધરાવતો હતો કે ૨૩ વર્ષની નાની વયે તે રૉયલ સોસાએટીનો સભ્ય થઈ ગયો હતો. પછીથી તે કિંગ્ઝ કૉલેજમાં રસાયનનો પ્રોફેસર નિમાયો. 'ડૅનિયલ સેલ' નામથી મશહૂર થએલી વિજળીનો પ્રવાહ પેદા કરનાર સેલ એણે બનાવી. તે ઉપર રૉયલ સોસાએટીએ એને કોપલિ-ચન્દ્રક આપ્યો.

ફ્રેન્ચ ઘડિયાળ બનાવનાર **પેલ્ટીઅર** આજ અરસામાં વિજળી વિષે પ્રયોગો કરી રહ્યો હતો. તે દરમ્યાન 'પેલ્ટીઅર ઇફેક્ટ'ના નામથી જાણીતી થએલી વિદ્યુત્ની એક ઘટના એણે શોધી કાઢી હતી. તે ૧૭૮૫માં જન્મ્યો હતો ને ૧૮૪૫માં મૃત્યુ પામ્યો હતો.

એના મૃત્યુના નવ દિવસ અગાઉ જ ઈટાલિયન-ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી કૅસિનીના કુટુમ્બનો છેલ્લો નબીરો ૯૭ વર્ષની ઉમરે મરણ પામ્યો. કૅસિની કુટુમ્બે ચાર પેઢી લગી પૅરિસની વેધશાળા સંભાળી હતી. એનો બાપ ૭૦ વર્ષની ઉમરે ૧૭૮૪માં મરી ગયો હતો અને દાદો ૧૭૫૬માં ૭૯ વર્ષની ઉમરે અને એનો મોટો દાદો (બાપનો દાદો) ૧૭૧૨માં ૮૭ની ઉમરે મરી ગયો: આમ આ કુટુમ્બે એકસો ને વીસ વર્ષ લગી પૅરિસની વેધશાળાને સંભાળી રાખી, ને આ અસાધારણ તવારીખ ફ્રેન્ચ બળવાને લીધે જ અટકી ગઇ!

સન ૧૮૪૫માં ઘણા વિજ્ઞાનશાસ્ત્રીઓ જન્મ્યા હતા. તેમાં ખગોળશાસ્ત્રીઓ પુષ્કળ હતા: સર વિલ્યમ મેહૉની ક્રિસ્તિ (મૃત્યુ: ૧૯૨૨) જે ૧૮૮૧થી ૧૯૧૦ લગી શાહી ખગોળશાસ્ત્રી (Astronomer Royal) હતા; સર જ્યૉર્જ ડારવિન (મૃ. ૧૯૧૨)—કેમ્બ્રિજમાં ખગોળનો તથા પ્રયોગાત્મક ફિલ્સૂફીનો ૧૮૮૩થી ૧૯૧૨ લગી પ્રોફેસર; આર્થર કૂપર રૅનયાર્ડ (મૃ. ૧૮૯૪) લન્ડન મૅથેમૅટિકલ (ગણિત) સોસાએટીનો સ્થાપક અને રૉયલ ઍસ્ટ્રૉનૉમિકલ સોસાએટીનો મંત્રી; અને પૅરિસની વેધશાળાનો વિખ્યાત ડાઇરેક્ટર ટિસેરાં (મૃ. ૧૮૯૬). યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૮૪૫માં સિનસિનેટીની વેધશાળા પૂરી

બંધાઇ રહી : તે કાળે તે એ દેશની મોટામાં મોટી વેધશાળા હતી.

વિલિયમ કિંગડમ ક્લિફર્ડ, ગૅબ્રિઅલ લિપમાન અને રૉઈન્ટજન એ ત્રણે પણ ૧૮૪૫માં જન્મ્યા હતા.

જે દિવસોમાં હક્સલિ, ટિન્ડૉલ, હર્બર્ટ સ્પેન્સર ને લેસ્લી સ્ટીવન ગાજતા હતા તે દિવસોમાં બુદ્ધિશાળી મંડળોમાં ક્લિફર્ડથી વધુ નામાંકિત બીજી કોઇ મૂર્તિ ન હતી. તે લન્ડનની યુનિવર્સિટી કૉલેજમાં ગણિતનો પ્રોફેસર હતો. આઠ વર્ષની પ્રોફેસરી પછી તે ૩૪ વર્ષની નાની ઉંમરે ગુજરી ગયો. એના વખતના માણસોમાં સૌથી વધુ ચમત્કારી ગણિતશાસ્ત્રી તે હતો.

લિપમાન : જે રૉયલ સોસાઇટીનો વિદેશી સભ્ય (For. Mem. R. S.) હતો તે કૅનેડાથી ફ્રાન્સ પાછા ફરતાં રસ્તામાં જ સન ૧૯૨૧માં ગુજરી ગયો. જન્મ્યો હતો લક્ઝેમ્બર્ગના સંસ્થાનમાં, પણ પૅરિસમાં લગભગ આખી જિંદગી એણે ગાળી હતી ૧૮૮૬માં સૉરબૉનની ભૌતિક-સંશોધન પ્રયોગશાળાનો એ અધિષ્ઠાતા થયો; સન ૧૯૦૮માં એને ભૌતિકશાસ્ત્રનું નોબેલ-પારિતોષિક મળ્યું, અને ૧૯૧૨માં પૅરિસની ઍકેડેમી ઑવ સાયન્સનો તે પ્રમુખ ચૂંટાયો. રંગીન ફોટોગ્રાફીની એની રીત ૧૮૯૧માં જાહેર થઇ હતી.

ક્લિફર્ડનું નામ પ્રમાણમાં થોડા જ સામાન્ય વાચકોને આજે જાણીતું છે; લિપમાનનું વધારે સંખ્યાવાળા પણ ખાસ મંડળને જાણીતું છે; પણ **રૉઇન્ટજનનું** નામ તો સર્વ સ્થળે જાણીતું છે. ડ્યૂસેલ્ડૉર્ફના જર્મન શહેરની નજીક જન્મેલા આ ભૌતિકશાસ્ત્રીએ વૂર્ટ્ઝબર્ગમાં એના જ નામથી જાણીતાં થયેલાં કિરણો—જેને એણે X-Rays (એક્સ-રેઝ) એવું નામ આપ્યું હતું તે શોધી કાઢ્યાં: સન ૧૮૯૫ના ડીસેમ્બરમાં. સારા જગતનાં વિદ્વાન-મંડળોએ એને વધાવી લીધાં, અને એના જર્મન લેખનું અંગ્રેજી ભાષાન્તર 'નેચર' પત્રે તરત ૧૮૯૬ના જાન્યુઆરીમાં પ્રકટ કર્યું. ૧૮૯૭માં રૉઇન્ટજન સોસાઇટી સ્થપાઈ, ને તે ૧૯૨૭માં બ્રિટિશ ઈન્સ્ટીટ્યૂટ ઑવ રેડિયૉલૉજી સાથે ભળી ગઇ. એની છેલ્લી નોકરી મ્યૂનિચની યુનિવર્સિટીના પ્રોફેસર તરીકે હતી, જ્યાં તે ૧૯૨૩માં મરણ પામ્યો.

૧૮૪૫ની શરૂઆતમાં ૨૧ વર્ષનો એક જુવાન, બીજો રૅંગ્લર અને પહેલો સ્મિથ-પારિતોષિક મેળવનાર થયો. તેને વિષે તેના પરીક્ષકોમાં વાત થઇ કે 'આપણે તો એની કલમ ઘડવાને જ લાયક છીએ!' તે યુવાન પૅરિસમાં પ્રો રેનોનો શિષ્ય થયો ને છેવટે લૉર્ડ કેલ્વિન થયો.

રૉયલ સોસાઇટીનો પ્રમુખ તે વખતે નૉર્ધૅમ્પ્ટનો બીજો માર્ક્વિસ સ્પેન્સર જોશુઆ કૉમ્પ્ટન હતો. એ ઘણાં વર્ષો પ્રમુખ રહ્યાં. તે સર હંફ્રી ડેવીને પગલે ચાલીને બધા ફેલોઝને ચા પાતો. ક્રિસ્ટી તેના મંત્રી હતો ને લૉબાક તિજોરર હતો. ૧૮૪૫નો કૉપ્લિ-ચન્દ્રક બેલ્જિયન જીવશાસ્ત્રી શ્વાનને આપવામાં આવ્યો હતો, અને શાહી ચન્દ્રકો અરી ને બેકને આપવામાં આવેલા: એક લગભગ વિસરાઈ ગયો છે; પણ એણે યોનિનાં જ્ઞાનતંતુઓ ઉપર શોધખોળ કરી હતી.

રૉયલ ઇન્સ્ટીટ્યૂશનમાં ફેરેડે ધીરજથી પોતાની શોધો ચલાવી રહ્યો હતો. સન ૧૮૪૫માં એણે પ્રકાશ અને લોહચુમ્બકની વચ્ચેનો સંબંધ શોધી કાઢ્યો હતો.

ઑક્સફર્ડ-કેમ્બ્રિજમાં પ્રયોગાત્મક વિજ્ઞાન મડદાલ હાલતમાં હતું, તો ય લંડનમાં રાસાયનિક લૅબોરેટરીઓની બહુ જ ખોટ હતી. રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ કૉન્સર્ટના પ્રયાસ અને કાળજીથી એ ખોટ પૂરી પાડવાને ઑક્સફર્ડ સ્ટ્રીટમાં એક રૉયલ કૉલેજ ઑવ કેમિસ્ટ્રી ખોલવામાં આવી (તેમાંથી આજની ઇમ્પીરિયલ કૉલેજ ઑવ સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી થઇ છે): ને પહેલા વર્ષના ૨૬ વિદ્યાર્થીઓ યુવાન જર્મન રસાયનશાસ્ત્રી 'હૉફમાન'ને ચરણે બેસતા. રસાયનશાસ્ત્રના અંગ્રેજી શિક્ષકો ન હોવાથી, જર્મનીમાં લીબિગની મદદ માગવામાં આવી હતી, અને લીબિગે પોતાના જ શ્રેષ્ઠ શિષ્ય ને મદદનીશ હૉફમાનને મોકલ્યો. આજે આ વાત નવાઈની લાગે, પણ તે દિવસોમાં 'જાતીય સરસાઇ' 'વજ્રની મૂઠી' કે 'લોહી ને લોઢું' વગેરેની વાતો નહોતી, અને ઇંગ્લંડ-જર્મનીના વૈજ્ઞાનિકોની વચ્ચે ખુલ્લો મિત્રતાભર્યો સંબંધ ને લેવડદેવડ ચાલુ હતાં. તેથી બન્નેને લાભ થતો. ૧૮૬૪ લગી હૉફમાન લંડનમાં રહ્યા. દરમ્યાન તેના ઘણા બુદ્ધિશાળી શિષ્યો થયા. પછીથી જર્મનીએ એને પાછો બોલાવ્યો અને તે બર્લિનમાં પ્રોફેસર થયો. સન ૧૮૮૪માં તે ફરીથી લંડન આવ્યો—આ વખતે એના એક સૌથી વિખ્યાત અંગ્રેજી શિષ્ય વિલ્યમ પર્કિનના માનમાં ભોજન અપાયું હતું ને ઉપર તે પ્રમુખ થયો હતો. ડામરમાંથી પહેલો રંગ બનાવી બજારમાં મૂકનાર આ પર્કિન હતો.

૧૮૪૫ એટલે વૉટરલૂની લડાઈ ને નેપોલિયનના પતનની પછી ત્રીસ વર્ષ. મતલબ કે ત્રીસ વર્ષ લગી યુદ્ધ ન હતું ને સુલેહશાંતિ જળવાયાં હતાં. પરિણામે હરકોઈ યોજના ચલાવનારને પૈસા મળી રહેતા. રેલવેની ઘેલછા બેસી ચૂકી હતી ને રૉબર્ટ સ્ટીવન્સન પોતાને લાંચ તરીકે મોકલાએલા મોટા ચેકો પાછા વાળતો હતો. આ સાલમાં છએક નવી રેલવેની લાઇનો ઉઘડી હતી, તેમાં બ્રિસ્ટલ ને ગ્લૉસ્ટર વચ્ચેની અને લંડન-કેમ્બ્રિજ-મૅન્ચેસ્ટર અને શેફિલ્ડ વચ્ચેની પણ હતી. જેમ રેલવે પ્રસરતી ગઈ તેમ વિજળીના તાર પણ પ્રસરતા ગયા. પૅડિંગ્ટન કે સ્લફ સ્ટેશને માત્ર એક શિલિંગ આપીને લોકો 'પેલું રસ પડે તેવું ને અત્યંત અસાધારણ યંત્ર' જોઈ શકતા હતા, જે યંત્ર વડે ૫૦થી પણ વધુ સિગનલો એક મિનીટમાં ૨,૮૦,૦૦૦ માઇલને અંતરે મોકલી શકાતી!' તારની સૌથી સરસ જાહેરખબર તો એ હતી કે સ્લફ શહેરમાં ખૂન કરનાર જ્હૉન ટૅવેલ નામના ખૂનીને પૅડિંગ્ટન સ્ટેશન પર તારની મદદે ગિરફતાર કરવામાં આવ્યો!

એક સભાનો અહેવાલ તારથી મેળવીને છાપામાં પહેલી વાર છપાયો તે પણ આ વર્ષમાં જ. રીવૉલ્વરની શોધ કરીને પ્રખ્યાત થએલા કોલ્ટે ન્યૂ યૉર્કના બંદરમાં દરિયાઇ તારનાં દોરડાં બે વર્ષ અગાઉ નાખ્યાં હતાં, ને બ્રિટનમાં લોક ઇંગ્લંડ-ફ્રાન્સની વચ્ચે તારનું દોરડું હોય તો— કરીને સ્વપ્ન જોતા હતા.

દરિયાઈ વાહનમાં તો ઉત્ક્રાન્તિ જ થઇ હતી. વહાણોને બદલે ઠેરઠેર આગબોટો થઇ ગઇ હતી, લાકડાનાં વહાણોને બદલે લોઢાનાં વહાણો બાંધવાનો નવો ધંધો જામી ચૂક્યો હતો, ને અંગ્રેજી સ્ટીમર રૅટલરના ૧૮૪૫માં થએલા અખતરાઓથી પહેલ કરનારાઓને માલૂમ પડ્યું હતું કે ત્રણ તુતકવાળી ભવ્ય લડાઇની મનવારોને પણ સ્ક્રૂની મદદથી ચલાવી શકાય એમ હતું! વસન્ત ઋતુ આવી તેટલામાં પ્રખ્યાત લોઢાની સ્ક્રૂ-સ્ટીમર 'ગ્રેટ બ્રિટન'(જેને એક વાર 'મૅમથ' પણ કહેવામાં આવતી હતી તે) તૈયાર થઈ જવા આવી હતી, અને ૨૩મી ઍપ્રિલ ૧૮૪૫ના 'ટાઈમ્સ' પત્રે લખ્યું કે 'ગઇ કાલે મહારાણી ને પ્રિન્સ આલ્બર્ટ આ અસાધારણ વાહનની મુલાકાતે ગયાં હતાં.' આ સમયે ફ્રાન્સિસ પીટીટ સ્મિથે (જે 'સ્ક્રૂ-સ્મિથ'ના નામથી મશહૂર હતો તેણે) મહારાણીની નાની નૌકા 'ફેરી' (પરી)ને જે નાનકડો સ્ક્રૂ-પ્રોપેલર લગાડી આપ્યો હતો તેનું એક સુન્દર સોનાનું મૉડેલ વિક્ટોરિયા રાણીને ભેટ કર્યું.

૧૮૪૫ના જુલાઈની ૨૬મીએ 'ગ્રેટ બ્રિટન' પોતાની પહેલી સફરે નીકળી અને આ પ્રમાણે ઍટલૅન્ટિકની આરપારની સફરમાં એક નવું પ્રકરણ ઉમેરાયું.



અમે બાંધી કફન સર પર અને કૂદી પડચા'તા,
અમે અંધાર–પાપાચારને ચગદી રહ્યા'તા;
હતો સંમોહ અમને મુક્તિનાં મુક્તાફળોનો,
કદી શું ધૂળથી ઢાંક્યો જશે ધ્રુવતારલો જો ?
નસેનસ વીજળી, સીનો ય વજ્જર શો કરીને;
અમે કૂદી પડચા યાહોમ, ના બેઠા ઠરીને;
બન્યું એ તો, બન્યે જાશે, કહો અફસોસ શાને ?
શિકારી તો સદા બરબાદ કરશે આશિયાંને –અશોક હર્ષ

(ભારતી)

> દુનિયા તો માણુસને નાણાવટીની જેમ શોક, હાનિ, મુક્તિ, લોભ રૂપી ટકોરા મારી ખખડાવીને લે છે; જેનો રણકો નબળો આવે છે તેને તરત ફગાવી દે છે. . . . ઝાડ પણ સુકાએલાં પાંદડાંને નકામો કચરો ગણી ખેરવી નાખે છે. જેનામાં જરાકે લાયકાત હોય છે તેને આ સંસારમાં સ્થાન મળે જ છે.
>
> રવીન્દ્રનાથ

રા. બ. લાલશંકર ઉમિયાશંકર

(૧૮૪૫–૧૯૧૨ : જન્મશતાબ્દી ૨૩મી ઑગસ્ટ ૧૯૪૫)

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતના સમાજને જાગ્રત કરી તેના જીવનક્રમને નવીન વલણ આપવા માટે જે અનેક પ્રયત્ન થયા છે તેમાં અત્યંત ઉચ્ચ અને ઉપકારક પ્રયત્નો કરનાર તરીકે લાલશંકરભાઈનું નામ મોખરે રહેશે. આજે તો આપણા પ્રાંતે રાજકીય ઉપરાંત સામાજિક ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે; પરંતુ એ પ્રગતિનાં મૂળ જેમણે નાખ્યાં છે, એ પાયા નાખવામાં પોતાના જીવનસર્વસ્વનું અર્પણ જેમણે કર્યું છે, અને તેમ કરતાં લોકાપવાદ નિંદા કે તિરસ્કારની ગણના ન કરતાં એકનિષ્ઠાથી, અનન્ય શ્રદ્ધાથી અને પોતાના દેશ માટેના ઊંડા પ્રેમની લાગણીથી જે મહાપુરુષોએ અથાગ શ્રમ, અવિરત ધૈર્ય અને અડગ નિશ્ચય દર્શાવ્યાં છે એ અગ્રેસરોમાં લાલશંકરભાઈનું નામ ઉચ્ચ સ્થાને છે.

સાધારણ પરિસ્થિતિમાંથી આપબળ અને જાતમહેનતે આગળ આવનાર, અને એ રીતે સાધેલી જીવનઉન્નતિના તન–મન–ધનના બધા લાભ અનેક પરોપકારી કાર્યો નિઃસ્વાર્થભાવે કરીને, ગુજરાત બહાર છેક મહારાષ્ટ્ર સુધી 'દેવ-મુન્સફ'નું ઉપનામ કમાનાર, ૧૯મી સદીના ઉત્તરાર્ધના એ અગ્રણી ગુજરાતી, રા. બ. લાલશંકર ઉમિયાશંકરની જન્મશતાબ્દી ગયા માસ (ઑગસ્ટ)ની ૨૩મીએ આવી ગઈ. પરંતુ જે 'લાલશંકરના ગણિત'ના નામથી ગુજરાત સમસ્તના વિદ્યાર્થીઓ આજે પરિચિત છે તેના એ રચયિતા, જે સામૂલી જીવનમાંથી નામાંકિત અને અગ્રેસર ગુજરાતી બન્યા એ પુરુષાર્થકથા બહુ ઓછા આજે જાણે છે. મહારાષ્ટ્ર પોતાના ભાંડારકર, રાનડે, ગોખલે, ટિળક કે આગરકરને ભૂલી જાય એ વસ્તુ જ કલ્પી શકાતી નથી. પણ ગુજરાતે, તેના પ્રાંતીય ક્ષેત્રમાં અમૂલ્ય સેવા આપી જનાર અને તેના સામાજિક તથા રાજકીય ઉત્કર્ષ અર્થે આજીવન મથી જનાર આ સેવાભાવી પુરુષને જાણે વિસારી દીધા હોય તેમ જ લાગે છે.


લાલશંકરભાઈ ←યુવાન વયે

અમદાવાદ પાસે કલોલ સ્ટેશનથી પાંચેક માઈલ દૂર આવેલા વડોદરા રાજ્યના નારદીપુર નામના ગામડામાં, ઇ.૧૮૪૫ના ઑગસ્ટની ૨૩મી તારીખ ને શનિવારે, સંવત ૧૯૦૧ના શ્રાવણ વદ છઠના રોજ એમના મોસાળમાં લાલશંકરનો જન્મ થએલો. ન્યાતે તે વીસનગરા નાગર ગૃહસ્થ હતા. એમની માતાનું નામ માનકોર અને દાદાનું નામ કિરપાશંકર. એમના પિતા અમદાવાદમાં યજમાનવૃત્તિ પર નિર્વાહ કરતા, એટલે પ્રાથમિક શિક્ષણની સાથોસાથ ધાર્મિક ક્રિયાઓનું કેટલુંક શિક્ષણ લેવું પડેલું. પરંતુ પ્રાથમિક શિક્ષણ પૂરું થયે પિતાએ જ્યારે એમની અંગ્રેજી ભણવાની ઇચ્છાનો સખ્ત વિરોધ કરી પોતાના ધંધામાં જ જોડવાનું દબાણ કર્યું અને કાં નોકરીએ ન વળગે તો ઘર છોડી જવાનું ફરમાવી દીધું, ત્યારે એમના ઓથ વિના પણ સ્વનિશ્ચયને વળગી રહેવાનો એમણે નિરધાર કરી લીધો. એ વખતે પોતે પરણેલા હતા એટલે પોતાના તથા પત્નીના ભરણપોષણનું સાધન બંધ થવાનું જોખમ વહોરીને પણ પોતાનો ઇરાદો મક્કમપણે એમણે અમલમાં મૂક્યો, અને હાલની ટ્રેનિંગ કૉલેજ જે એ વખતે નૉર્મલ સ્કૂલ કહેવાતી તેમાં, પોતાને જે પાંચ રૂપિયાની સ્કૉલરશિપ મળતી હતી તેના સહારે અંગ્રેજી ભણતર શરૂ કર્યું. એ વખતે બીજા વિષયોની સાથે ત્યાં અંગ્રેજી શિક્ષણ પણ અપાતું. થોડા સમય બાદ એમની સ્કૉલરશિપ બેવડાઇને દસ રૂપિયા થઈ. અહીં તેમણે અથાગ શ્રમ લઇ ગણિતનો અભ્યાસ એટલે સુધી વધાર્યો કે એલ્ફિન્સ્ટન કૉલેજની સીનિયર સ્કૉલરશિપની પરીક્ષાના પ્રશ્નપત્રો આ વર્નાક્યુલર કૉલેજના પણ વિદ્યાર્થીઓને આપી જે પરીક્ષા


લાલશંકરભાઈ ઉત્તરાવસ્થામાં→

લેવામાં આવી, તેમાં તે પહેલે નંબરે પાસ થયા.

તરત તેમને અમદાવાદ હાઈસ્કૂલમાં ગણિત શિક્ષક તરીકે રૂ. ૨૫ના પગારથી નોકરી મળી (૧૮૬૬); છતાં તેમણે ખાનગી અભ્યાસ તો ચાલુ જ રાખ્યો ને મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. તેમનો ઈરાદો તો હજી આગળ કૉલેજનો અભ્યાસ કરવાનો હતો. પણ આર્થિક સંકડામણ ઘણી હતી અને નોકરીમાંથી તેમને રજા મળી નહિ છતાં આથી નાસિપાસ ન થતાં તેમણે ખંત અને નિશ્ચયબળપૂર્વક ઘેર અભ્યાસ કર્યો, અને ૧૮૬૭માં મદ્રાસ જઈ ત્યાં એક મહીનો રહી એફ. ઇ. એ. (ફર્સ્ટ એક્ઝામીનેશન ઇન આર્ટ્સ) પસાર કરી આવ્યા. આ મહેનતનું તેમને ફળ મળ્યું, નોકરીમાં તેમનો મેદ વધતો ગયો અને અંતે ગુજરાત પ્રૉવિન્શ્યલ કૉલેજના ગણિતશિક્ષક થયા.

પણ ઉન્નતિગામી તેમનો જીવ જંપીને બેસે તેવો ન હતો. ઈ. ૧૮૭૧માં કેળવણી ખાતાની નોકરી છોડી તેમણે અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટના ક્લાર્કની નોકરી લીધી, ને ત્યાં રહીને ફુરસદના વખતની પળેપળ કાયદાના અભ્યાસ પાછળ ખરચી ૧૮૭૩માં સબજજ (મુનસફ)ની પરીક્ષા પસાર કરી. બીજે જ વરસે તે પંઢરપુરમાં સબજજ નિમાયા અને ત્યાંથી ધંધુકા, ધોધા, વીરમગામ, સોલાપુર, અહમદનગર, નાસિક એમ વિવિધ સ્થળે ઉત્તરોત્તર દરજ્જે ચઢતા જઈ ૧૮૮૧માં અમદાવાદમાં, જે કોર્ટમાં પોતે કારકુન તરીકે દાખલ થયા હતા તે જ સ્મૉલ કૉઝિઝ કોર્ટના જજના ઊંચામાં ઊંચા હોદ્દે રૂ. ૮૦૦ના દરમાયાથી આવ્યા, જ્યાંથી ૧૯૦૩ના મે માસની ૧૩મી તારીખે રૂ. ૪૦૦ના પેન્શન પર તે વાનપ્રસ્થ થયા.

પંઢરપુરમાં તેઓ સબજજ હતા ત્યારે એક પરોઢિયે ચન્દ્રભાગા નદીને કાંઠે ફરતાં તેમના પગ સાથે કાંઈક અથડાયું, અને તપાસ કરતાં તરતનું જન્મેલું કોઈક બાળક જણાયું. તરત તેને ઉચકી ઘેર લઈ જઈ પોતાનાં પત્નીને સોંપ્યું. પણ આ રીતે થતી બાળહત્યાના ખ્યાલે તેમના અંતરમાં એટલું ઊંડું દુઃખ થયું કે આ બદીના નિવારણ માટે કાયમી અને વ્યવહારૂ ઉપાય તરીકે બાલાશ્રમ કાઢવાનો તેમને વિચાર સૂઝ્યો. તરત તેમનું ખંતીલું મન એ યોજના પાછળ લાગી ગયું; અને પંઢરપુરનું વિખ્યાત બાલાશ્રમ ઉઘાડી તેને નિભાવવા મુંબાઇના ધનાઢ્યોને અરજ કરી. તે માટે દર શનિવારે સાંજે તે પંઢરપુરથી નીકળી મુંબાઇ જતા, ને રવિવારે શેઠિયાઓને ઘેર રખડી તેમને સમજાવી ફંડ એકઠું કરતા; ને તે જ રાત્રે પાછા ગાડીએ બેસી સોમવારે પંઢરપુરમાં પોતાના હોદ્દા પર હાજર થતા. તેમના અવિશ્રાંત શ્રમ ને અનુકંપાથી સ્થપાએલી એ સંસ્થા આજ સિત્તેર વર્ષથી મહારાષ્ટ્રનાં હજારો નિર્દોષ ને ત્યજાએલાં બાળકોને જીવનદાન આપી સંસારમાં સન્માર્ગે વાળવાનું પુણ્યકાર્ય કરી રહી છે.

માત્ર એમના શિક્ષણકાળની મુસીબતો વખતે જ નહિ, પરંતુ એમના સમસ્ત જીવનઘડતરમાં જેમની સહાનુભૂતિ અને સહાય સદા મળ્યા કરતાં એ મહીપતરામભાઇએ પ્રાર્થના સમાજના શુદ્ધ એકેશ્વરવાદમાં એમની શ્રદ્ધા બેસાડવા સાથે એમને સામાજિક તથા ધાર્મિક સુધારાનો રંગ લગાડયો હતો; ને એમની પ્રેરણા પોતાનાં સમાજસેવા તથા પ્રજાહિતનાં કાર્યો પાછળ હોવાનો ઋણસ્વીકાર એ હમેશ કરતા. ૧૮૯૧માં મહીપતરામભાઇનું અવસાન થતાં પોતાના એ ગુરુના સ્મારક તરીકે પંઢરપુરના જેવું જ એક અનાથાશ્રમ કાઢવાનો એમણે નિશ્ચય કર્યો, જેનું પરિણામ તો આજે અમદાવાદમાં પ્રત્યક્ષ છે. આજે એ આશ્રમ અનેક સામાજિક નિર્દયતાઓના જીવતા સ્મારક સમો રહીને એ નિર્દયતાઓના ભોગ બનનારાંને શીળી છાયા આપી રહ્યો છે.

અમદાવાદ આવ્યા પછી તો તેમણે એકેએક સામાજિક તથા જાહેર હિતની પ્રવૃત્તિમાં પોતાનો સમસ્ત ફાજલ વખત [illegible] દીધો. એવું એક પણ સાર્વજનિક કાર્ય નહિ હોય, જેમાં તેમનો [illegible] નહિ હોય. અમદાવાદની કેટલી યે જાહેર સંસ્થાઓનાં મકાનો તેમની જાતિદેખરેખ નીચે બંધાયાં છે. મહીપતરામ અનાથાશ્રમ ઉપરાંત જ્ઞાનપ્રચાર માટેની આપાસાવ લાયબ્રેરી, મુસ્લિમ શિક્ષણ માટેનું અન્જુમને ઇસ્લામ, સ્ત્રીસંસ્કાર પ્રવૃત્તિ માટે ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટીટ્યૂટ, સામાજિક સુધારા માટેનો સંસાર સુધારા હૉલ ને શિક્ષણ તથા સાહિત્યપ્રચાર કરનારી ગુજરાત વર્નાક્યુલર સોસાએટી જેવી પીઢ સંસ્થા સુદ્ધાંનાં મકાનો બધાં તેમના જ 'હાથે' બંધાયાં છે,—'હાથે' એ શબ્દને સાર્થ કરતા ભાવમાં; કેમકે નકશા બનાવવાથી માંડીને ઈજનેર, મિસ્ત્રી, કડિયા, સુતાર અને કેટલીક વખત મજૂર સુધીનાં કાર્યમાં આ બધાં મકાનો બાંધવામાં એમણે અંગત ફાળો આપ્યો છે અને ઝીણવટ તથા કરકસરથી તે પાર પાડયાં છે.

સ્ત્રીશિક્ષણનું કાર્ય તો તેમને સૌથી પ્રિય હતું. એ માટેની તેમની ધગશ કેટલી તીવ્ર હતી તે આ પ્રસંગથી જણાશે કે રા. બ. મગનભાઈની કન્યાશાળામાં વધુ અભ્યાસ માટેની યોજનામાં મોટી ઉમરની બાળાઓ દાખલ થવા માટે આનાકાની કરવા લાગી અને એ યોજના પડી ભાંગવાનો ભય ઊભો થયો ત્યારે લાલશંકરભાઇએ પોતાનાં લગભગ નિરક્ષર પત્નીને, અવડી આધેડ ઉમરે એ શાળાના વર્ગમાં ભણવા મોકલ્યાં! એટલા માટે કે તેમની તથા પોતાના સ્વજન મિત્રોની મોટી ઉમરની સ્ત્રીઓને શાળામાં ભણતી જોઇ બીજી મોટી બાળાઓ વિનાસંકોચે આવવા પ્રેરાય.

મહીપતરામ પછી, મહારાષ્ટ્રીય સમાજસુધારક જ્યોતિબા ફૂલેના સંપર્કમાં તેઓ આવ્યા, અને જાતિ કે સંપ્રદાયનાં બંધનોથી પર વિશાળ માનવજાતની સેવાનું લક્ષ્ય સ્વીકારીને, જ્યોતિબાએ મહારાષ્ટ્રમાં ઉપાડેલું એ જ રીતે ગુજરાતમાં અસ્પૃશ્યોદ્ધારનું કામ એમણે જ પહેલવહેલું ઉપાડયું. બાળલગ્ન અને વિધવાવિવાહ માટે પણ એ પુષ્કળ જહેમત લેતા. વીસ વર્ષની વયે તો એમણે વિધવાવિવાહ પર જાહેર ભાષણ આપેલું. આજથી અરધી પોણી સદી પૂર્વે જ્યારે સમાજમાં આજના જેટલી સહિષ્ણુતા નહોતી ત્યારે એ કાર્યો પાર પાડતાં એમને શું સહન કરવું પડ્યું હશે તેની કલ્પના કરી શકાશે.

છપ્પનિયાના દુકાળ વખતે એમણે પીડિતો માટે હજારો રૂપિયા એકઠા કરવા ઉપરાંત ઢોરોને બચાવવા ઠેરઠેર કૅટલ-કૅમ્પ નિભાવી જે સેવા કરેલી તે તો સરકારી દફતરે નોંધાએલી છે. તેની કદરમાં સરકારે એમને કેસરે હિંદ ચંદ્રક આપેલો.

એમની સેવા કદી કોમવાદી પણ ન હતી. અમદાવાદની અંજુમને ઈસ્લામના તો તે આધારરૂપ હતા. અમદાવાદમાં પહેલી મોહમેડન એડ્યુકેશનલ કૉન્ફરન્સ ભરવાનું માન તેમને ઘટે છે. ૧૮૯૪ની મુસલમાન કૉન્ફરન્સના સ્વાગત પ્રમુખ અને ૧૯૦૪ની ચોથી મુસલમાન એડ્યુકેશનલ કૉન્ફરન્સના ઉપપ્રમુખ પણ તે જ હતા.

એમની ધર્મપરાયણતાની સાક્ષી તો પ્રાર્થનાસમાજના સ્થાપક ભોળાનાથ સારાભાઈનું આ વચન જ પૂરે છે કે 'આ કાર્યમાં મહીપતરામ અને લાલશંકરનો સાથ મળ્યો તેથી જ મારી ધારણા ફળી.' લગભગ ૩૦ વર્ષ સુધી તેમણે પ્રાર્થનાસમાજના મંત્રી અને પ્રમુખ તરીકે સતત સેવા કરી હતી. અને અગ્રેસર સંસાર સુધારક તરીકે તેમની કીર્તિ એટલી ફેલાએલી હતી કે ૧૯૦૭માં સુરતની ઇન્ડિયન નૅશનલ સોશ્યલ કૉન્ફરન્સના પ્રમુખ એ નીમાએલા.

એમની પ્રકૃતિ પહેલેથી જ ઉદ્યમશીલ હતી. ટ્રેનિંગ કૉલેજમાં

હતા ત્યારે 'ગુજરાત શાળાપત્ર'માં લેખો લખતા. પછી એટલાથી સંતોષ ન થતાં પોતાના સહાધ્યાયી સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા સાથે 'ટીકાકાર' નામનું માસિક શરૂ કરેલું. આ ઉપરાંત એમનાં શાળોપયોગી પુસ્તકો તો જાણીતાં જ છે. અમદાવાદ જેવા મોટા શહેરના ફર્સ્ટ ક્લાસ જજ જેવા જવાબદારીભર્યાં કામમાં ફુરસદ મળવી એ દુર્લભ ગણાય છે. છતાં આ ઉત્સાહી અને સામર્થ્યવાન પુરુષ પોતાની નોકરીના કામ ઉપરાંત, ઉપર જણાવ્યાં તેવાં અસંખ્ય સાર્વજનિક કાર્યો સતત કર્યા જ કરતા. જજ તરીકે સત્યાસત્ય પારખી લેવાની તીવ્ર બુદ્ધિ તેમનામાં હતી, અને આ શક્તિ તથા કાયદાના ઊંડા જ્ઞાન વડે તેઓ ઉત્તમ ન્યાયાધીશ ગણાએલા. વળી અમદાવાદના જ વતની અને બહોળી પિછાનોવાળા હોવા છતાં શુદ્ધ ન્યાયનું પાલન કરનાર તરીકે તેમની નામના હતી. ન્યાયના કામમાં તેમની આગળ અપ્રમાણિકપણું કે લાગવગ ચાલી શકતાં નહિ.

એમની પ્રકૃતિમાં જ કંઈક એવું હતું કે મનને સદા વિચારમાં રોકાએલું રાખ્યા કરતું અને કામ કરવાને પ્રેર્યાં કરતું. કામ કર્યા વિના એમને ચેન પડતું નહિ. સાંજે પણ ફરવા બહુ જતા નહિ, પણ મિત્રો સાથે અનેક વિચારો કરતા ને યોજનાઓ ઘડતા. એકલા પડતા તો ઈઝી-સોફા પર તેમના નિયત પોશાકમાં (ઝીણું પંચિયું, બટન વિનાનું મલમલનું પહેરણ ને માથે ચોકડી ભાતનો નાખેલો કકડો) મૂછોના વાળ પ્રસારતા વિચારવમળમાં ગુંથાએલા નજરે પડતા. એમનું જીવન સાદું, નિયમિત અને મિતાહારી હતું. રહેણીકરણી અને પહેરવેશમાં નવીનતા કે વિવિધતા વિનાની એકસરખી સાદાઇ જ રહેતી. પણ કાર્યમાં વૈવિધ્ય બેશુમાર હતું. કયું કાર્ય કઈ પદ્ધત્તિએ એ કરશે તે કહેવું મુશ્કેલ થઇ પડતું. દરેક કાર્યમાં ઉપયોગ, હેતુ, સાર્થકતા અને લાભ એ લક્ષબિંદુઓ રાખીને; અને છતાં પોતે બાંધેલા સિદ્ધાન્તને મક્કમપણે વળગી રહીને, સમય અને સ્થિતિ જોઇને, તેઓ અત્યંત વ્યાવહારિક બુદ્ધિથી કામનો નિકાલ કરતા. મનના તો એ એટલા દૃઢાગ્રહી હતા કે તેમનો નિશ્ચય થયો તે કદિ ફરતો નહિ. કામ એ જ પોતાના જીવનનું સાર્થક્ય ગણતા. તેમનું વ્યસન કહો, શોખ કહો, આનંદ કહો, જે કહો તે કામ, કામ અને કામ જ હતું.

નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એમણે એક મિલ ખરીદી એમાં પોતાનાં નાણાં રોક્યાં, પણ ગણતરી ખોટી પડી એ મિલના વહીવટના બોજાએ એમનું સ્વાસ્થ્ય બગાડ્યું અને મગજ પરના એ ભારથી ઇ. ૧૯૧૨ના ઑક્ટોબરની ૧૨મીએ એ અવસાન પામ્યા. એમને કંઈ સંતતિ ન હતી. પોતાનાં એક ભત્રીજીને પુત્રીતુલ્ય ઉછેરી કેળવેલાં, પરંતુ તે પણ તેમની હયાતીમાં જ મૃત્યુ પામેલાં.

(જ્યોતિર્ધર, વિદ્યાબ્હેન અભિનંદનગ્રંથ, ગ્રંથ-ગ્રંથકાર ને ભારતીમાંથી)

ઍલ્યુમિનિયમ અને મૅગ્નેશિયમ

તામ્રયુગથી માંડી આજ સુધીમાં ધાતુશોધન-વિજ્ઞાનમાં જો કોઈ સૌથી વધુ ક્રાંતિકારી પ્રસ્થાન થયું હોય તો તે છેલ્લાં થોડાં વર્ષો થયાં, વજનમાં હલકી એવી ઍલ્યુમિનિયમ અને મૅગ્નેશિયમ નામની ધાતુઓનાં શોધન, સંસ્કરણ ને વિધવિધ ઉપયોગ દ્વારા છે.

સાઠ વર્ષ પહેલાં જગતભરની ઍલ્યુમિનિયમની વાર્ષિક પેદાશ ૮૦ ટનથી પણ ઓછી હતી. આજે તેની પેદાશ ત્રણથી ચાર લાખ ટન જેટલી વધી ગઈ છે. પહેલાં આ ધાતુ પ્રત્યે કોઇનેય માનભાવ નહોતો; આજે એ ઇજનેરોની માનીતી ધાતુ થઈ પડી છે—આ જમાનાની ચમત્કારિક ધાતુ ગણાવા લાગી છે. માનવ જીવનની એકેએક જરૂરિયાતમાં ઉપયોગી નીવડે એવી ઍલ્યુમિનિયમ અને તેની વિવિધ મિશ્રધાતુઓ (alloys) આજે તૈયાર છે.

ઍલ્યુમિનિયમ વજનમાં હલકું છે. લોખંડ, ત્રાંબા ને જસત કરતાં ત્રીજા ભાગનું ઓછું વજન ધરાવતી આ ધાતુ એના હલકાપણા ને ટકાઉપણાને લીધે જ આજે અત્યંત મૂલ્યવાન લેખાવા લાગી છે. તેના વિદ્યુત્પ્રવાહના તારો તો એટલા બારીક બનાવવામાં આવે છે કે જે નરી આંખે તો દેખી પણ ન શકાય. અને દોઢ રતલ વજનના આવા તાર આખી પૃથ્વીની આસપાસ વીંટળાઈ વળે !

ઍલ્યુમિનિયમની મિશ્રધાતુ લોખંડ જેટલી જ મજબૂત ને છતાં વાતાવરણની અસરથી ન કટાય તેવી હોય છે આથી યુદ્ધ દરમ્યાન તેનો ઉપયોગ હવાઈ જહાજોથી માંડી ડીઝલ એન્જિનો, પૂલો અને તોપોની બેસણીઓ આદિ બનાવવામાં થયો હતો. ઍલ્યુમિનિયમની મિશ્રધાતુનાં બનેલાં હવાઈ જહાજો વજનમાં ૫૦૦૦ રતલ ઓછાં હોઇ, ઓછા બળતણે લાંબી સફરો ખેડી શકે તેવાં બને છે. ચાલુ યુદ્ધમાં મિત્રરાજ્યોને વરેલો વિજય, આવાં લાંબી સફરો ખેડતાં, હલકા વજનનાં બનેલાં હવાઈ અને દરિયાઈ જહાજોને જ આભારી લેખાય છે.

વળી ઍલ્યુમિનિયમ અને તેની મિશ્રધાતુઓ ચકચકતા વૈવિધ્યપૂર્ણ રંગોથી રંગી શકાય છે, એટલે યુદ્ધોત્તર પુનર્રચનામાં તેનો ઉપયોગ ગૃહસ્થાપત્ય, દુકાનો અને જાહેર મકાનોમાં ખૂબ થશે. ઘરબાંધકામમાં છાપરાના ઢાંકણ તરીકે વપરાતી લાકડાની વજનદાર ફ્રેમોને બદલે તેમજ એતીનાં લોખંડી વજનદાર ઓજારોને બદલે ઍલ્યુમિનિયમ અને તેની મિશ્રધાતુઓના બહોળા વપરાશની સંભવિતતા છે.

ઍલ્યુમિનિયમ દુનિયામાં સર્વત્ર પથરાએલું, સર્વસાધારણ, પૃથ્વીના પડની સંકલનામાં બારમા ભાગનું અને ધરાતલમાં સમાએલી સર્વ ધાતુઓમાં ત્રીજા ભાગનું ધાત્વ (Metalic) મૂળતત્ત્વ છે. તે કદી ચોખ્ખું નથી મળી આવતું, પણ માટી વગેરે સાથે ભળેલું હાથ આવે છે. ઈ. સ. ૧૮૨૫માં સૌથી પ્રથમ તેની શોધ થઇ ત્યારથી તે ૧૮૮૦ સુધી તેની અસંસ્કૃત ધાતુ (Ore)નું સંસ્કરણ કરવામાં ભારે જહેમત અને ખરચ ઉઠાવવાં પડતાં હતાં. પછી રસાયણશાસ્ત્રની પ્રગતિથી તેનું શુદ્ધિકરણ સસ્તું અને મોટા જથ્થામાં થવા માંડ્યું. અત્યારે તો તેને યુનાઇટેડ સ્ટેટસ, કૅનેડા, સ્કૉટલૅન્ડ અને ત્રેહસમાં આવેલા બૉક્સાઈટ (Bauxite) નામના ખડકોમાંથી પાણીથી ઉત્પન્ન કરેલી વિદ્યુત્‌વડે જુદું પાડવામાં આવે છે. ઉપરાંત સમુદ્રના જળનું શોધન કરીને તેમાંથી પણ તે મેળવવામાં આવે છે.

ઍલ્યુમિનિયમના કરતાં વજનમાં અરધી છતાં તેના જેટલી જ ટકાઉ બીજી ધાતુ તે મૅગ્નેશ્યમ છે. મૅગ્નેશ્યમ યુદ્ધવિષયક બાબતોમાં Strategic Metal તરીકે મોખરાનું સ્થાન ભોગવે છે. અગ્નિવર્ષા વરસાવવામાં ઈન્સીન્ડીઅરી બૉમ્બો અને હવાઈ જહાજોની બનાવટમાં તેનો બહોળો ઉપયોગ થાય છે. ગયા વિશ્વયુદ્ધમાંથી જ તેનો ઉપયોગ તો હાથ ધરાયો હતો; પણ આ બીજા વિશ્વયુદ્ધમાં તો તેની ઉપયોગિતા એટલી બધી વધી ગઇ કે તેને મેળવવા વિજ્ઞાનીઓએ ઇ.સ. ૧૯૪૦થી સમુદ્રના જલભંડારનું મહામંથન આરંભી દીધું છે.

વળી આ બે ધાતુઓના કરતાં યે સર્વોપરી નીવડે એવી મૅગ્નેશિયમ ધાતુ ઍલ્યુમિનિયમ ને મૅગ્નેશ્યમના મિશ્રણથી બનાવવામાં આવી છે. યુદ્ધ પછી આ હલકી ધાતુઓના ઘણા ઉપયોગ થઈ શકશે. વહાણ, ટ્રેન, બસ અને ટ્રકની બનાવટથી માંડી ખેતીનાં ઓજારો અને ગૃહસ્થાપત્યમાં તેમના વપરાશથી જબ્બર ક્રાંતિ આવશે આ ધાતુઓનાં બનેલાં વાહનવ્યવહારનાં સાધનો વજનમાં હલકાં બનેલાં હોઇ તેમને ગતિમાન કરનારાં યંત્રો અને બળતણ પણ ઓછાં જોઇશે. આ કારણથી ભવિષ્યનાં હવાઈ જહાજો ખંડખંડની એકધારી સફરો ખેડવા શક્તિવંતાં બનશે.

એ તો ઠીક પણ આ હલકી ધાતુઓનો ઉપયોગ સેતુબંધનથી માંડી રનો જડવા સુધીનાં ઘણાં કાર્યોમાં થઈ શકશે. કદાચ આ ધાતુઓના વપરાશથી આપણા જીવનવ્યવહારમાં એવી તો ક્રાંતિ આવશે કે આપણે આવતા યુગને 'ઍલ્યુમિનિયમ યુગ'ને નામે ઓળખતા થઇશું '

—શિવપ્રસાદ ત્રિવેદી

વિવિધ દેશોના સ્વાતંત્ર્યદિન

ભારતવર્ષ	૨૬ જાન્યુઆરી	પેરૂ	૨૮-૩૦ જુલાઇ
લિથુઆનિયા	૧૩ ફેબ્રુઆરી	મેકસિકો	૧૬ સપ્ટેમ્બર
ગ્રીસ	૨૫ માર્ચ	બ્રાઝીલ	૧૭ સપ્ટેમ્બર
ઇટાલી	૨૬ માર્ચ	પોર્ટુગાલ	૫ ઑક્ટોબર
સ્પેન	૧૪ એપ્રિલ	ચીન	૧૦ ઑક્ટોબર
પોલૅંડ	૩ મે	ચેકોસ્લોવાકિયા	૨૬ ઑક્ટોબર
રૂમાનિયા	૧૦ મે	તુર્કસ્તાન	૧ નવેમ્બર
નૉર્વે	૧૭ મે	રશિયા	૬-૮ નવેમ્બર
અમેરિકા	૪ જુલાઇ	ઑસ્ટ્રિયા	૧૨ નવેમ્બર
આર્જેન્ટીના	૯ જુલાઇ	હંગેરી	૧૬ નવેમ્બર
ફ્રાન્સ	૧૪ જુલાઇ	ફિનલૅંડ	૬ ડિસેમ્બર
બેલ્જિયમ	૨૧ જુલાઈ		

વિદ્યાર્થી વિજ્ઞાન-મંડળો

વિજ્ઞાન આજે જે રીતે પ્રગતિ કરે છે અને માનવજીવનમાં એનું જે સ્થાન નિશ્ચિત થતું જાય છે તે જોતાં જો ભાવિનું આધિપત્ય વિજ્ઞાનના અને આજના બાળકોના હાથમાં જ આવવાનું હોય તો વિજ્ઞાનનું શિક્ષણ પણ વિદ્યાર્થીજીવનનાં વર્ષો દરમ્યાન જ આપી દેવું જોઇએ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપવાની પદ્ધતિને વેગ મળવો જોઇએ. આ દષ્ટિએ અમેરિકામાં હમણાં વિદ્યાર્થીવિજ્ઞાન-મંડળો મોટી સંખ્યામાં વધતાં જાય છે અને એને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે. શાળા પછીના કલાકોમાં અથવા શનિ-રવિવારના દિવસે આ મંડળો ચલાવાય છે. વિદ્યાર્થીઓ સ્વ-વ્યવસ્થાથી જ અને એકાદ સહાયક શિક્ષકની દોરવણી નીચે રેડિયો-સેટ વગેરે મૉડેલો બનાવવાનું, રાસાયણિક પ્રયોગો કરવાનું, જંતુઓનો સંચય કરવાનું અને એવું બીજું ઘણું પ્રાથમિક દરજ્જાનું કામ કરે છે, જે એમને વધુ ઊંચા અભ્યાસ માટે પાયાની તાલીમ તરીકે મોટી મદદ રૂપ થઇ પડે.

આવાં મંડળોને ત્યાંની સરકાર, વૈજ્ઞાનિક સંસ્થાઓ, અને ઔદ્યોગિક મંડળો તરફથી સાહિત્ય અને સાધનોની સારી મદદ પૂરી પાડવામાં આવે છે; અને સંશોધનના પ્રયોગો, સંગ્રહો અને કારખાનાંઓ વગેરે જોવા માટે પ્રોત્સાહતું નિમંત્રણ પણ આપવામાં આવે છે.

આપણા વિદ્યાર્થીઓએ પણ આવાં સ્વાવલંબી મંડળો ઊભાં કરવાની જરૂર છે. (યુ.સો.વી.)

જેલમાં અભ્યાસ

૧૯૨૪માં ઇજિપ્શિયન લશ્કરમાં કેરો ખાતે નોકરી કરતા બ્રિટિશ સેનાપતિ સર લી સ્ટેકના ખૂનકેસમાં સંડોવાએલા અબ્દુલ ફત્તાહ ઇનાયત નામના કાયદાનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને ૨૦ વર્ષની સજા થઈ હતી. આ ઈનાયત રોજ જેલમાં મજૂરી કર્યા પછી તેની કોટડીમાં કાયદાનો અભ્યાસ કરતો. પરીક્ષા સમયે તેને સંગીનધારી વૉર્ડરોના પહેરા નીચે ફવાદ યુનીવર્સિટીમાં પરીક્ષા આપવા બેસવા દેવામાં આવતો. ચાળીસ વર્ષની ઉંમરે તેણે ધારાશાસ્ત્રીની પરીક્ષા પસાર કરી ત્યારે તે સજાનો આખરી ભાગ ભોગવી રહ્યો હતો. તેની સજાની મુદત પૂરી થતાં તેને જેલમાંથી છોડવામાં આવ્યો અને ઇજિપ્તની કોર્ટે તેને વકીલાતની સનદ પણ આપી. (હાંડિયો)

નવાં પુસ્તકો

હિંદનું પ્રજાકીય અર્થશાસ્ત્ર : આપણી આજુબાજુ જે આર્થિક બાબતો ઉપર બોલાય છે ને લખાય છે તે—આપણી ખેતી, ઉદ્યોગો, બૅંકો, હુંડિયામણ, રેલ્વે, નહેરો, પરદેશનો વેપાર, લશ્કરી ખર્ચ, વહાણવટું, સરકારી દેવું વગેરે જેવા વિવિધ પ્રશ્નોને સમજવા ઈચ્છનારાઓ માટે સરળ ભાષામાં લખેલી પ્રવેશિકા-લેખિક—વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧-૮-૦; **જીવનનાં ઝરણાં :** બંગભંગના કાળથી પ્રજામાં જે નવી જાગૃતિ અને નવા જુસ્સાનું બીજારોપણ થયું ત્યારથી ૧૯૩૫ સુધીના ત્રીસ વર્ષના ગાળામાં બનેલા બનાવોનું દર્શન કરાવતી શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલની જીવનકથા—જેમાં, દક્ષિણ આફ્રિકામાં તેમજ હિંદમાં બંને સ્થળે, ગાંધીજીની નજીક રહી આજ સુધીની દરેક ચળવળમાં ભાગ લેનારા એ સેવકે ભૂલો કે રંગપૂરણી વિના, ગાંધીજીની દોરવણી ને વલ્લભભાઈની સરદારી નીચે રાજકિય ખેલાડી બનેલા ગુજરાતનું દર્શન કરાવવા ઉપરાંત દક્ષિણ આફ્રિકા તથા ગુજરાતના એ કાળના સામાજિક સ્વરૂપનો પરિચય ઝીણાં બીબાંથી ખીચોખીચ ભરેલાં ૪૦૦ પાનાંમાં આપ્યો છે. પ્રકાશક—નવજીવન પ્રકાશન મંદિર, ૨-૮-૦. **આપણા દાંતો :** દાંતની રચના, તેની ઉપયોગિતા તેનું જતન તથા તેમાં થતાં દરદો અટકાવવા માટે લેવાવાં જોઇતાં અગમચેતીનાં પગલાં—એ બધા મુદ્દાઓનું સરળ ભાષામાં શાસ્ત્રીય ને વિગતવાર જ્ઞાન આપતું આ પુસ્તક દાંત વિષેના જ્ઞાનનો પ્રજામાં જેમ બને તેમ વધારે પ્રચાર થાય તે ઇરાદાથી તેની મૂળ કિંમત રૂા. ૧-૦-૦ છતાં વિદ્યાર્થીઓને ૦-૯-૦થી મળશે ને બધી આવક શુભ કાર્યમાં ખર્ચાશે. લેખક તથા—પ્રકાશક : હરરાય અમુલખરાય દેસાઇ, ૧૦, પ્રીતમનગર એલિસબ્રિજ, અમદાવાદ, ૧-૦-૦; **ગુરુ ગોવિંદસિંહ :** ધર્મજના એક અજ્ઞાત કવિએ મહાકાવ્યોની ધાટીએ લખેલું, છેલ્લા ગુરુ ગોવિંદસિંહનું હજાર પંક્તિનું મહિમાગાન; લેખક—ગોવિન્દ હ. પટેલ, પ્રકાશક—પદ્મજા પબ્લિકેશન્સ વડોદરા, ૪-૦-૦; **વૈશંપાયનની વાણી :** 'જન્મભૂમિ'માં આવતાં અત્યંત લોકપ્રિય થએલાં કટાક્ષ કાવ્યોનો બીજો સમૂહ : ખંડ બીજો, લેખક—શ્રી કરસનદાસ માણેક, પ્રકાશક—શરદ પ્રકાશન મંદિર, ૫૪ સુતાર ચાલ, મુંબાઈ-૨, ૨-૮-૦; **અશ્રુમતી** અથવા તુલસીનું પાત્ર: અંગ્રેજ કવિ કીટસની નામચીન કૃતિ 'ઇસાબેલા ઑર ધ પૉટ ઑવ બ સિલ'નો મૂળ અંગ્રેજી સાથે સમશ્લોકી ગુજરાતી અનુવાદ: કર્તા અને પ્રકાશક—ડૉ. એમ. આ. સુરૈયા, ઘોડબંદર રોડ, જોગેશ્વરી, મુંબાઈ, ૫-૦-૦; **અક્ષર ને શબ્દ:** ગુજરાતી ભાષા અને લિપિનાં સ્વાતંત્ર્ય અને ગૌરવ લક્ષમાં લાવનારા પચીસ લેખોનો સંગ્રહ—જેમાં વ્યાકરણ, લિપિ, જોડણી વગેરેનું, અભ્યાસીઓને ઉપયોગી તલસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખક—કેશવરામ કા. શાસ્ત્રી, પ્રકાશક—ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, ૪-૦-૦; ગુજરાત સાહિત્ય સભાની ૧૯૪૩-૪૪ની **કાર્યવહી:** સભાની વિખ્યાત વાર્ષિક વાઙ્મય સમીક્ષા અને વ્યાખ્યાનો આદિના સંગ્રહ સાથે, ૨-૦-૦; **લખ્યા લેખ:** 'જનમટીપ'ની નવલકથાથી ખ્યાત થએલા શ્રી ઈશ્વર પેટલીકરની સામાજિક નવલકથા—'પ્રજાબંધુ'ની ૧૯૪૫ની ભેટ; પ્રકાશક—લોકપ્રકાશન લિ. રેવડી બજાર અમદાવાદ, ૨-૮-૦; **રશિયામાં ૩૦ મહીના:** પશ્ચિમનો જે દેશ આજે આકર્ષણનું ધામ બની રહ્યો છે તેના પ્રજાજીવનનો રસળતો પરિચય, સાત સુંદર તસ્વીરો સાથે આપતું પુસ્તક: લેખક—દિ. ગો. તેંદુલકર, અનુવાદક—યશવંત શુક્લ, પ્રાપ્તિસ્થાન—ઉપર મુજબ, ૧-૮-૦.

આ માસ ઈતિહાસમાં

સપ્ટેમ્બર

તા. ૪ કોંગ્રેસે પહેલવહેલો અસહકારનો ઠરાવ કર્યો, ૧૯૨૦.

તા. ૫ ભારતના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞ સર સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મ, ૧૮૮૮.

તા. ૮ દક્ષિણ આફ્રિકાના નગર જોહાનિસબર્ગની સ્થાપના, ૧૮૮૬.

તા. ૧૧ મુંબાઇમાં પહેલવહેલું હિંદુ-મુસ્લિમ હુલ્લડ, ૧૮૯૩.

તા. ૧૫ પહેલા મહાયુદ્ધમાં ટૅંકનો સૌથી પ્રથમ ઉપયોગ થયો, ૧૯૧૬.


તા. ૧૫ ગોળમેજી પરિષદમાં ગાંધીજીનું યાદગાર ભાષણ, ૧૯૩૧.

તા. ૨૫ વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધી કાઢયો, ૧૫૧૩.

તા. ૩૦ જસ્ટિસ તેલંગનો જન્મ, ૧૮૫૦.

આ માસની વ્યક્તિવિશેષ

એચ. જી. વેલ્સ



વિજ્ઞાનનાં સ્વીકૃત તેમજ કલ્પિત વિધાનોની આરપાર કલ્પનાબહલાવતી રંગકથાઓ ગૂંથનાર ઇંગ્લંડના શાણા નાગરિક, અભ્યસ્ત વિવેચક, ને સમાજશાસ્ત્રી, વિશદ ઇતિહાસકાર, તથા પારદર્શી તત્ત્વજ્ઞ હર્બર્ટ જ્યૉર્જ વેલ્સનો જન્મ ઇંગ્લંડના કેન્ટ પરગણાના ક્રિકેટર જૉસેફ વેલ્સને ત્યાં બ્રૉમ્લી ગામે ૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મીએ થયો. નાનપણમાં કાપડિયાને ત્યાં નોકરી કરી તે ૧૮૮૮માં લંડન યુનિવર્સિટીમાંથી પ્રાણીવિજ્ઞાનના ગ્રૅજ્યુએટ થયા ને શિક્ષકતરીકેની કારકીર્દિ શરૂ કરી ૧૮૯૩માં પત્રકારત્વમાં જોડાયા. ૧૮૯૫માં પ્રકટ થએલી તેમની પહેલી જનવલકથા 'ધ ટાઇમ મશીન' થી એ ખ્યાત થઇ ગયા. જો કે એમની મેએકડ઼ઝન ઉપરાંત નવલોમાંથી શ્રેષ્ઠ તો એમણે ઇંગ્લંડના મધ્યમવર્ગનું દર્શન કરાવતી લખેલી નવલ 'કિપ્સ' ગણાય છે. ઉપરાંત જેનાથી એ જગનામી થયા તે 'આઉટલાઇન ઑવ હિસ્ટરી' ૧૯૧૯-૨૦માં બહાર પડ્યું; અને વૈજ્ઞાનિક પ્રગતિની ભાવિ શકયતાઓનું નિદર્શન કરાવતી 'થિંગ્ઝ ટુ કમ' નામની એમની ફિલ્મ ૧૯૩૬માં બહાર પડી એ પણ એવી જ વિશિષ્ટ કૃતિ. વિજ્ઞાનની જીવનવ્યાપી અસરોનું લોકગ્રાહ્ય દર્શન કરાવનાર સબળ લેખક તરીકે એણે પોતાની પેઢી પર ઊંડી છાપ મૂકી છે.

દોહા

> કેતા કામે રોળિયા કેતા ક્રોધે ભંગ;
> (ઇ) બે દુશ્મનને મારિયા એની નાવ અભંગ.

—તનસુખ ભટ્ટ

પરગામ રહેતા પોતાના મામાએ કંઈ ભારે ગુનો કર્યાની ફરિયાદ મહારાજ માધવરાવ બલ્લાળને કાને આવી, ને તપાસ કરતાં વાત સાચી નીવડવાથી તેમને બોલાવી ફટકાની સજા કરી. એ સાંભળી માધવરાવની માએ પોતાના કાકાના છોકરાને જાહેરમાં આવી સજા ન કરવા સમજાવતાં મહારાજે જવાબ દીધો: 'મા, ન્યાય સૌને માટે સરખો જ હોય છે; એ બાબતમાં હું કોઇની પણ સિફારશ માનતો નથી.' આમ કહી તેમણે એ સજા કાયમ રાખી.

કહેવતો કેમ પડી: 'કહું તો મા મારી જાય; ના કહું તો બાપ કુત્તા ખાય.' કોઈ નીચ સ્ત્રીએ પોતાના પતિને માટે કૂતરાનું માંસ રાંધેલું તે તેનો છોકરો છાનોમાનો જોઈ ગએલો; પણ તે જાહેર કરતાં, ઉપર મુજબ મા તથા બાપ બંને તરફની તેને વિમાસણ થઈ પડી. આવી રીતે બંને બાજુથી કફોડી સ્થિતિમાં ફસાઇ પડવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: સૂડી વચ્ચે સોપારી; એક પા કૂવો ને બીજી પા ધરો; ગળે ગાંઠ ને મોઢે ડૂચો; સાપે છછુંદર ગળી: મૂકે તો આંધળો થાય ને ગળે તો મરી જાય; વગેરે.

ગણિતગમ્મત: ૧૪૬૨૫૭૩ તથા ૪૬૧૨૫૭૩ એ રકમોમાં એવી ખૂબી છે કે તેમાં ૧ થી ૭ સુધીના બધા અંક છે, તે ૭ વડે વિભાજ્ય છે અને તેના અંકોનો સરવાળો પણ ૭ વડે વિભાજ્ય છે. (મ. ના. ખત્રી)

પુસ્તકો કે ચિત્ર-સંગ્રહોનાં ફાટેલાં પાનાં સાંધવા માટે પારદર્શક સ્ટૅમ્પ હીંજીસ સારું કામ આપશે. —પુ. પ્રા. સંઘવી



સીલોનના પાટનગર કાંડીમાં સરોવરતીરે આવેલું, ભગવાન બુદ્ધના દાંત વગેરે અવશેષો પર રચાએલું આ 'દાંતમંદિર' બૌદ્ધધર્મીઓનું જાણીતું તીર્થધામ મનાય છે.




ગયા અંકમાં જણાવેલા ક્ષત્રપો પછી જે ગુપ્ત વંશ હિંદમાં સત્તાધીશ થયા તેમનો રાજ્યકાળ એ હિંદુ સંસ્કૃતિનો શ્રેષ્ઠ સુવર્ણયુગ હતો. ઇ. ૩૦૦થી ૬૪૦ સુધીના, લગભગ સાડા ત્રણસો વર્ષના એ સમયમાં સાહિત્ય, કલા, વિજ્ઞાન અને સંસ્કારિતા તેની પરિસીમાએ પહોંચ્યાં. કાલિદાસ સમા કવિઓ, અજંતાના મંડપોની કલા, એવું જ સમૃદ્ધ શિલ્પ અને સાહિત્ય, તેમજ ગણિત, જ્યોતિષ આદિ વિદ્યાઓનો સર્વોચ્ચ પરિપાક એ યુગમાં થયો—જેવો તે પછી કદિ થયો નથી. એક અદના આદમીથી પ્રારંભ પામેલ એ વંશમાં થએલા ચન્દ્રગુપ્ત પહેલાએ વૈશાલીના પ્રભાવશાળી લિચ્છવીઓની રાજકન્યા કુમારદેવી જોડે લગ્ન કરી તેની હૂંફે ગુપ્તોના મહારાજ્યનો પાયો નાખ્યો. ગુપ્તકાળના જે વિવિધ પ્રકારના સંખ્યાબંધ સિક્કાઓ (મોટા ભાગના સોનાના) મળી આવે છે એમાં એક પ્રકાર એ રાજદંપતીની છાપવાળા સિક્કાનો છે (જુઓ મથાળાનું ચિત્ર) જેમાં એક બાજુ સામસામાં ઊભેલાં રાજારાણીનું અને બીજી બાજુ સિંહ પર બેઠેલી દેવીનું ચિત્ર છે.

અનેકાર્થી શબ્દ: **કન્યા**=કુમારી છોકરી; પુત્રી કે દીકરી; એક રાશિનું નામ; મોટી ઈલાયચી; પતંગને ઉડાડવા સારૂ સમતોલ કરવા બાંધવામાં આવતી દોરી કન્ના; દુર્ગા અથવા પાર્વતી.

અમેરિકાના આરીઝોના પ્રાંત અને મેક્સિકો દેશની બરોબર સરહદ ઉપર આવેલું નોગેલ્સ (Nogales) નામનું ગામ એક દેહે પણ બે અવતારે જીવે છે. એ શહેરના રાજમાર્ગની બરોબર વચ્ચે થઇને એ બે દેશની સરહદ પસાર થતી હોવાથી એ રાજમાર્ગની વચ્ચોવચ્ચ સળંગ કાંટાળી વાડ વહી જાય છે. તેની એક બાજુનું નોગેલ્સ આરીઝોનાનું ને બીજી બાજુનું નોગેલ્સ મેક્સિકોનું ગણાય છે! એ શહેરમાં આંતરરાષ્ટ્રીય ભાવના એટલી હદ સુધીની છે કે બધા શહેરીઓ અમેરિકન ને મેક્સિકન બંને તહેવારો પાળે છે!

ારતીય ચિત્રપ્રણાલીની ાનકલ્પિત રીતે, અનેખાં ભાવચિત્રો ઉપજાવનાર કલાકાર શ્રી ાવક્ષ ચાવડાનો પરિચય. ૨૫૧મા અંકમાં ીન મુખચિત્ર સાથે પાએલી ટૂંકી જીવનાથી, તથા ૨૫૮મા ંકમાં આવેલા 'કુવારની સૃષ્ટિ' નામે ચિત્રી 'કુમાર'ના વાચકોને યાં જ છે. અહીં રજૂતા એક ચિત્રમાં એમણે ોકજીવનનાં પાત્રોને તેમની સ્વાભાવિક લક્ષણામાં સબળ અને વેગીલી ીછી વડે કતાર્યાં છે; ને બીજામાં એક સાદા દૃશ્યને ઉન્નત ભાવથી વ્યંજિત કર્યું છે. પૂઠા પરનું ચિત્ર એમના એ જ નવતર પ્રકારના ડિઝાઈન-આલેખનનો નમૂનો છે.





(ઉપર) ટેકરી ચડતાં
(બાજુએ) અનાલાપી ગાન
કલાકાર • શ્યાવક્ષ ચાવડા

ટપાલની ટિકિટો પર હાથઉદ્યોગો

મથાળે રૂઆન્ડા-ઉરૂન્ડીની બે ટિકિટો ઉપર વાંસની ટોપલીઓ ગૂંથવાનું કામ તથા કુંભારકામ કરતા ત્યાંના દેશી વતનીઓ; નીચે ડાબી બાજુ: ટર્કસ ટાપુ (વેસ્ટ ઈંડીઝ)ની ટિકિટ પર મીઠાના અગર; જમણી બાજુ: બેલ્જિયન કૉંગોની ટિકિટ ઉપર કાપડ વણાટ.
(શ્રી હરિલાલ ઍંકરનો સંગ્રહ)

